वर्ष : 4 ◆ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ 2014
સળંગ અંક : 22

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

**રાણકી વાવ ને દામોદર કૂવો,**
**જેણે ન જોયાં એ જીવતો મૂવો.**

* * *

રાણીની વાવમાં શિલ્પીઓની મૌલિક દૃષ્ટિ અને કલ્પનાવૈભવ તો એમણે કંડારેલાં અન્ય શિલ્પોમાં જોઈ શકાય છે. તત્કાલીન ગૃહજીવન, પરંપરિત કથાઓ, માનવ અને પ્રાણીઓની વૃત્તિજન્ય ચેષ્ટાઓ વગેરેમાં શિલ્પીઓનો કલ્પનાવૈભવ જોવા મળે છે. વળી આ શિલ્પીઓની મનોહર કલા તો અપ્સરાઓ, નાગકન્યાઓ, યોગિનીઓ વગેરેના અંગમરોડ, અંગભંગ, ભાવભંગીઓના સુરેખ આલેખનમાં જોઈ શકાય છે... આમ આખી વાવના માળખાનો ખૂણેખૂણો શિલ્પથી ખચિત છે અને તેથી વાવનું દર્શન કરતાં જોનારનું મન અહોભાવથી અભિભૂત થયા વિના ન રહે.

**મોહનલાલ પટેલ**


* * *


રાણીની વાવની પાષાણસુંદરી ઉત્તરની દીવાલે દક્ષિણાભિમુખ કરીને ઊભી છે. નવસો વર્ષ પહેલાંના શિલ્પીએ એને કેવી રીતે ઘડી હશે ? પરંતુ એ માત્ર નગ્ન સુંદરીનું નિર્માણ કરીને અટકી ગયો નથી. કદાચ એ આ લોકની કોઈ રક્તમાંસની નારીનું પ્રતિરૂપ હોય તોપણ શિલ્પીએ એને એક લોકોત્તરતા આપી દીધી છે, એના રમ્ય દેહ પર સર્પના આલેખન અને મસ્તકે ત્રણ ઘુવડોના આલેખનથી... પણ રાણીની વાવમાં આ એક જ મૂર્તિ નથી. એક પછી એક ખંડ ઊતરતા જાઓ. છેક છેલ્લે પહોંચો, જ્યાં પાણી ભરેલાં છે. એ પાણીની ઉપર એક પછી એક થર જોતા જાઓ. બરાબર સામે શેષશાયી વિષ્ણુ છે. એનાથી ઉપરના માળે પણ શેષશાયી, એથી ઉપર પણ શેષશાયી. વાવમાં ક્યારેક પાણી ઉપર આવતાં એક-બે માળ તો નીચે જળમાં ડૂબેલા રહેતા હશે ત્યારે પાતાળલોકની સદૃશ્ય બની જતા હશે. સૂતેલા વિષ્ણુના લંબાયેલા પગની રેખાનો વળાંક કલાકારની સિદ્ધિ છે.

**ભોળાભાઈ પટેલ**



# રાણીની વાવની શિલ્પસમૃદ્ધિ





માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૪, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૪; સળંગ અંક : ૨૨

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : યુનેસ્કો વિશ્વ વિરાસત — મણિભાઈ પ્રજાપતિ ૧
- શ્રદ્ધાંજલિ : ગણપત વિદ્યાનગરના સિંહપુરુષની ચિરવિદાય... ૪

૧. રાણીની વાવ — મોહનલાલ પટેલ ૮

૨. પાષાણસુંદરી — ભોળાભાઈ પટેલ ૧૭

૩. ચાંપાનેર : ગઈ કાલ અને આજ — થોમસ પરમાર ૨૦

૪. સંવેદનાના સૂર – અડગ હિમાની — ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ ૨૭

૫. અવિભાજ્ય પૂર્ણાંકો (Prime Numbers) — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૦

૬. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૬
 – Sixty Years of the University Grants Commission...
 – મનુભાઈ પંચોળી સાથે વિચારયાત્રા

૭. સંસ્થા પરિચય ૪૧
 – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
 – શાળા વિભાગ


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી.
એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫,
ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### યુનેસ્કો વિશ્વ વિરાસત

યુનેસ્કો દ્વારા ઇતિહાસ, કળા, વિજ્ઞાન, સૌંદર્ય, નૃવંશશાસ્ત્રીય અને માનવશાસ્ત્રીય દૃષ્ટિએ ઉત્કૃષ્ટ વૈશ્વિક મૂલ્ય ધરાવતાં સાંસ્કૃતિક સ્મારકો જેમ કે શિલ્પ–સ્થાપત્યકળા, ચિત્રકળા પુરાતત્ત્વીય માળખું, અભિલેખો, ગુફાઓ, ભવનોનું સંકુલ વગેરે તથા માનવસર્જિત અથવા માનવ અને કુદરત દ્વારા સંયુક્ત રીતે સર્જિત પ્રાકૃતિક વારસા અંતર્ગત સૌંદર્ય અને વિજ્ઞાનની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ એવી ભૌતિક વિજ્ઞાન અને જૈવવિજ્ઞાનની રચનાઓ તથા ભૂસ્તરશાસ્ત્રીય અને ભૂ–આકૃતિક રચનાઓ કે જે સવિશેષતઃ વન્ય – પ્રાણીસૃષ્ટિના નિવાસસ્થાન માટેનો તથા જંગલો માટેનો નિર્ધારિત વિસ્તાર કે જે વિજ્ઞાન અને સંરક્ષણની દૃષ્ટિએ વૈશ્વિક મૂલ્ય ધરાવતો હોય તેને 'World Heritage Site' તરીકે જાહેર કરવામાં આવે છે અને તેના રક્ષણ અને સંરક્ષણ માટે વિશેષ કાળજી લેવામાં આવે છે. 'વિશ્વ વિરાસત'માં સ્થાન મળવાથી તેના સંરક્ષણ માટે વૈશ્વિક સહકાર મેળવવામાં ઉપકારક બનવા ઉપરાંત યુનેસ્કોની વર્લ્ડ હેરિટેઝ કમિટી તરફથી તેના સંરક્ષણ માટે વ્યવસાયિક પ્રશિક્ષણ અને ટેક્નિકલ સહાય મળે છે, તેમજ આ સ્થળના અસ્તિત્વ માટે કોઈ તાત્કાલિક ખતરો ઊભો થાય તો તેના સંરક્ષણ માટે આર્થિક સહાય પણ મળે છે. આ ઉપરાંત સ્થાનિક પ્રજામાં પણ ગૌરવની લાગણી પેદા થવાથી તેની સાચવણીને પોતાનું કર્તવ્ય માને છે. અને આ સંબંધી સૌથી નોંધપાત્ર બાબત એ કે યુનેસ્કો કરાર અનુસાર સભ્ય રાષ્ટ્રો પૈકી કોઈ રાષ્ટ્ર

અન્ય રાષ્ટ્ર ઉપર આક્રમણ કરે ત્યારે તે World Heritage Site ને હુમલાનું કેન્દ્ર બનાવી શકશે નહીં, તેમજ તેને નુકસાન થાય તેવું કૃત્ય કરી શકશે નહીં.

આ યોજના અંતર્ગત યુનેસ્કોની World Heritage Committee એ તેની દોહા (કતાર) બેઠકમાં તા. ૨૫, જૂન, ૨૦૧૪ના રોજ શિલ્પ સ્થાપત્યકળાનો અદ્ભુત અને બેનમૂન વારસો ધરાવતી ૧૧મી સદીની 'રાણીની વાવ' (પાટણ, ઉત્તર ગુજરાત)ને 'World Heritage Sites'માં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો. આ સમાચાર માત્ર પાટણ કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે એક ગૌરવપ્રદ ઘટના છે. હવે, 'રાણીની વાવ' વિશ્વની વિરાસત બની ગઈ છે. ભૌતિક રીતે જે તે પ્રદેશ – રાષ્ટ્રની સંપત્તિ હોવા છતાં વિશ્વની – માનવસમાજની સંપત્તિ બની ગઈ હોવાથી તેના સંરક્ષણની સૌની નૈતિક ફરજ બની રહેશે. વિશ્વનાં પ્રવાસન કેન્દ્રો પૈકીનું એક મહત્ત્વનું સ્થાન બની ગયેલ હોવાથી અહીં દેશ-પરદેશના પ્રવાસીઓની વણઝાર ચાલુ રહેશે. આ માટે સ્થાનિક પ્રજા અને સત્તામંડળે અનેકવિધ રીતે સજ્જતા કેળવવી પડશે.

યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૪ સુધીમાં વિશ્વના દેશો પૈકી ૧૬૧ દેશોનાં ૧૦૦૭ સ્થળોને World Heritage Sites તરીકે જાહેર કરવામાં આવ્યાં છે. આ પૈકી ૭૭૯ સાંસ્કૃતિક, ૧૯૭ પ્રાકૃતિક અને ૩૧ મિશ્ર અર્થાત્ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક એમ ઉભય દૃષ્ટિએ મૂલ્ય ધરાવતાં સ્થળો છે. આ બધાં સ્થળો પૈકી સૌથી વધુ સ્થળો ઇટાલીમાં છે, જેની સંખ્યા ૫૦ છે, ત્યારબાદ ચીન–૪૭, સ્પેન–૪૦, જર્મની–૩૯, ફ્રાન્સ–૩૯, ભારત–૩૨, મેક્સિકો–૩૨, યુ. કે.–૨૮, રશિયા–૨૬ અને અમેરિકામાં–૨૨ સ્થળો છે. બાકીના દેશોમાં આ પ્રકારનાં ૨૦થી ઓછાં સ્થાનો છે.

વિશ્વના અણમોલ અને અનન્ય સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસાના રક્ષણ અને સંરક્ષણ માટે યુનેસ્કોની સામાન્ય સભાએ ૧૬ નવેમ્બર, ૧૯૭૨ના રોજ અનુમોદન આપ્યું. આ ઉપરાંત Opreational Guidelines for the Implementation of the World Heritage Convention (યુનેસ્કોની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે) તૈયાર કરવામાં આવી હતી, જે વખતોવખત પુનઃ સંશોધિત પણ કરવામાં આવે છે. વિશ્વ વારસા સંબંધી કામગીરી માટે યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેઝ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીનું સંચાલન યુનેસ્કોના સભ્ય દેશોના ચૂંટાયેલા ૨૧ દેશોના પ્રતિનિધિઓ કરે છે. સદર માર્ગદર્શિકા (Guidelines)ના પ્રકરણ II.Dમાં સાંસ્કૃતિક સ્મારક કે પ્રાકૃતિક સંપદાને વિશ્વ વારસા તરીકે પ્રમાણિત કરવા માટે નીચે દર્શાવ્યા મુજબના ૧૦ માપદંડો નિયત કરવામાં આવ્યા છે. આ પૈકી ઓછામાં ઓછો એક માપદંડ પણ યથાર્થ રીતે લાગુ પડે તે સ્મારક કે પ્રાકૃતિક સ્થાનને વિશ્વ વિરાસત સ્થળ – World Heritage Site - તરીકે જાહર કરવામાં આવે છે.

૧. માનવસર્જિત પ્રતિભાને રજૂ કરતો ઉત્કૃષ્ટ નમૂનો.

૨. શિલ્પ – સ્થાપત્યકળા અથવા તકનિકી, સ્મારકીયકલા, નગર આયોજન અથવા પ્રાકૃતિક દૃશ્યની ડિઝાઈનના વિકાસ સંબંધી વિશ્વના સાંસ્કૃતિક ક્ષેત્રો અંતર્ગત કોઈ એક કાળખંડ દરમિયાન માનવમૂલ્યોના મહત્ત્વપૂર્ણ આદાન–પ્રદાનને રજૂ કરવું.

૩. સાંસ્કૃતિક પરંપરા અથવા જીવિત કે અદૃશ્ય સંસ્કૃતિનો વિશિષ્ટ અથવા અપવાદસ્વરૂપ પુરાવો.

૪. લાક્ષણિક નમૂના સ્વરૂપ ભવન, શિલ્પ-સ્થાપત્ય અથવા સમગ્ર રીતે તકનિકી અથવા પ્રાકૃતિક દૃશ્યના માનવ ઇતિહાસના મહત્ત્વપૂર્ણ સ્તરોનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

૫. પરંપરાગત માનવ વસાહત, જમીન અથવા સમુદ્રના ઉપયોગ કે જે સંસ્કૃતિ અથવા પર્યાવરણ સાથે માનવ પારસ્પરિક ક્રિયા અને ખાસ કરીને તે પરિવર્તિત ન કરી શકાય તેવા પ્રભાવ હેઠળ ભેદ્ય થયું હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ.

૬. ઉત્કૃષ્ટ વૈશ્વિક મહત્ત્વની કલાત્મક અને સાહિત્યિક કૃતિઓ સાથે સીધી જ રીતે અથવા સ્પષ્ટ રીતે સમજી શકાય તેવી ઘટનાઓ સાથે અથવા જીવિત પરંપરાઓ, વિચારો સાથે અથવા માન્યતાઓ સાથે સંકળાયેલ હોય તેવાં સ્મારકો. (કમિટી આ માપદંડને અન્ય માપદંડોના પરિપ્રેક્ષ્યમાં ધ્યાને લેશે.)

૭. શ્રેષ્ઠ પ્રાકૃતિક દૃશ્ય અથવા પ્રાકૃતિક સૌંદર્યનું અપવાદસ્વરૂપ ક્ષેત્ર અને તેનું સૌંદર્યલક્ષી મહત્ત્વ.

૮. પૃથ્વીના ઇતિહાસના મુખ્ય તબક્કાઓ – જીવના અસ્તિત્વના પુરાવા સહિત, ભૂ-સ્વરૂપોના વિકાસમાં

મહત્ત્વપૂર્ણ રોજ-બરોજની ભૂસ્તરશાસ્ત્રીય પ્રક્રિયાઓ અથવા મહત્ત્વપૂર્ણ ભૂ-આકૃતિક અથવા પ્રાકૃતિક ભૂગોળ સંબંધી લાક્ષણિકતાઓ રજૂ કરતાં ઉત્કૃષ્ટ ઉદાહરણો.

૯. પૃથ્વીની ઉત્ક્રાંતિ તથા વિકાસ, તાજું પાણી, દરિયાઈ ઇકોલોજી (પરિસ્થિતિશાસ્ત્ર) પદ્ધતિ અને વનસ્પતિ તથા પ્રાણી સૃષ્ટિની જાતિઓ / જૂથોનાં રોજબરોજનાં ઇકોલોજી અને જૈવિક પ્રક્રિયાઓનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો.

૧૦. જૈવિક વિવિધતાના સંરક્ષણ માટે – જેમનું અસ્તિત્વ ખતરામાં છે તેવી પ્રાણીસૃષ્ટિ સહિત–નાં સૌથી વધુ મહત્ત્વપૂર્ણ અને ઉલ્લેખનીય પ્રાકૃતિક નિવાસસ્થાનો કે જેનું વિજ્ઞાન અથવા સંરક્ષણની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ વૈશ્વિક મૂલ્ય હોય.

યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૪ સુધીમાં ભારતનાં નીચે દર્શાવેલાં સાંસ્કૃતિક સ્મારકો અને પ્રાકૃતિક સ્થળોને World Heritage Site તરીકે જાહેર કર્યાં છે :

૧. અંજતા (મહારાષ્ટ્ર ઈસ. પૂર્વે ૨જી સદીથી ૬ઠ્ઠી સદી)
૨. આગ્રા ફોર્ટ (આગ્રા, ઉ. પ્ર. ૧૬મી સદી)
૩. ઈલોરા (મહારાષ્ટ્ર, ૭મીથી ૧૦મી સદી)
૪. કઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન (આસામ, ૨૦મી સદી)
૫. કુતુબમિનાર અને તેનાં સ્મારકો (દિલ્હી, ૧૨મી સદી)
૬. કેઓલાડેઓ રાષ્ટ્રીય ઉદ્યાન (ભરતપુર, રાજસ્થાન, ઈ. સ. ૧૯૮૧)
૭. ખજૂરાહો (મધ્યપ્રદેશ, ૧૦-૧૧મી સદી)
૮. ગોવાનાં ચર્ચો (જૂનું ગોવા, ૧૬મીથી ૧૮મી સદી)
૯. ચાંપાનેર – પાવાગઢ પુરાતત્વીય સંકુલ (જિ. પંચમહાલ, ગુજરાત)
૧૦. ચોલ મંદિરો : બૃહદેશ્વરર મંદિર (તાંજોર અને ગંગીકોન્ડા) અને ઐરાવતેશ્વર મંદિર (દારાસુરમ) (તામિલનાડુ, ૧૧મી – ૧૨મી સદી)
૧૧. જંતરમંતર (જયપુર, રાજસ્થાન, ઈ. સ. ૧૭૨૭)
૧૨. તાજ મહાલ (આગ્રા, ઉ. પ્ર., ૧૭મી સદી)
૧૩. નંદાદેવી અને ફૂલોની ખીણ (જિ. ચમોલી, ઉત્તરાખંડ)
૧૪. પટ્ટડકલનાં સ્મારકો (કર્ણાટક, ૮મી સદી)
૧૫. પર્વતમાંથી પસાર થતી રેલવે (નીલગીરી, દાર્જીલિંગ અને કાલ્કા–શિમલા રેલવે)
૧૬. પશ્ચિમ ઘાટ (નીલગીરી, કેરાલા, સહ્યાદ્રી અને કર્ણાટક)
૧૭. ફતેહપુરસિક્રિ (ઉ.પ્ર., ૧૬મી સદી)
૧૮. ભીમબેટકાનાં ખડક આશ્રય સ્થાનો (મધ્યપ્રદેશ, ઈસ. પૂર્વે ૨જી સદી)
૧૯. મહાબલિપુરમનાં સ્મારકો (તામિલનાડુ, ૭મી-૮મી સદી)
૨૦. મહાબોધિ મંદિરસંકુલ (બોધગયા, બિહાર, ઈસ. પૂર્વે ૩જી સદીથી ઈસ. ૬ સદી)
૨૧. માનસ વન્ય પ્રાણીસૃષ્ટિ અભયારણ્ય (આસામ, ૨૦મી સદી)
૨૨. રાજસ્થાનના મહેલો (ચિત્તોડગઢ, કુંભલગઢ, રણથંભોર, આંબેર અને જેસલમેર)
૨૩. રાણીની વાવ (પાટણ, ગુજરાત ૧૧મી સદી)
૨૪. લાલ કિલ્લો (દિલ્હી, ઈસ. ૧૬૪૮)
૨૫. વિક્ટોરિયા રેલવે સ્ટેશન (મુંબઈ, ઈસ. ૧૮૮૭-૮૮)
૨૬. સાંચીનાં બૌદ્ધસ્મારકો (મધ્યપ્રદેશ, ઈસ. પૂર્વે ૨જી સદીથી ૧૨મી સદી)
૨૭. સુંદરવન (પશ્ચિમ બંગાળ)
૨૮. સૂર્યમંદિર (કોણાર્ક, જિ. પુરી, ઓરિસ્સા, ૧૩મી સદી)
૨૯. હમ્પીનાં સ્મારકો (જિ. બેલારી, કર્ણાટક, ૧૪મી થી ૧૬મી સદી)
૩૦. હાથીગુફા (મહારાષ્ટ્ર, ૫મીથી ૮મી સદી)
૩૧. હિમાલય રાષ્ટ્રીય ઉદ્યાન (હિમાચલ પ્રદેશ)
૩૨. હુમાયુનો મકબરો (દિલ્હી, ઈ. સ. ૧૫૭૦)

આગળ ઉપર ઉલ્લેખ કર્યા અનુસાર 'રાણીની વાવ'ને તાજેતરમાં જ વિશ્વ વિરાસત તરીકે જાહેર કરવાના આનંદોત્સવમાં ગુજરાતમાં આવેલાં ફક્ત બે વિશ્વ વિરાસત સ્થળો પૈકી 'રાણીની વાવ' વિશે શ્રી મોહનલાલ પટેલ તેમજ પદ્મશ્રી ભોળાભાઈ પટેલ કૃત લલિત નિબંધ 'પાષાણ સુંદરી' અને 'ચાંપાનેર : ગઈ કાલ અને આજ' વિશે ડૉ. થોમસ પરમારનો લેખ વૃત્તપત્રના વાચકો માટે આ અંકમાં ખાસ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## ગણપત વિદ્યાનગરના સિંહપુરુષની ચિરવિદાય...

પરમ શ્રદ્ધેય વિદ્યાપુરુષ પ્રો. પી. આઈ. પટેલ સાહેબના તા.૩૦ જુલાઈ, ૨૦૧૪ના રોજ થયેલા અવસાનના સમાચાર જાણી ઊંડા આઘાતની લાગણી અનુભવી. પ્રો. પટેલ સાહેબે મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ અર્બન બૅંક સાયન્સ કૉલેજના સ્થાપના કાળ (૧૯૬૪)થી પ્રારંભમાં સંસ્કૃતના વિદ્વાન પ્રોફેસર તરીકે અને ત્યારબાદ કર્મઠ પ્રિન્સિપાલ તરીકે આપેલ સેવાઓ સદૈવ અવિસ્મરણીય બની રહેશે. આ ઉપરાંત ગણપત વિદ્યાનગરની સ્થાપના અને તેના વિકાસમાં માનનીય શ્રી અનિલભાઈ પટેલની સાથે રહીને ભારે નિષ્ઠા અને ખંતપૂર્વક કામગીરી કરી છે તે અને તેના પ્રથમ કુલપતિ તરીકે આપેલ યશસ્વી સેવાઓ સમર્પણ ભાવનાની એક મિસાલ સમાન છે. ગણપત વિદ્યાનગર અને આપણા સૌના માટે તેમની ખોટ હરહંમેશ વણપુરાયેલી રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે તથા પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના.

**વલ્લભભાઈ એમ. પટેલ**
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

ગુરુવર્ય પ્રો. પી. આઈ. પટેલ સાહેબનાં સૌ પ્રથમ દર્શન મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ મહેસાણામાં પ્રિ. યુનિવર્સિટી આર્ટ્સમાં વર્ષ ૧૯૬૬ના જૂનમાં પ્રવેશ મેળવ્યો ત્યારે થયાં હતાં અને ત્યાર બાદ સંસ્કૃતનો વિદ્યાર્થી હોવાના કારણે એમ. એ. સુધીના અભ્યાસ સુધી સતત તેમના સીધા સંપર્કમાં રહેવાનું થવા ઉપરાંત મારી વ્યવસાયિક કારકિર્દી કૉલેજ અને યુનિવર્સિટીમાં રહી હોવાથી પ્રસંગોપાત્ત મળવાનું થતું રહેતાં



તેમના અંતરંગ વ્યક્તિત્વથી સવિશિષ પરિચિત થવાયું. આમ, પ્રાયઃ અડધી સદી સુધી સતત તેમનું સાંનિધ્ય મેળવ્યું છે. તેઓશ્રી ખરા અર્થમાં વિદ્યાવ્યાસંગી, નિઃસ્પૃહી અને કર્મયોગી અધ્યાપક તરીકેની ખ્યાતિ ધરાવતા હતા.

અમારી પાટણવાળી ગાડી સવારે ૭.૦૦ કલાક પહેલાં મહેસાણા પહોંચી જાય, પરિણામે કૉલેજના સમય પહેલાં અમે પહોંચી જઈએ. અમારા આશ્ચર્ય વચ્ચે અમે શ્રી પી. આઈ. પટેલ સાહેબને ત્યાં

અચૂક હાજર જોતા અને આ જ રીતે બપોરે ૧૨.૦૦ કલાક પછી પણ સાહેબ કૉલેજમાં જોવા મળે, અને આ નિત્યક્રમ તેમની જીવનશૈલીનો અંતરંગ હિસ્સો બની ગયો હતો. આ હકીકતની સાહેદી તેમના સાથી અધ્યાપક રહી ચૂકેલા તેમ જ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંસ્કૃતના વિદ્વાન તરીકે પુરસ્કૃત ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ સાહેબ આજે પણ ગર્વભેર પૂરે છે. તેમની અધ્યયન-અધ્યાપન નિષ્ઠા પણ અનન્ય. તેઓશ્રી અમને સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ઉપરાંત ભગવદ્ગીતા, અભિજ્ઞાન શાકુન્તલમ્, દશરૂપક, ભાસનાં નાટકો વગેરે કૃતિઓનું અધ્યાપન પૂર્ણ સજ્જતા સાથે કરાવતા. તેમની અધ્યાપનકળા પણ રસશીલ. અમે આશ્ચર્ય તો એ અનુભવતા કે આ બધી કૃતિઓ તેમને પ્રાયઃ કંઠસ્થ ! અધ્યાપન સમયે ક્વચિત્ જ પુસ્તકનો સહારો લેતા જોયા છે. વર્ગખંડમાં ટુ ધ પોઇન્ટ વાત કરે. વિષયાન્તરનો પ્રશ્ન જ નહીં. આમ, સાહેબશ્રી ખરા અર્થમાં મહાકવિ કાલિદાસ (માલ. ૧/૧૧) ને અભિપ્રેત એવા જ્ઞાનસંપન્ન અને અધ્યાપનકળામાં નિપુણ અધ્યાપક હતા :

**शिष्टा क्रिया कस्यचिदात्मसंस्था**
**संक्रान्तिरन्यस्य विशेषयुक्त ।**
**यस्योभयं साधु स शिक्षकाणां धुरि प्रतिष्ठापयितव्य एव ॥**

અર્થાત્ ''કોઈ અધ્યાપકનું જ્ઞાન શિષ્ટ (ઉત્તમ કક્ષાનું) હોય છે, તો કોઈ બીજાને શીખવવામાં હોશિયાર હોય છે. જેનામાં પોતાનામાં જ્ઞાન હોય અને જે તેની સંક્રાન્તિ બીજામાં સારી રીતે કરી શકે તેને અધ્યાપકોની અંદર સહુથી આગળ સ્થાપવો જોઈએ.'' વિદ્વાન અધ્યાપક છતાં તેમનો કોઈ શિષ્ય–પરિવાર નહીં, કે ન કોઈ પ્રતિ મમત્વ ! કોઈ વિદ્યાર્થી શૈક્ષણિક કે અંગત પ્રશ્ન સંદર્ભે તેમને મળે તો તેને હૂંફપૂર્વક મદદ કરે અને તેની સમસ્યાનું નિરાકરણ પણ લાવે. પરંતુ, તેના પ્રતિ કોઈ આસક્તિ ન રાખે. ગીતાનું અધ્યાપન કરાવવાની સાથે તેના કર્મયોગને વિશુદ્ધભાવે તેમણે પચાવ્યો હતો. તત્કાલીન સમયે કૉલેજના આચાર્યશ્રી હરિહર શુક્લ સાહેબ, પ્રો. ધર્માંશુ વસાવડા, ડૉ. બહેચરભાઈ પટેલ, ડૉ. જગદીશ દવે, ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ, પ્રો. રાજન કડિયા, પ્રો. તુલસીભાઈ પટેલ, પ્રો. ધનંજય દેસાઈ, પ્રો. નવીનભાઈ શાહ, પ્રો. માધુભાઈ પટેલ, પરવર્તી આચાર્ય શ્રી દયાશંકર જોશી સાહેબ વગેરે પોતપોતાના વિષયોના પ્રતિભાશાળી અધ્યાપકો હતા, પરંતુ કૉલેજમાં શિસ્ત જાળવવાની જવાબદારી શ્રી પટેલ સાહેબના શિરે રહે ! આ જવાબદારી તેમણે ગૌરવપૂર્ણ રીતે સાદ્યંત વહન કરી હતી. શિસ્તના ભોગે કોઈ બાંધછોડ ન કરે !

સઘન અધ્યયન-અધ્યાપનના અર્કરૂપ તેમના દ્વારા રચવામાં આવેલ 'સંસ્કૃત વ્યાકરણ પ્રબોધ' તેમની પરિણત પ્રજ્ઞા અને સંસ્કૃત વ્યાકરણ ઉપરના તેમના અબાધિત આધિપત્યનો દ્યોતક ગ્રંથ છે. બે ખંડોમાં વિભક્ત અને ૭૦૦થી અધિક પૃષ્ઠો ધરાવતો આ ગ્રંથ મૂલતઃ બી. એ. ના સંસ્કૃતના વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. આમ છતાં કોઈ પણ વિદ્યાર્થી, જિજ્ઞાસુ સંસ્કૃત ભાષા લખવા-વાંચવા – સંભાષણ કલા હસ્તગત કરવાની ઇચ્છા ધરાવીને આ ગ્રંથનું અધ્યયન કરે તો અચૂક પ્રવીણતા મેળવી શકે તેટલો બળૂકો છે. ગુજરાતી ભાષામાં સંસ્કૃત વ્યાકરણની સમજ પૂરી પાડતા આ સ્તરના આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ ગ્રંથો પ્રાપ્ય છે ત્યારે આ ગ્રંથનું મૂલ્ય બરકરાર બની રહે છે. આ ઉપરાંત સંસ્કૃતની પ્રશિષ્ટ કૃતિઓ **'અમરુકશતકમ'** અને **'શિવમહિમ્નસ્તોત્રમ'**નું સ્વતંત્ર રીતે અને અન્ય ૯ કૃતિઓ – **સ્વપ્નવાસવદત્તમ્, પ્રતિમાનાટકમ્, દશકુમારચરિતમ્, માલવિકાગ્નિમિત્રમ્, શ્રીમદ્ભાગવત, કુમારસંભવમ્** વગેરે ૯ કૃતિઓનું વિસ્તૃત વિવેચનાત્મક નોંધ, અનુવાદ સાથેનું સંપાદનકાર્ય અન્ય અધ્યાપકોના સહયોગમાં કર્યું છે.

પ્રાપ્ત વ્યવસાયિક ફરજો ઉપરાંત તેમણે સામાજિક ઉત્તરદાયિત્વને પરિપૂર્ણ કરવાના હેતુસર મહેસાણામાં ગાયત્રી શક્તિપીઠની સ્થાપનામાં અને ગાયત્રી યજ્ઞ-યાગની પ્રવૃત્તિઓના માધ્યમથી મહેસાણા અને આસપાસના વિસ્તારોમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં, પ્રજા કેળવણી, અંધશ્રદ્ધા નિવારણ, વ્યસન નાબૂદી વગેરે ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યું છે. ગાયત્રી યજ્ઞની પ્રવૃત્તિ ઉપરાંત ગીતાના મર્મજ્ઞ અભ્યાસુ હોવાથી વિવિધ જ્ઞાતિ-સમૂહો દ્વારા પ્રજા જાગૃતિ કેળવવા અર્થે પ્રસંગોપાત્ત તેમને નિમંત્રિત કરવામાં આવતા હતા અને તેઓશ્રી અચૂક હાજર રહી પોતાના જ્ઞાનનો લાભ આપતા. પોતે એક વિદગ્ધ વક્તા હોવાથી જનસમાજ

ઉપર – શ્રોતાગણ ઉપર ભારે મોટો પ્રભાવ પાડી શકતા હતા. તેમને સાંભળવા એ એક લ્હાવો બની રહેતો ! આમ, તેમણે સમાજનિર્માણ – માનવ ઘડતરમાં અહમ્ ભૂમિકા નિભાવી હતી.

તેમના સાદગીપૂર્ણ જીવન તથા આચાર-વિચારમાં એકરૂપતા દર્શાવતું એક ઉદાહરણ એ કે આજથી સાતેક વર્ષ પૂર્વે અમે (ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ સહિત) શ્રી પટેલ સાહેબ સમક્ષ તેમના અભિવાદન સમારોહનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ અન્વયે અમે ગુજરાતીમાં પુરાણ સાહિત્ય વિષયક વિદ્વત્તાપૂર્ણ વિવેચનાત્મક – સંશોધનાત્મક સાહિત્યનો અભાવ જોતાં તદ્‌વિષયક બે દળદાર ગ્રંથો તૈયાર કરીને તેમને અર્પણ કરવાનું વિચાર્યું હતું. – તેનું પ્રારુપ પણ તૈયાર કર્યું હતું. સાહેબે આ પ્રસ્તાવથી પ્રસન્નતા વ્યક્ત કરીને પ્રથમ તબક્કે સંમતિ પણ આપી હતી. આ સંદર્ભે ફરી મળીને આખરી ઓપ આપવાનું નક્કી કર્યું હતું. થોડાક દિવસો બાદ મળવા સંદર્ભે ફોન કરતાં સાહેબે મને જણાવ્યું હતું કે, ‘‘તમે સૌ ઉત્તમ રીતે આ કાર્ય સંપન્ન કરી શકો તેમ છો તેની મને ખાતરી છે. આમ છતાં મારું જાહેર અભિવાદન થાય તેમ હું ઇચ્છતો નથી. આ વિચાર આપણે બંધ રાખીએ.’’ આ ઉદાહરણ તેમની આગવી મૂલ્યનિષ્ઠા અને સરળ પ્રકૃતિનું દ્યોતક છે. તેમના અનોખા વ્યક્તિત્વનું તથા છલોછલ શિક્ષકત્વને ઉજાગર કરતું એક અન્ય ઉદાહરણ એ કે તત્કાલીન સમયે કૉલેજના ઘણા ખરા અધ્યાપકો એક યા બીજા વ્યવસાય સાથે જોડાયેલા રહેતા, તેમાં પટેલ સાહેબ, દેસાઈ સાહેબ જેવા ગણતરીના અધ્યાપકો અધ્યાપકીય નિષ્ઠા સાથે પ્રાપ્ત ફરજના સાંગોપાંગ નિર્વહણમાં જ વ્યસ્ત રહેતા જોવા મળ્યા છે.

સાહેબનો જન્મ તેમના વતન કાંસા (તા. વિસનગર, જિ. મહેસાણા)માં તા. ૬ સપ્ટેમ્બર, ૧૯૩૭ના રોજ થયો હતો. વિસનગરની એમ. એન. કૉલેજમાંથી સ્નાતક થયા બાદ વિસનગર તાલુકાના બાસણા ગામની પ્રગતિ વિદ્યાલયમાં ઈ. સ. ૧૯૬૦-૬૧માં શિક્ષક તરીકે જોડાઈને વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ કર્યો. આ સેવાકાળ દરમિયાન આ જ કૉલેજમાંથી સંસ્કૃત વિષય સાથે એમ.એ. થયા અને મહેસાણામાં નવી સ્થપાયેલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં વર્ષ ૧૯૬૪-૬૫માં અધ્યાપક તરીકે જોડાયા અને જીવનપર્યંત આ કૉલેજ અને તેના સંચાલક મંડળ સાથે એકનિષ્ઠ ભક્તિભાવે – એક પ્રતિબદ્ધ – Committed અધ્યાપક તરીકે જોડાયેલા રહ્યા હતા. તેઓશ્રી પ્રારંભમાં અધ્યાપક અને છેલ્લા એકાદ દશક સુધી પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપીને ઈ. સ. ૧૯૯૭માં સેવાનિવૃત્ત થયા હતા. સદર કૉલેજની સ્થાપનાનાં કેટલાંક વર્ષો બાદ તેનું સંચાલન સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ દ્વારા અધિગ્રહણ કરવામાં આવતાં અને ત્યારબાદ સમયાન્તરે કૉલેજનું વિભાજન કરવામાં આવતાં તેનું નવું નામાભિધાન ‘મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ અર્બન બૅંક સાયન્સ કૉલેજ’ કરવામાં આવ્યું છે, જ્યારે કૉમર્સ કૉલેજ નવા નામકરણ સાથે ચલાવવામાં આવી રહી છે. અહીંના સેવાકાળ દરમિયાન તેમણે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીના ડીન, એકેડેમિક કાઉન્સિલના સભ્ય, સૅનેટ સભ્ય, સંસ્કૃત વિષયની અભ્યાસ સમિતિના ચેરમેન તથા સભ્ય વગેરે અનેકવિધ હોદ્દાઓ ઉપર રહીને પોતાની સેવાઓ આપી હતી. યોગાનુયોગ તત્કાલીન સમયે અભ્યાસ સમિતિ સિવાયની સમિતિઓમાં મારી સભ્ય તરીકે નિમણૂક થતાં તેમનાં નિર્ભીકતા, સત્યનિષ્ઠા અને આખાબોલા વ્યક્તિત્વનાં પ્રસંગોપાત્ત દર્શન થયાં છે. તેમની સત્યકથનની પ્રકૃતિના કારણે ઘણાંને કડવા લાગ્યા છે, આમ છતાં તેની પરવા કદાપિ કરી ન હતી. યુનિવર્સિટીના કથળતા જતા વહીવટ અને કેટલાક અધિકારીઓના મનસ્વી વ્યવહારો તથા અર્થઘટનોના કારણે કૉલેજો અને વિદ્યાર્થીઓને વેઠવી પડતી હાલાકીથી વ્યથિત થઈને ઘણી વાર આક્રોશ પણ વ્યક્ત કરતા ! અને તે પણ યુનિવર્સિટીના રાજકારણથી તથા કમિટી – કમિશનોના ચેરમેન / સભ્ય બનવાની લાલસાથી સાવ નિર્લિપ્ત રહીને તેમણે પોતાનો યુગધર્મ નિભાવ્યો હતો.

પ્રિન્સિપાલ તરીકેની નિવૃત્તિના સમયગાળામાં કૉલેજના સંચાલક મંડળ સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ દ્વારા શિક્ષણ – સેવાના ભેખધારી શ્રી અનિલભાઈ પટેલની નિશ્રા હેઠળ મહેસાણા ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશન, મહેસાણાની સ્થાપના કરવામાં આવતાં તેના ડિરેક્ટર તરીકે જીવનપર્યંત (૧૯૯૭-૨૦૧૪) રહીને આ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત એન્જિનિયરિંગ, ફાર્મસી વગેરે

કૉલેજોના સુચારુ સંચાલનમાં તેમણે યશસ્વી ફાળો આપ્યો છે. આ ઉપરાંત આ ફાઉન્ડેશન દ્વારા ગણપત વિદ્યાનગર – યુનિવર્સિટી, ખેરવા (મહેસાણા)ની વર્ષ ૨૦૦૫માં સ્થાપના કરવામાં આવતાં તેમની વિદ્વત્તા અને એક નીવડેલ શૈક્ષણિક પ્રશાસક તરીકેની ઉપલબ્ધિઓને ધ્યાને લઈ તેના પ્રથમ ડાયરેક્ટર – કુલપતિ (૨૦૦૫-૨૦૧૦) તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી. સ્થાપક કુલપિત તરીકેના કાર્યકાળ દરમિયાન યુનિવર્સિટીમાં સ્વસ્થ શૈક્ષણિક પ્રણાલીઓ અને વહીવટીય શિસ્તની પ્રસ્થાપનામાં તેમનું મોટું યોગદાન રહ્યું છે. તેમની કેમ્પસમાં ઉપસ્થિતિ જ એક પ્રભાવક પરિબળ બની રહેતું. તેમની વિચક્ષણ પ્રતિભા, અસાધારણ ઊંચાઈ ધરાવતી દેહયષ્ટિ અને વેધક આંખોનાં પ્રથમ દર્શને વિદ્યાર્થીઓ પ્રાયઃ નિઃશબ્દ બની જતા અને અન્યજનો પણ તેમ જ ! ગણપત વિદ્યાનગરમાં આ સિંહપુરુષના તા. ૩૦ જુલાઈ, ૨૦૧૪ના રોજ થયેલા નિધનથી કેમ્પસમાં શૂન્યાવકાશ સર્જાયો છે. ખાલીપો અનુભવાય છે.

ગણપત યુનિવર્સિટીના આર્ષદ્રષ્ટા વિશ્વકર્મા – આદ્યસ્થાપક સન્માનનીય શ્રી અનિલભાઈ પટેલના આ પ્રદેશમાં ઉચ્ચશિક્ષણનાં પ્રચાર-પ્રસારનાં – શિક્ષણયજ્ઞનાં સ્વપ્નાંને સાકાર કરવામાં સાહેબશ્રી એક પ્રતિબદ્ધ અને કાર્યશીલ સાથી તરીકે હરહંમેશ તત્પર રહ્યા હતા. વલ્લભવિદ્યાનગરના આદ્યસ્થાપક શ્રી ભાઈકાકાની સાથે તેમના સંનિષ્ઠ સાથીઓ શ્રી ભીખાભાઈ તથા શ્રી એચ. એમ. પટેલનો વલ્લભવિદ્યાનગરના સંવર્ધનમાં જે ફાળો રહ્યો હતો તેવો ફાળો આપણા ગણપત વિદ્યાનગરના વિકાસમાં શ્રી પી. આઈ. પટેલ સાહેબનો રહ્યો છે. મુ. શ્રી અનિલભાઈ શ્રી પી. આઈ. પટેલ સાહેબ સાથે કેટલું નિકટનું તાદાત્મ્ય ધરાવતા હતા તેનું તાજું ઉદાહરણ એ કે શ્રી પી. આઈ. પટેલ સાહેબના અવસાન સમયે શ્રી અનિલભાઈ અમેરિકાના અંગત પ્રવાસે હતા. પૂર્વનિર્ધારિત કાર્યક્રમ અનુસાર તેઓશ્રી તા. ૧૪ ઑગસ્ટના રોજ પરત થવાના હતા. આમ છતાં, પટેલ સાહેબના અવસાનના દુઃખદ સમાચાર સાંભળતાં પ્રવાસ ટૂંકાવીને શોક સંતપ્ત પરિવારને સાંત્વના પૂરી પાડવા તરત જ પરત આવી ગયા. આવી ઉદાત્ત સખ્યભાવનાને વંદન.

કવિ. શિવમંગલસિંહ સુમને ગાયું છે કે :

**''कवि मिट जाता, किन्तु**
**उसका उच्छ्‌वास अमर हो जाता है''**

એમ, આજે આપણી વચ્ચે શ્રી પટેલ સાહેબ રહ્યા નથી, પરંતુ તેમનાં રોલ મોડેલ સમાન સંસ્થા ભક્તિ, સત્યનિષ્ઠા અને કાર્યો આપણી નજરસમક્ષ તરવરે છે. આપણે તેમના ચીંધ્યા માર્ગે પ્રવૃત્ત બની રહીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

ઈશ્વર એમના પુણ્યાત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**મણિભાઈ પ્રજાપતિ**

## સંન્યાસ

ગગા ઓઝાએ પુખ્તવયે ભાવનગર રાજ્યની દીવાનગીરી છોડી અને સંન્યાસ લીધો; શહેરથી દૂર નિવાસ કરી માળા જપવા લાગ્યા.

પણ તેમની પછી આવેલા દીવાન સંબંધે જ્યારે પ્રજામાંથી ખૂબ ફરિયાદો આવવા લાગી, ત્યારે તેને બોલાવ્યો અને ભીંતની એક ખીંટી તરફ આંગળી ચીંધીને એ બોલ્યા : ''મેં ભગવાં પહેર્યાં છે, પણ ત્યાં મારી જૂની નાગરશાહી પાઘડી, કેડિયું અને ધોતિયું ટાંગેલાં છે; નીચે લાકડી પણ લટકે છે. જો તમે નહીં સુધરો, તો ફરી એ પાઘડી પહેરી લઈશ ને તમારી ખબર લઈશ.''

આવો અધિકાર સિદ્ધ વડીલોને રહેવાનો જ; પણ એ પહેલાં સંન્યાસ લેવાની શક્તિ જોઈશે.

**કૃષ્ણલાલ શ્રીધરાણી**

# રાણીની વાવ

મોહનલાલ પટેલ

(ગુજરાતી ભાષામાં 'રાણીની વાવ' વિશેના આજદિન સુધીમાં પ્રગટ થયેલા લેખો પૈકીનો આ એક ઉત્તમ લેખ છે, જેના લેખક છે આપણા સુપ્રસિદ્ધ સર્જક, કેળવણીકાર અને ઇતિહાસવિદ્ શ્રી મોહનલાલ પટેલ (૧૯૨૭). લેખક પાટણના ઇતિહાસ અને તેના શિલ્પ – સ્થાપત્યના મર્મજ્ઞ અભ્યાસી હોવાના કારણે તેમ જ તેમનું વતન પાટણ હોવાથી રાણીવાવ જ્યારે ગીચ ઝાડી–ઝાંખરાં વચ્ચે અદૃશ્ય હતી ત્યારથી લેખકે તેની સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળવાની સાથે સાથે તેના સંસાધનિક પુરાવાઓ સાથે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરીને વાવના પ્રકાર અને તેના શિલ્પ-સ્થાપત્યનો અહીં વિગતે સ-રસ પરિચય કરાવ્યો છે. અહીં લેખકની અભ્યાસ અને ઇતિહાસ–નિષ્ઠાનાં દર્શન થાય છે. રાણી વાવ વિશે કિરીટ મંકોડી કૃત 'The Queen's Stepwell of Patan (1991), રેખા રાવ કૃત 'Therapeutics in Indian Suclptures : Ranaki-Vav, Patan (2006), મણિભાઈ પ્રજાપતિ સંપાદિત 'The Glorious History and Culture of Anhilwad Patan' : Prof. Mukundbhai P. Brahmakshatriya Felicitation Volume (2009)માં ગ્રંથસ્થ બર્જેસ, કઝીન્સ, ટૉડ, થોમસ પરમાર, આર. ટી. સાવલિયા વગેરેના લેખો, જયકિશનદાસ સદાના કૃત 'Understanding Shrine : Queen's Step-well at Patan (1998), મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિય કૃત 'પાટણનાં બે કીર્તિમંદિરો : રાણીની વાવ અને સહસ્રલિંગ સરોવર (1996) વગેરે પુસ્તકો વિશેષ ઉલ્લેખનીય છે

– સંપાદક)

❊ ❊ ❊

**રાણકી વાવ ને દામોદર કૂવો,**
**જેણે ન જોયાં એ જીવતો મૂવો.**

કહેવતરૂપ બની ચૂકેલું આ જોડકણું જ્યારે રચાયું હશે ત્યારે રાણીની વાવ દર્શનીય સ્થિતિમાં હશે, બાકી તો ૬૫ મીટર કરતાં વધારે લાંબો, ૨૦ મીટર કરતાં વધારે પહોળો અને ઠીકઠીક ઊંડો ખાડો જોઈને તો કોઈ આવું જોડકણું ન રચે. ઈ સ. ૧૯૬૦ પછી કેન્દ્ર સરકારના પુરાતત્ત્વ ખાતાએ રાણીની વાવને રાષ્ટ્રીય સ્મારક ગણીને ત્યાં ખોદકામ શરૂ કરાવ્યું એ અગાઉ આ વિરાટ કહી શકાય એવો એક ખાડો જ હતો. એ ખાડાના પશ્ચિમ છેડે વાવના કૂવાના અસ્તિત્વની સાબિતી પૂરતો કૂવાનો અવશેષ જોઈ શકાતો હતો. એ ભંગાર જેવા અને પુરાઈ ચૂકેલા કૂવાની દીવાલને લગતા કેટલાક બ્રેકેટ જોઈ શકાતા હતા જે પેલા જોડકણાના સંદર્ભે કશું કુતૂહલ જગાડવાની ક્ષમતા ધરાવતા નહોતા. નીચે કૂવાનો થોડો વધારે ગોળાકાર ભાગ જોઈ શકાતો હતો. અને પુરાઈ ચૂકેલા એ કૂવાના તળિયે પોપટિયા રંગની દાણાદાર લીલ જોઈ શકાતી. પાણી એટલું છીછરું કે એમાં પડેલા પથરાઓમાંથી કોઈ એક ઉપર બેસીને પાણીનો સ્પર્શ કરી શકાતો.

આ પાણીએ 'રાણીની વાવ'ને અન્ય રીતે જીવતી રાખી હતી. 'રાણકી વાવ'નું પાણી બાળકોને થતા ઉટાંટિયાના રોગ ઉપર ઔષધરૂપ ગણાતું. લોકો પેલા ખાડાના એક પડખે માટીમાં કોતરી કાઢેલાં પગથિયાંનો ઉપયોગ કરીને એ પાણી નાના-મોટા પાત્રમાં ભરીને લઈ જતા.

ઈ. સ. ૧૮૧૧ સુધી તો આ ખાડામાં ધસીને પડેલા પથ્થરો, સ્થંભો, મૂર્તિઓ વગેરે કેટલોક કાટમાળ હતો. જેના કબજામાં આ સ્થળ હતું એ બહાદુરસિંહ

બારોટે નવા પાટણમાં એક વાવના બાંધકામમાં એનો ઉપયોગ કર્યો હતો (આજે એ વાવ ત્રિકમ બારોટની વાવ તરીકે ઓળખાય છે.) આ પછી તો રાણીની વાવનું સ્થળ ખરેખર ખાડો જ બની રહ્યું. માત્ર ઘાસથી આચ્છાદિત એક ખાડો ! એ અરસામાં વાવની નિશાનીરૂપ ખાડાની પૂર્વ તરફ એક તોરણ અને પશ્ચિમ છેડે ભગ્નાવશેષ કૂવો !

ઈ. સ. ૧૮૩૭માં કર્નલ ટોડે આ સ્થળની મુલાકાત લીધી હતી ત્યારે એમણે પેલું કલાત્મક તોરણ જોયેલું અને ઈ. સ. ૧૮૮૦માં બર્જેસ અને કઝીન્સે એ સ્થળની મોજણી કરી ત્યારે એમણે પણ પેલા તોરણના થાંભલા જોયા હતા. એ સ્થંભનો નિર્દેશ એમણે 'આર્કિટેક્ચરલ એન્ટીક્વીટીઝ ઑફ નોર્થન ગુજરાત'માં કર્યો છે. વાવના અવશેષરૂપ એ સ્થળનું ચિત્ર પણ એ ગ્રંથમાં એમણે આપ્યું છે.

તો પ્રશ્ન એ થાય છે કે પેલા જોડકણાની ખરાઈ ક્યાં સુધી હતી એવો કયો સમય તબક્કો હતો કે જેણે 'રાણકી વાવ' ન જોઈ એ 'જીવતો મૂવો' ગણાયો ?

રાણીની વાવના ઇતિહાસમાં આ એક મોટો પ્રશ્ન છે. જે વિવાદ અને સંશોધનનું કારણ બની રહ્યો છે.

પેલા જોડકણામાં 'રાણકી' શબ્દમાં રહેલો 'કી' પ્રત્યય એ જોડકણું સદીઓ પુરાણું હોવાનો અણસાર આપે છે. 'રાણીની' એવું બોલાતી ભાષાના પ્રદેશમાં 'રાણીકી – રાણકી' રૂપ કંઈ રમત કરતા થઈ ન ગયું હોય. એ માટે કદાચ OWR (Old Western Rajasthani) સુધી જવું પડે. પણ એ તો ભાષાવિદોનો પ્રશ્ન છે. એ અંગે આપણે નિર્ણયની કોઈ ચેષ્ટા કરવી નથી.

રાણીની વાવના અસ્તિત્વ અને ધ્વંસ બાબતમાં પુરાતત્ત્વવિદ્ માઇકલ પોસ્ટેલે એક ચોંકાવનારું વિધાન કર્યું છે. એમણે કહ્યું છે કે રાણીની વાવનો ઉપયોગ એ બંધાયા પછી ફક્ત એક અથવા બે દાયકા જેટલો રહ્યો. પછી એ બિનઉપયોગી થઈ ગઈ. અર્થાત્ એનો નાશ થયો.

જેના શિલ્પનો જોટો જગતમાં ક્યાંય મળે એમ નથી એના સ્થાપત્યનું માત્ર દસ કે વીસ વર્ષનું આયુષ્ય ! રાણીની વાવના સ્થાપત્ય અને શિલ્પકલાની શ્રેષ્ઠતા વિશે હવે બે મત નથી. આ વાતનો અણસાર તો મેરુતુંગાચાર્યે સંવત ૧૩૬૦માં 'પ્રબંધ ચિંતામણિ'માં આપી દીધો હતો. રાણીની વાવ વિશે એમણે ગ્રંથમાં લખ્યું હતું : 'તેની (ભીમદેવની) રાણી ઉદયમતીએ શ્રી પાટણમાં સહસ્રલિંગથી પણ વધારે શોભાયમાન નવી વાવ બંધાવી.' સહસ્રલિંગના ઉત્કૃષ્ટ સ્થાપત્ય વિશે તો પુરાણા ગ્રંથોમાં ઘણું લખાયું છે. સહસ્રલિંગ સાથે તુલના કરીને મેરુતુંગાચાર્યે રાણીની વાવ વિશે ઘણું કહી દીધું ગણાય. આવા ઉત્તમ સ્થાપત્યનો આટલો ઝડપી નાશ થાય એ હકીકત તો કોઈ પણ કલાપ્રેમીને આઘાત પહોંચાડે એવી છે.

માઇકલ પોસ્ટેલના વિધાનને પ્રમાણભૂત ગણી શકીએ એવાં કોઈ કારણ ખરાં ? પોસ્ટેલે તો એવું કારણ આપ્યું કે પ્લાસ્ટર અને દેવમૂર્તિઓનું રંગકામ ફક્ત ઉપરના ભાગમાં જ અને થોડી મૂર્તિઓ પૂરતું જ થયું છે. આ વિધાનમાં એવું અનુમાન રહેલું છે કે વાવનું બધું જ કામ પૂર્ણ થાય એ પહેલાં એનો નાશ થયો. આવા મોટા સ્થાપત્યનું બાંધકામ ઓછામાં ઓછાં પંદર-વીસ વર્ષ તો ચાલે જ. એ પૂરું થયા પછી ગવાક્ષોમાં મૂર્તિઓ બેસાડવાનું તેમ જ રંગ વગેરેનું કામ ચાલતું રહે. અહીં ઉપલા માળોમાં એ કામ થોડુંઘણું થયું પણ નીચલા માળમાં એ બાકી જ રહ્યું. એનો અર્થ એ થયો કે એ પૂરું થાય એ પહેલાં જ એનો નાશ થયો (નાણાંના અભાવે એ કામ અટક્યું હોય એવો તર્ક અસ્થાને છે તેમ જ એ સમયમાં કોઈ મોટી રાજકીય ઊથલપાથલ પણ નથી.)

રાણીની વાવના એક બે દાયકાના આયુષ્યના સમર્થનમાં એક હકીકત પ્રતીતિકારક બની રહે છે તે એ કે ઉત્ખનન પછી વાવનું જે સ્થાપત્ય ખુલ્લું થયું છે એને સહેજ પણ ઘસારો લાગ્યો હોય એવું નજરે જોઈ શકાતું નથી. એક મત પ્રમાણે તો એનાં પગથિયાંની ધાર એક મીલીમીટર પણ ઘસાઈ હોય એવું જણાતું નથી. નરસમુદ્ર કહેવાતા શહેરમાં આવી ઉત્કૃષ્ટ નમૂનારૂપ વાવ હોય અને તે લાંબા સમય સુધી વપરાશમાં રહી હોય તો એના ઉપર ભારે ઘસારાની અસર વરતાયા વિના કેમ રહે ?

બે દાયકાની વાત બાજુ ઉપર રાખીએ તોપણ આ વાવ બારમી સદીમાં જ નામશેષ થઈ ગઈ હોય એવી ધારણા કરવા માટેનાં ઘણાં કારણ છે. ભીમદેવ પહેલાની

પત્ની રાણી ઉદયમતીએ ભીમદેવના અવસાન પછી પતિની સ્મૃતિમાં એ વાવ બંધાવી હતી. ભીમદેવનું અવસાન ઈ. સ. ૧૦૬૪ (સં. ૧૧૨૦)માં થયું. એટલે એમ અનુમાન કરી શકાય કે વાવનું બાંધકામ ઈ. સ. ૧૦૭૦ પછી શરૂ થયું હોય. અને ઈ. સ. ૧૦૯૦ના અરસામાં એ કામ પૂરું થયું હોય એટલે કે વાવ અગિયારમી સદીના અંત પહેલાં બંધાઈ ચૂકી હોય. એ પછી ૪૫ વર્ષે સિદ્ધરાજ જયસિંહે સહસ્રલિંગ સરોવરનું બાંધકામ પૂરું કરાવ્યું હતું. સં. ૧૧૯૧ (ઈ.સ. ૧૧૩૫)માં સિદ્ધરાજે માળવા ઉપર વિજય મેળવ્યો. યુદ્ધ દરમિયાન સરોવરનું બાંધકામ ચાલુ જ હતું અને વિજય પછી સરોવરના કિનારે કીર્તિસ્થંભનું આરોપણ થયું હતું. (કીર્તિસ્થંભ ઉપરના પ્રશસ્તિશ્લોકો કવિ શ્રીપાળે રચ્યા હતા.)

સહસ્રલિંગ સરોવરની રચના પછી લખાયેલા ગ્રંથો, પ્રબંધો, રાસાઓ વગેરેમાં જ્યાંજ્યાં પાટણનું વર્ણન છે ત્યાંત્યાં સહસ્રલિંગ સરોવરનાં આકર્ષક અને કાવ્યમય વર્ણનો થયાં છે. જેમ કે હેમચંદ્રાચાર્ય રચિત દ્વયાશ્રયના પહેલા સર્ગના આરંભમાં ૧૩૦ શ્લોકોમાં પાટણનું વર્ણન છે. એમાં સહસ્રલિંગ સરોવરનું વર્ણન છે પણ રાણીની વાવનો નિર્દેશ પણ નથી. પંડિત સોમેશ્વર કૃત કીર્તિકૌમુદીની રચના સં. ૧૨૮૦માં થઈ. એના પહેલા સર્ગમાં પણ પાટણનું વર્ણન છે. એમાં સહસ્રલિંગ સરોવરનું લંબાણપૂર્વક અને મનોહર વર્ણન છે પણ રાણીની વાવનો કશો ઉલ્લેખ નથી, ઉપર જણાવ્યું તેમ મેરુતુંગાચાર્યે પ્રબંધ - ચિંતામણિમાં રાણી ઉદયમતીએ સહસ્રલિંગ કરતાં વધારે શોભાયમાન વાવ બંધાવી એટલો જ નિર્દેશ કરેલો છે. આ નિર્દેશ ફક્ત હકીકત પૂરતો છે. એ સમયે એ વાવનું અસ્તિત્વ હોય એવો અણસાર એમાંથી મળતો નથી. સરસ્વતી પુરાણમાં તો સહસ્રલિંગ સરોવરના ખૂણેખૂણાનું વર્ણન છે. સરોવરની મધ્યમાં રહેલાં સ્થાનો, તીર્થો એ ઉપરાંત આરાઓવારા પરનાં મંદિરો, આગારો, વિદ્યાપીઠો વગેરેનાં વિગતે વર્ણન છે પણ ગ્રંથમાં ક્યાંય રાણી ઉદયમતીની વાવનો નામનિર્દેશ નથી. સંવત ૧૩૦૦માં રચાયેલા બાલચંદ્રસૂરિકૃત 'વસંતવિલાસ'માં સહસ્રલિંગનો આકાર સાથે નિર્દેશ છે પણ રાણીની વાવની કોઈ વાત એમાં કરી નથી. કવિ યશઃપાલના 'મોહરાજપરાજય' નાટકમાં સહસ્રલિંગ દેખા દે છે, રાણીની વાવ દેખાતી નથી. આ રીતે મોટો કુમારપાળ રાસ, નાભિનંદનોદ્ધાર પ્રબંધ, ધર્મારણ્ય વગેરેમાં પણ ક્યાંય રાણી ઉદયમતીની વાવનો ઉલ્લેખ નથી. નાભિનંદનોદ્ધાર પ્રબંધમાં તો વાવનો ઉલ્લેખ કરવાની કર્તા માટે ખાસ તક હતી. જોધપુર રાજ્યના કિરાડુ ગામમાં સલખણ નામના વેપારીની દુકાન આગળ ઊભેલા એક ગુજરાતીને કોઈએ પ્રશ્ન પૂછ્યો : ''તમે કયા દેશથી આવો છો  તમારો દેશ કેવોક ગુણવાન અને સમૃદ્ધિવાળો છે  એમાં કયું નગર મુખ્ય ગણાય છે ... આ પ્રશ્નોનો જવાબ એ ગુજરાતીએ ખૂબ વિગતે અને લંબાણપૂર્વક આપ્યો છે. લોકો, ઉત્સવો, એમના પહેરવેશ, અનેક પ્રકારની વનસ્પતિ, વાવ, તળાવ, કૂવા વગેરેની વાત એણે પોરસાઈને કરી છે. રાણીની વાવ જેવું બેનમૂન સ્થાપત્ય એ સમયે અસ્તિત્વમાં હોત તો કદાચ એ ગુજરાતી એની વાત કર્યા વિના ન રહ્યો હોત. પણ એણે એ વાત કરી નથી. આ બધા ગ્રંથોમાં પાટણ, સહસ્રલિંગ વગેરેનાં વર્ણનો આવતાં હોય અને રાણીની વાવનો ઉલ્લેખ સરખો ન હોય તો એવું માનવાનું કારણ મળે કે એ વખતે રાણીની વાવનો નાશ થયો હોય અથવા ઉલ્લેખ કરવા જેવી એની હાલત ન રહી હોય.

અહીં કોઈને એમ કહેવાનું મન થાય કે રાણીની વાવનો ઉલ્લેખ ન થવા પાછળ કોઈ પૂર્વગ્રહ અથવા ધાર્મિક અસહિષ્ણુતા હોઈ શકે. રાણીની વાવ મુખ્યત્વે તો વિષ્ણુને સમર્પિત હતી. વાવના કૂવામાં બીજા, ત્રીજા અને ચોથા માળની બરાબર સામે શેષશાયી વિષ્ણુની મૂર્તિઓ એવી રીતે સ્થાપિત કરવામાં આવી છે કે વસંતસંપાત (૨૧ માર્ચ) અને શરદસંપાત (૨૩ સપ્ટેમ્બર)ના દિવસોએ વાવના ત્રણસો જેટલા સ્થંભોના વનને પાર કરીને સૂર્યનાં કિરણ કોઈ પણ અવરોધ વગર સીધાં એ મૂર્તિઓ પર પડે. આવી મહત્તમ યોજના આ વાવના કેન્દ્રસ્થાને વિષ્ણુ હોવાના કારણે જ થઈ હોય એમ સહેજે સમજાય એવું છે. વળી વિષ્ણુના આઠ (દસમાંથી મત્સ્ય અને કૂર્મ સિવાય) અવતારોનાં શિલ્પ, વિષ્ણુનાં ૨૪ સ્વરૂપોમાંથી ૧૫ સ્વરૂપો (કેશવ, નારાયણ, ગોવિંદ, વિષ્ણુ, ત્રિવિક્રમ, શ્રીધર, હૃષિકેશ, અનિરુદ્ધ, પુરુષોત્તમ, પદ્મનાભ, વાસુદેવ, નરસિંહ, અચ્યુત, જનાર્દન અને

હરિ)ની મૂર્તિઓ તેમ જ જુદા જુદા માળે અને જુદા જુદા સ્થળે વિષ્ણુની મુકાયેલી સંખ્યાબંધ મૂર્તિઓના કારણે વાવમાં વિષ્ણુનું પ્રાધાન્ય સહેજે જણાઈ આવે છે. એ સમયના રાજ્યકર્તાઓ શૈવ હતા અને ગ્રંથકારો મુખ્યત્વે જૈનધર્મી અથવા જૈનધર્મી રાજાના આશ્રિત હતા. એટલે આ વાવની પ્રશંસા કરવાની બાબતમાં ઉપેક્ષા દાખવી હોય, પણ હેમચંદ્રાચાર્ય તો ઉદારમતવાદી હતા. દ્વયાશ્રયમાં પાટણનું વર્ણન કરતી વખતે રાણીની વાવનું વર્ણન અથવા ઉલ્લેખ કર્યા વગર એ કેમ રહે ?

અલબત્ત, આ એક વિવાદ અને સંશોધનનો વિષય છે. આમ છતાં ઉપરના સંજોગોના આધારે મન એમ માનવા પ્રેરાય છે કે રાણીની વાવનું આયુષ્ય કદાચ માઇકલ પોસ્ટેલ કહે છે તેમ માત્ર એક-બે દાયકા જેટલું અલ્પકાળનું નહીં, તો ટૂંકું તો અવશ્ય હતું.

આ વાવ કયા સંજોગો અને કયાં કારણોસર નામશેષ થઈ ગઈ એ તો આપણે છેલ્લે જ જોઈશું.

સરસ્વતી પુરાણમાં સહસ્રલિંગ તળાવની રચનાની ઝીણવટભરી વિગતોના આધારે શ્રી રા. ચુ. મોદીએ કલાગુરુ રવિશંકર રાવળ પાસે એ તળાવનો નકશો તૈયાર કરાવ્યો હતો. જે એમના લેખસંગ્રહ ભાગ-૧માં આપેલો છે. પણ રાણીની વાવ વિશે પ્રાચીન ગ્રંથોમાં કોઈ વિગતો ઉપલબ્ધ નથી એટલે એનું સુરેખ અને સંપૂર્ણ ચિત્ર તૈયાર કરવું મુશ્કેલ છે. અત્યારે તો ઉત્ખનન પછી વાવના અવશેષોમાં હાલ જે નજર સમક્ષ છે એના આધારે જ વાવ વિશેની જાણકારી મેળવી શકાય. વાવના સાત માળમાંથી ઉપરના બે તો સંપૂર્ણપણે નષ્ટ છે. એટલે રાણીની વાવનો પ્રકાર કયો હતો એ કહેવું સહેલું નથી. આ અવશિષ્ટ વાવની વિશાળતા અને ભવ્યતા જોઈને એ વિજયા પ્રકારની વાવ હશે એમ તરત કહી દેવાનું મન થાય. પણ એવું ઉતાવળિયું અનુમાન એ નર્યું સાહસ જ ગણાય. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે કોઈ પણ વાવનો પ્રકાર એનાં મુખ અને કૂટ ઉપરથી નક્કી થાય. રાણીની વાવ ગમે તેટલી ભવ્ય હોય, પણ એનાં મુખ અને કૂટ વિશે ચોક્કસ માહિતી ન મળે ત્યાં સુધી એનો પ્રકાર અસ્પષ્ટ રહે. મંડન સૂત્રધાર રચિત રાજવલ્લભ ગ્રંથના ૪થા અધ્યાયના ૨૮મા શ્લોકની ટીકામાં કૂટની સમજૂતી આપતાં નારાયણભારતીએ કહ્યું છે : ''વાવમાં ખંડો આવે છે તેના ઉપર સ્તંભાઓ મૂકી શિખરબંધ દેરીઓ કરવામાં આવે છે તેને કૂટ કહે છે.'' એક મુખ અને ત્રણ કૂટવાળી વાવ નંદા, બે મુખ અને છ કૂટવાળી વાવ ભદ્રા, ત્રણ મુખ અને નવ કૂટવાળી વાવ જયા અને ચાર મુખ અને બાર કૂટવાળી વાવને વિજયા કહેવાય છે. રાણીની વાવના ઉપલા બે માળનો સદંતર નાશ થયો હોઈ એ વાવમાં કૂટની ખરેખર સંખ્યા કેટલી હતી એ કહી શકાય નહીં. જોકે મુખ બાબતમાં અનુમાન કરી શકાય એવી સ્થિતિ છે. જમીન લેવલે જ્યાં તોરણ હતું એ મુખ્ય પ્રવેશદ્વાર હતું એમાં કોઈ સંદેહ નથી. આ થયું એક મુખ. પ્રવેશદ્વારથી લગભગ ૫૫ મીટરને અંતરે જમણી દીવાલને સંલગ્ન કેટલાંક પગથિયાં નીકળ્યાં છે. એ ઉપરથી એક અનુમાન થઈ શકે કે ત્યાં એક બીજું પ્રવેશદ્વાર એટલે કે મુખ હશે. એ જ પ્રમાણે એટલા જ અંતરે ડાબી દીવાલને સંલગ્ન પગથિયાં હોવાનો પૂરો સંભવ છે એટલે ત્યાં બીજું મુખ હોય. એટલે રાણીની વાવનાં ત્રણ મુખ હોવાનું તો અનુમાન કરી શકાય. તોરણના સ્થળથી કૂવાના સ્થાન સુધી ઉત્તર અને દક્ષિણ દીવાલો સળંગ છે. વચ્ચેના ભાગમાં કોઈ મુખ હોવાનો સંભવ નથી. કારણ કે દીવાલોમાં સળંગ ગવાક્ષો અને મૂર્તિઓની હારમાળા છે. પૂર્વ તરફના વિભાગના છેડે અગ્નિ અને ઈશાન ખૂણાઓ ઉપર હોય તો પાંચ મુખ થઈને રહે જે વાસ્તુશાસ્ત્ર પ્રમાણેની રચના ન ગણાય એટલે ત્યાં એ હોવાનો સંભવ નથી એટલે રાણીની વાવ જયા પ્રકારની હોવાનું માનવા માટે કારણ મળે છે.

રાણીની વાવનું સ્થાન સહસ્રલિંગ વિસ્તારની લગભગ અડોઅડ છે. અત્યારે જ્યાં સહસ્રલિંગ સરોવર છે ત્યાં અગાઉ દુર્લભ સરોવર હતું. તળાવના કાંઠે વાવ હોવાનું ઘણે સ્થળે જોવા મળ્યું છે. અત્યારના પાટણના ગુંગડી તળાવના કાંઠા ઉપર જ એક વાવ આવેલી છે. (હાલ તો એ તળાવ અને વાવ બંનેએ પોતાનાં મૂળ સ્વરૂપ ગુમાવી દીધાં છે.) તળાવને કાંઠે વાવની રચના કરવાનું કારણ વારંવાર પડતા દુષ્કાળ હોઈ શકે. સદીઓથી આનર્ત પ્રદેશ-ઉત્તર ગુજરાતમાં અવારનવાર દુષ્કાળ પડતા રહ્યા છે જે પૈકી સંવત ૧૩૧૩, ૧૩૧૪, ૧૩૧૫, ૧૩૭૭, ૧૪૬૮ના દુષ્કાળ ભીષણ હતા. વાવ તળાવના

કાંઠે હોય તો દુષ્કાળના સંજોગોમાં પણ એમાં પાણીનો પુરવઠો જળવાઈ રહે.

અત્યારે સરસ્વતી નદી અને રાણીની વાવનાં સ્થાન એકબીજાની અત્યંત નિકટ છે. સહેજે પ્રશ્ન થાય કે નદી અને વાવ આટલાં નજીક હોઈ શકે ? એના જવાબમાં એમ કહી શકાય કે અત્યારે એ જોડાજોડ છે એ ખરું, પણ અગાઉના સમયમાં નદીનો પટ આ વાવથી ઓછામાં ઓછો છ માઈલ દૂર હતો એવું રા. ચુ. મોદીના 'સાહિત્ય પરિષદ અને પુરાતન વસ્તુ સંરક્ષણ' લેખની એક પાદટીપ ઉપરથી સમજી શકાય છે. પાદટીપમાં એમણે લખ્યું છે : 'હાલમાં સહસ્રલિંગ તળાવની જોડેજોડે નદીનો પ્રવાહ વહે છે. તે ત્યાં મૂળ હોવો ન જોઈએ, નદીની પાસે જ તળાવ ખોદાવવાની કોઈ મૂર્ખતા કરે નહીં. તેમ નદીની વચ્ચોવચ શેખ ફરીદની દરગાહ છે તે પણ મૂળ ત્યાં બંધાયેલી ન હોવી જોઈએ. આથી નદી તે જગ્યાએથી દૂર ઉત્તર તરફ હશે એમ હું માનું છું. ચાર ગાઉ ઉપર કાંસા ગામ છે ત્યાં સુધી નદીની રેતીનું દળ છે તેથી મૂળ ત્યાં તેનું વહેણ હોવું જોઈએ.'

ઈ. સ. ૧૯૬૦ પછી વાવનું ખોદકામ શરૂ થતાં ધીરેધીરે એક અદ્‌ભુત સૃષ્ટિ પ્રગટ થઈ ગઈ. હાલ વાવનું જે સ્વરૂપ પ્રકાશમાં આવ્યું છે એ પુરાતત્ત્વવિદોને એમ કહેવા પ્રેરે છે કે આ વાવના શિલ્પવિધાનમાં કેટલુંક એવું છે જે બીજે જોવા મળતું નથી. ઉજ્જૈન યુનિવર્સિટીના પુરાતત્ત્વવિદ પ્રો. વાકણકરે એમના એક પ્રવચનમાં આ મતલબનું કહ્યું હતું : 'મેં એશિયાભરનાં જાણીતાં પ્રાચીન સ્થાપત્યો જોયાં છે. પણ રાણીની વાવનાં શિલ્પની બરોબરી કરે એવી કળા મને બીજે ક્યાંય જોવા મળી નથી.' શ્રી શ્રીપાદ ચિતળેએ પણ રાણીની વાવના અનન્યત્વ વિશે ઠીકઠીક અધિકારપૂર્વક કહ્યું છે, શ્રી કિરીટ મંકોડીએ તો આ વાવના શિલ્પસૌંદર્યનું એમનાં, 'The Queen's Step-well at Patan' નામના દળદાર પુસ્તકમાં અસંખ્ય છબીઓ દ્વારા આપણને અઢળક પ્રમાણમાં પાન કરાવ્યું છે. અને વાવમાં રહેલી લગભગ એકેએક મોટી મૂર્તિનો પરિચય કરાવ્યો છે. સપ્ટેમ્બર, ૧૯૯૫માં અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ વ્યાખ્યાનમાળાના ઉપક્રમે 'રાનીકી વાપી સ્કલ્પ્ચર્સ'ને લગતી વ્યાખ્યાનમાળામાં શ્રી જયકિશનદાસ સાદાણીએ, એમણે આપેલાં ત્રણ પ્રવચનોમાં રાણીની વાવનાં શિલ્પોની ઉત્કૃષ્ટ કલા વિશે ઘણો ઊંચો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

પુરાતત્ત્વવિદો ગમે તેટલી ગુંજાશથી આપણને આ વાવની ભવ્યતાનો પરિચય કરાવે પણ એનું પ્રત્યક્ષ દર્શન જ એનો સાચો પરિચય આપી શકે. આ એક એવું કલાવિધાન છે જેને પામવા માટે કલ્પના વામણી જ સાબિત થાય છે.

જ્યાં અગાઉ તોરણ હતું ત્યાં જમીન લેવલે ઊભા રહીને વાવ તરફ નજર કરીએ તો નરી ભવ્યતાનું દર્શન થાય છે. લગભગ ૨૧૨ ફૂટ (૬૫ મીટર) લાંબું, ૬૫ ફૂટ (૨૦ મીટર) પહોળું અને ૮૧ ફૂટ (૨૫ મીટર) ઊંડું, લગભગ ૩૦૦ સ્થંભોવાળું (અલબત્ત, અત્યારે એટલા સ્થંભ રહ્યા નથી) અને સાત માળવાળું (હાલ પાંચ માળ) એક સ્ટ્રક્ચર નજર આગળ હોય ત્યારે નર્યા અહોભાવ સિવાય ચિત્તમાં બીજું શું ઊભરે ?

જમીન લેવલની નીચે (ભૂગર્ભમાં જ કહો) આટલું મોટું સ્ટ્રક્ચર એ કંઈ નાનીસૂની રચના નથી. સાત માળ સુધીનાં પગથિયાં ઊતરીને કૂવાને સંલગ્ન કુંડમાંથી ગાગર કે બેડામાં પાણી ભરતી પાણિયારીનું એક ચિત્ર કલ્પી જુઓ. મહાકાવ્યનો આભાસ કરાવતી કોઈ કવિતા ચિત્તમાં આકાર લેતી જણાશે. કુંડથી તોરણ વચ્ચે કેટલાંબધાં પગથિયાં હોય ! જો આ બધાં પગથિયાં સળંગ ચડવા કે ઊતરવાનાં હોય તો માણસ થાકી જાય. અને પાણી ભરીને ઉપર જનારી પાણિયારી માટે તો એ લગભગ અશક્ય જ બની રહે. એકાદ પગથિયું ચૂકી જનારના શા હાલ થાય એ સમજી શકાય એવું છે. થાક અને અકસ્માત નિવારવાની જોગવાઈ સ્થાપત્યમાં હોય છે જ. આ ઉપાય તે વાસ્તુશાસ્ત્રમાં જેને પરિઘ (Landing place) કહે છે તેની રચના. રાણીની વાવમાં આનું વિસ્તૃત સ્વરૂપ છે. થોડાંથોડાં પગથિયાંના અંતરે અહીં અગાશી જેવાં વિશાળ પરિઘ છે જે સ્થંભોના ટેકા ઉપર રચાયેલાં છે. આના કારણે પરિઘની છત નીચેનો ભાગ પેવેલિયનનું રૂપ ધારણ કરે છે. તોરણથી પાણીના કુંડ સુધી આવા ચાર પેવેલિયન રચાયા છે. વાવના કુલ સાત માળ છે. અને આ પેવેલિયન બીજા, ચોથા, છઠ્ઠા અને સાતમા માળના ક્રમે આવે છે.

તોરણથી શરૂ થયેલાં પગથિયાંમાંથી નીચે ઊતરીએ એટલે જમણી અને ડાબી (ઉત્તર અને દક્ષિણ) દીવાલો આપણા ધ્યાનને બરાબર જકડી રાખે છે. આ બંને દીવાલો ભરચક શિલ્પથી ખચિત છે. દરેક માળની દીવાલોમાં અંતરેઅંતરે મૂકેલા ગવાક્ષોમાં વિવિધ દેવોની મોટી મૂર્તિઓ છે અને એ ગવાક્ષોની બંને બાજુએ એટલા જ કદની અપ્સરાઓ, નાગકન્યાઓ, યોગિનીઓ વગેરેની મૂર્તિઓ છે. વાવની અત્યારની સ્થિતિમાં આવી મોટા કદની લગભગ ૪૦૦ મૂર્તિઓ છે. જ્યારે વાવ અખંડ હશે ત્યારે આવી મૂર્તિઓની સંખ્યા ઘણી મોટી હશે. અત્યારે કેટલાક ગવાક્ષોમાં મૂર્તિઓ નથી. એ કદાચ સ્થાનભ્રષ્ટ થઈ હોય, અથવા સ્થાપવાની બાકી રહી હોય.

દરેક માળની દીવાલો પરની મૂર્તિઓના અવલોકન અથવા દર્શન માટે દર્શનાર્થીઓ ફરી શકે એવી સાંકડી દીર્ઘાઓ (કોરિડોર) રચેલી છે. વાવના સ્થંભો પણ કોતરણી રહિત નથી. એ સ્થંભો ઉપરના કીચકો પણ શિલ્પરહિત નથી. આમ આખી વાવના માળખાનો ખૂણેખૂણો શિલ્પથી ખચિત છે અને તેથી વાવનું દર્શન કરતાં જોનારનું મન અહોભાવથી અભિભૂત થયા વિના ન રહે.

અગાઉ કહ્યું તેમ રાણીની વાવ વિષ્ણુને સમર્પિત છે. એટલે વિષ્ણુની અસંખ્ય મૂર્તિઓ જુદાજુદા સ્વરૂપે જોઈ શકાય છે. અહીં શેષશાયી વિષ્ણુ છે, પદ્મનાભ વિષ્ણુ છે, કમળ પર યોગાસનમાં બિરાજમાન વિષ્ણુ છે, ગરુડ પર આરૂઢ વિષ્ણુ છે, ગજેન્દ્રમોક્ષ ઘટનામાં ઉપસ્થિત વિષ્ણુ છે. આઠ અવતારમાં વિષ્ણું છે, ૨૪માંથી ૧૫ સ્વરૂપે વિષ્ણુ છે. આ સિવાય ઘણા ગવાક્ષોમાં વિષ્ણુની મૂર્તિઓ છે.

વિષ્ણુની મૂર્તિ પછી આ વાવમાં પ્રાધાન્ય પાર્વતીનું છે. વાવના ૧૫ ગવાક્ષોમાં પાર્વતીની મૂર્તિઓ સ્થપાયેલી છે. પંચાગ્નિ વચ્ચે તપશ્ચર્યાવાળી મૂર્તિ એક કરતાં વધારે વાર જોઈ શકાય છે. સામાન્ય રીતે બાર ગૌરીઓની મૂર્તિઓ એકસાથે ભાગ્યે જ જોવા મળે છે (મોઢેરાના સૂર્યમંદિરમાં એ છે.) આ વાવમાં બાર ગૌરીઓ-ઉમા, પાર્વતી, ગૌરી, લલિતા, શ્રીયા, કૃષ્ણા, મહેશ્વરી, રંભા, સાવિત્રી, ત્રિસંદા, તોતળ અને ત્રિપુરા-ની મૂર્તિઓ અહીં છે. શિવની મૂર્તિઓ પણ આ વાવમાં સારી એવી સંખ્યામાં છે. આ ઉપરાંત સંખ્યાબંધ દેવદેવીઓની મૂર્તિઓ અહીં છે – જેવી કે, ગણેશ, અગ્નિ, વાયુ, સૂર્ય, ભૈરવ, મહિષાસુરમર્દિની, ચામુંડા, બ્રહ્મા, બ્રહ્માણી, ઇન્દ્ર, ઇન્દ્રાણી, વૈષ્ણવી, વારાહી, ભૈરવી, મહાલક્ષ્મી, કુબેર, દિક્પાલિકા, ઈશાની વગેરે.

આઠેય વસુઓ – ધારા, ધ્રુવ, સોમ, આપ, અનલ, અનિલ, પ્રત્યૂષ, પ્રભાસ – મૂર્તિરૂપે આ વાવમાં છે.

આ વાવના મૂર્તિવિધાનમાં રહેલી કેટલીક વિશિષ્ટતાઓ નોંધવા જેવી છે.

- અહીં વિષ્ણુના અવતારોમાં કૃષ્ણ નહીં પણ બલરામ છે.
- દેવોના હાથમાંનાં કમળ પ્રફુલ્લ જ હોય એવું અહીં નથી. કમળની કળીઓ પણ દેવોના હાથમાં જોવા મળે છે.
- રામની એક મૂર્તિના ચાર હાથ પૈકી બેમાં ઢાલ અને તલવાર છે.
- બુદ્ધની મૂર્તિને ચાર હાથ છે.
- શિવની એક મૂર્તિના હાથમાં માળા છે.
- પરશુરામની મૂર્તિના મુખ પર રુક્ષ નહીં પણ મૃદુ ભાવ આલેખાયો છે.
- સૂર્યની એક મૂર્તિ તપસ્વીના સ્વરૂપમાં છે. શરીર ઉપર કોઈ શણગાર નથી. માત્ર ફૂલમાળા ધારણ કરેલી છે.
- અહીં યુદ્ધનાં દૃશ્યો નથી. તેમ જ હાથીઘોડા જૂજ છે.
- સ્થંભ ઉપરના એકાદ બે અપવાદ સિવાય રતિક્રીડા કે સંભોગનાં દૃશ્યો આ વાવમાં નથી. જોકે આવાં દૃશ્યો મંદિરોની બહારની દીવાલો પર જોવા મળે છે. એવાં શિલ્પો માટે વાવની અંદરનું ક્ષેત્ર ઉચિત ન પણ ગણાતું હોય.

રાણીની વાવમાં શિલ્પીઓની મૌલિક દૃષ્ટિ અને કલ્પનાવૈભવ તો એમણે કંડારેલાં અન્ય શિલ્પોમાં જોઈ શકાય છે. તત્કાલીન ગૃહજીવન, પરંપરિત કથાઓ, માનવ અને પ્રાણીઓની વૃત્તિજન્ય ચેષ્ટાઓ વગેરેમાં શિલ્પીઓનો કલ્પનાવૈભવ જોવા મળે છે. વળી આ શિલ્પીઓની મનોહર કલા તો અપ્સરાઓ, નાગકન્યાઓ, યોગિનીઓ વગેરેના અંગમરોડ, અંગભંગ, ભાવભંગીઓના સુરેખ આલેખનમાં જોઈ શકાય છે.

**અપ્સરાઓ**

દેવદેવીઓની મૂર્તિઓના ગવાક્ષની બંને બાજુએ અપ્સરાઓ, નાગકન્યાઓ, યોગિનીઓ કે ભૈરવીઓની મોટા કદની મૂર્તિઓ છે. આ મૂર્તિઓની સંખ્યા અત્યારે પણ લગભગ ત્રણસો જેટલી છે. જો વાવ અખંડિત હોત તો એ સંખ્યા ઘણી વધારે જોવા મળત. આ મૂર્તિઓમાં પ્રાચીન પરંપરાની તો ઘણી મૂર્તિઓ છે – ચામરધારિણી, તામ્બુલવાહિની, પૂજાનો સામાન લઈ જતી, પથ્થર ઉપર ચંદન ઘસતી, શંખ ફૂંકતી, નૂપુર પહેરતી, આંખમાં કાજળ આંજતી, કાનમાં કુંડળ અથવા અન્ય આભૂષણ પહેરતી, દર્પણમાં પોતાનું મુખ જોતી, દર્પણમાં જોઈને કપાળમાં ચાંદલો અથવા તિલક કરતી, પગમાંથી કાંટો કાઢતી, સળી વડે કાન સાફ કરતી, પરિચારિકાએ ધરેલા શાહીના પાત્રમાં કલમ બોળીને પત્ર લખતી, બંસરીવાદન કરતી, ઢોલક વગાડતી વગેરે અપ્સરાઓ વારંવાર દેખાય છે. આ વિષયોમાં કશી નવીનતા નથી. સદ્યસ્નાતા અપ્સરાના વાળમાંથી ટપકતાં પાણીનાં બુંદને મોતી સમજી ગ્રસી લેતા હંસમાં પણ નવીનતા નથી. અહીં પણ એ એક કરતાં વધારે વાર જોવા મળે છે. પણ આ વાવના શિલ્પવિધાનમાં બીજી કશીક એવી નવીનતા છે જે બીજાં સ્થળોએ ઓછી જોવા મળે છે. અહીંના શિલ્પીઓએ અપ્સરાઓના મૂર્તિવિધાનને એક વિશાળ ભાવવિશ્વનું રૂપ આપ્યું છે. આ વિશ્વમાં એ શિલ્પીઓએ એમનાં ટાંકણાંમાંથી કાવ્યની સરવાણીઓ જ વહાવી છે. અહીં કંડારાયેલી અપ્સરાઓના અવયવો-ગર્દન, સ્તન, જંઘા વગેરે પુષ્ટ અને આકર્ષક છે. એમનાં એકાવલિ હાર, મેખલા, નૂપુર, કર્ણાભૂષણ વગેરે સ્પષ્ટ અને ઝીણવટપૂર્વક આકૃત થયેલાં છે. કેશગુંફન, ઢીલો અંબોડો વગેરે આજના સમયમાં પણ મનોહર લાગે એવાં છે. પણ એ બધાથીય આ શિલ્પીઓની ઘણી ઊંચી સિદ્ધિ તો એમણે અપ્સરાઓના ચિત્તનાં દલ ખોલ્યાં છે એમાં રહેલી છે. અહીં કેટલીક અપ્સરાઓ વિવિધ નાયિકાઓના સ્વાંગમાં જોઈ શકાય છે. કેટલીકની ચેષ્ટાઓ મૌલિક છે. મદાલસા, નટખટ, લજ્જાથી અભિભૂત, કૃત્રિમ રોષ દર્શાવનારી, વત્સલ, કરુણાસભર વગેરે અનેક ભાવો પ્રદર્શિત કરતી અપ્સરાઓ આ વાવમાં છે.

શિલ્પીઓએ લજ્જાશીલ અપ્સરાઓની લજ્જાનું દર્શન વિવિધ પ્રયુક્તિઓ દ્વારા કરાવ્યું છે. એક નિર્વસ્ત્ર અપ્સરા બે પગની આંટી મારીને એક હાથ વડે ગોપનીય અંગ ઢાંકવાનો પ્રયાસ કરી રહી છે અને બીજા હાથ વડે પોતાનું મુખ ઢાંકી રહી છે. બીજી એક પેનલમાં જંઘા તરફ આગળ વધી રહેલા વીંછીને દૂર કરવા અપ્સરાએ પોતે પહેરેલું વસ્ત્ર ખસેડ્યું છે. પણ એણે મુખ ફેરવી લીધું છે. આવી લજ્જાશીલ અપ્સરાઓ આ વાવમાં છે. તો વળી, લજ્જાથી સાવ ભિન્ન એવા નટખટપણાના ભાવવાળી અપ્સરાઓ પણ અહીં છે. કટિવસ્ત્ર ખેંચીને એક અપ્સરાને નગ્ન કરવાની ધૃષ્ટતા કરી રહેલા એક બંદરને ભગાડવાની ચેષ્ટા કરી રહેલી એ અપ્સરાના મુખ ઉપર રોષ નહીં પણ નટખટપણાનો જ ભાવ ઊપસી રહ્યો છે. બંદરની ચેષ્ટા જાણે એને ગમતી ન હોય ! એક અપ્સરા કોઈ સાધુની દાઢી ખેંચી રહી છે. એમાં પણ આ જ ભાવનું પ્રદર્શન થાય છે. એક પેનલમાં પોતાને નિહાળી રહેલાઓથી પીઠ ફેરવી લેતી અપ્સરાના મનમાં પણ કદાચ આ જ ભાવ છે. અંગડાઈ લેતી અલ્લડ મદાલસાઓ પણ અહીં છે. એક મદોન્મત્ત યૌવનાએ પોતાના બે હાથ મસ્તકથી ઊંચે લઈ આંગળાંના અંકોડા ભરાવીને અંગનો મત્ત મરોડ લીધો છે. એનું વસ્ત્ર સરકીને પાની સુધી આવી ગયું છે. પણ બહેકી ઊઠેલા યૌવનવાળી આ સ્ત્રીને પોતાનું શરીર ખુલ્લું થયાની જાણે કશી તમા નથી ! બીજી એક અલ્લડ અપ્સરા પોતાના અનાવૃત્ત દેહ ઉપર વસ્રપરિધાન કરવાની પ્રવૃત્તિમાં છે. દુનિયાના કોઈ પણ દર્શકની એને કશી પડી ન હોય એમ એ પોતાના કાર્યમાં મગ્ન છે. હજુ તો એના બે હાથ શરીરની પાછળ છે અને વિસ્ફારિત વસ્ત્ર એનાં આંગળાંના આધારે લટકી રહ્યું છે. શરીર ઉપર જ્યારે વીંટે ત્યારે ખરી ! આ અપ્સરા કરતાંય વધારે બેતમા એક સ્ત્રી અહીં છે. એ પોતાના જ સ્તનના મર્દનનો આરંભ કરી રહી છે. આવી વિષયાસક્ત સ્ત્રીથી ઊલટા પ્રકારની પ્રકૃતિવાળી અપ્સરાઓ પણ આ વાવમાં છે. ફક્ત ત્રણ મણકાવાળો (સૂતરનો જ હોઈ શકે) હાર ધારણ કરનારી વીતરાગ અપ્સરા (!)ની મૂર્તિ પણ અહીં છે. અહીં પ્રગલ્ભ અને સંતાનવત્સલ સ્ત્રીઓ પણ છે. એક માતા પોતાના બાળકને આકાશમાંનો ચંદ્ર બતાવી રહી છે. તો આમ્રવૃક્ષ નીચે ઊભેલી બીજી એક ત્રણ સંતાનોની માતા પણ અહીં

છે. એક બાળક એની કેડ પર છે. બીજું એની પાસે કંઈક માગી રહ્યું છે. ત્રીજું જમીન પર છે. એક અન્ય શિલ્પમાં એક સ્ત્રી પોતાના બાળકને આંબાના વૃક્ષ ઉપરથી કેરી તોડી લેવામાં મદદ કરી રહી છે. કોઈ તૃષાતુર વ્યક્તિને એક અપ્સરા જલપાન કરાવી રહી છે. કદાચ એનું મુખ કરુણાના ભાવથી અભિસિક્ત છે. એક અપ્સરા બાલસહજ ભાવથી દડાઓની રમતમાં વ્યસ્ત છે. શાંત રસમાં સ્થિત એક અપ્સરાના એક હાથ પર પક્ષી છે અને એના બીજા હાથમાં આંબાની ડાળખી છે.

**નાગકન્યાઓ**

નાગકન્યાઓનાં શિલ્પ નગ્ન શરીરવાળાં છે. પણ એમના શરીર ઉપર એવી રીતે સાપ કંડારાયેલા છે કે ગોપનીય અંગો આપોઆપ ઢંકાયેલાં રહે. ક્યારેક એક લાંબા સાપથી આ હેતુ સધાય છે તો ક્યારેક બે સાપને એ કાર્ય માટે ઉપયોગમાં લેવાયા છે. એક કટિથી ઉપલા ભાગે વીંટાયેલો હોય અને બીજો કટિથી નીચે જંઘા અને જાનુ સુધી હોય.

કેટલીક નાગકન્યાઓના હાથમાં ખોપરી અથવા કટોરા જેવું પાત્ર હોય છે; જેમાં એક માછલી હોય છે અને સાપનું મુખ છેક માછલી સુધી લંબાયેલું હોય છે.

નાગકન્યાઓના શરીર ઉપર વીંટળાયેલા સાપ ખૂબ બેફિકરાઈથી એમના શરીર ઉપર ફરતા હોય એવો ભાસ થાય છે. વળી, આ કન્યાઓ ક્યારેક સાપની આ ધૃષ્ટતા તરફ રોષ દેખાડવાનો દેખાવ કરતી હોય છે એ કૃત્રિમ રોષ પાછળ પેલા સાપની ધૃષ્ટતા એમને ગમતી હોય એવું દેખાયા વિના રહેવું નથી.

કેટલીક નાગકન્યાઓના માથા પરની પથ્થરની ફ્રેમ પર ત્રણ ઘુવડ કોતરેલાં છે. કોઈકમાં મોર પણ દેખાય છે. જ્યાં મોર અને સાપ એકસાથે ઉપસ્થિત છે ત્યાં કોઈક લય સધાયો લાગે છે. અન્યથા, સાપ અને મોરનો મેળ શી રીતે બેસે ?

**યોગિનીઓ**

યોગિનીઓ પણ ઘણુંખરું નગ્ન સ્થિતિમાં કંડારાઈ છે. એમના હાથમાં માનવખોપરીનું પાત્ર જોવા મળે છે. એમાંનાં કેટલાંક પાત્રમાં નાનું મત્સ્ય પણ હોય છે. યોગિનીઓની કેટલીક મૂર્તિઓએ માનવ-ખોપરીઓનો હાર પહેરેલો છે અને અન્ય આભૂષણ પણ હાડકાંનાં બનેલાં જણાય છે. યોગિનીઓના હાથમાં અથવા ખભા ઉપર ટેકવેલો ખટ્વંગ (હાડકાનો દંડ – જેના મથાળે માનવખોપરી બેસાડેલી હોય) જોવા મળે છે. કેટલીક યોગિનીઓએ વસ્ત્રપરિધાન પણ કરેલું છે. એક યોગિનીએ એક આછું કટિવસ્ત્ર પહેરેલું છે. પગરખાં સેન્ડલ પ્રકારનાં છે. પણ મુખ ઉપર કોઈ રુક્ષ ભાવ નથી. સૌંદર્યમાં અપ્સરાની હરીફાઈ કરે એવી છે; મત્તયૌવના જ સમજો. માથા ઉપર જટા, હાથમાં ખોપરીનું જલપાત્ર, એમાં મત્સ્ય, ખભે ખટ્વંગ તો ખરું જ.

હાથ ઊંચો કરેલો છે અને એમાં ડમરું જેવું કોઈ વાજિંત્ર છે. એને જોઈને ઉત્તેજિત થયેલો એક શ્વાન એના પર આક્રમણ કરવા તુલ્યો છે.

એક નગ્ન છતાં અલંકારથી આભૂષિત યોગિની નૃત્ય કરી રહી છે. તેના વાળ છૂટા છે. એના હાથમાં ખટ્વંગ છે.

**સ્થંભ ઉપરનાં શિલ્પ**

અત્યાર સુધી નિશ્ચિત ધ્યેયથી બંધાયેલા શિલ્પીઓને વાવના સ્થંભો ઉપર વિષયપસંદગી માટેનું મુક્ત મેદાન મળ્યું લાગે છે. અહીં એમને વિષયનું કોઈ બંધન નડતું હોય એમ લાગતું નથી. ચિત્તમાં જે ઉદ્ભવ્યું એ એમણે અહીં કંડાર્યું છે. વનસ્પતિ, ફૂલવેલની ભાત, પશુ, પક્ષી, કથા, દંતકથા, કાલ્પનિક ઘટનાઓ વગેરે ઘણુંઘણું આ સ્થંભો પર કંડારાયું છે. અગાઉ કહ્યું તેમ લગભગ ૩૦૦ સ્થંભો ઉપર આ શિલ્પીઓને એમનો કસબ દર્શાવવાની મોકળાશ મળી છે. અલબત્ત, એટલી સંખ્યામાં હવે સ્થંભો રહ્યા નથી. સ્થંભો ઉપર કીચકો છે. કીચકો તો પરંપરિત શિલ્પના નમૂનાઓથી મંડિત છે. સ્થંભો ઉપર ક્યાંક ગતિશીલ ઘટનાઓ ઊતરી છે. જેમ કે, સિંહ સાથે લડતો પુરુષ, મહાવતને નીચે પછાડતો હાથી, વાંદરાનું કાળજું ખાવાનો લાલચુ મગર, મૃતાત્માઓને લઈ જતા યમદૂતો વગેરે... પણ કોઈક સ્થળે, અલબત્ત, જૂજ સંખ્યામાં આ શિલ્પીઓએ ભોગાસનો આલેખવાનું કામ પણ કર્યું છે.

*

રાણીની વાવ જેવા ઉત્કૃષ્ટ સ્થાપત્યનો શી રીતે

નાશ થયો એ પણ તર્ક અને અનુમાનનો વિષય છે. પુરાણા પાટણમાં માત્ર રાણીની વાવ જ નહીં પણ એ પછીનાં સ્થાપત્યો પણ જુદા જુદા કાળે ધ્વસ્ત થતાં રહ્યાં છે. ઈ. સ. ૧૫૬૧ પછીના કોઈ કાળે સહસ્રલિંગ સરોવરની એ દશા થઈ. (ઈ. સ. ૧૫૬૧માં તો બહેરામખાને એક મછવામાં સહસ્રલિંગ સરોવરમાં સહેલાગાહ કરી હતી અને તળાવના કાંઠે ઊતરતાં એક પઠાણે એનું ખૂન કર્યું હતું.)

રાણીની વાવના નાશનું કારણ સરસ્વતી નદીનું પૂર ગણવામાં આવે છે. આ કારણને પ્રતીતિજનક માનીએ એ પહેલાં એ નદીની શક્તિ વિશે વિચારી લેવું જોઈએ. આ નદીમાં આવો વિનાશ સર્જવાની કોઈ કાળે ક્ષમતા હતી ખરી? (હવે તો એ નદીની ક્ષમતા ચકાસવાના કોઈ સંજોગો રહ્યા નથી. કારણ કે માનવસર્જિત સંજોગોને લીધે હવે એ નદી બે કાંઠે વહેતી જોવા મળતી નથી.) પણ જ્યારે એ નદી ખરેખર બે કાંઠે વહે છે ત્યારે એની શાંત શક્તિનો મુકાબલો કરવો ખરેખર દુષ્કર છે. એ નદીના પટમાં બે ફૂટ જેટલું પાણી હોય તો એમાં સ્થિર ઊભા રહેવું પણ મુશ્કેલ બને છે. ત્રણ ફૂટ કરતાં વધારે પાણી હોય ત્યારે એના પ્રવાહમાં માણસો તણાયાના દાખલા છે. અગાઉનાં વર્ષોમાં ભાદરવા સુદ ૧૪ની રાત્રે જાળેશ્વરના મેળા વખતે, જો પાણી બે ફૂટ કરતાં વધારે સપાટીએ હોય તો પાટણના સમાજસેવક રામપ્રસાદ જડિયા (ભૈયાજી)ના અખાડાના સ્વયંસેવકો નદીની આરપાર દોરડાં બાંધીને મેળે જનારા લોકોને નદી પાર કરાવતા. આ લખનારે ૫૦ વર્ષ પહેલાં નદીની આ તાકાત ઘણી વાર અનુભવી છે. આવી નદીમાં પૂર આવે ત્યારે વિનાશમાં શું બાકી રહે? નદીનો પટ છ માઈલ દૂર હોય તોપણ શું એ ઊભરાય ત્યારે એને બાંધી રાખનાર કોઈ મજબૂત કે ખડકાળ કાંઠો આ નદીને નથી. નિર્બંધ રેતીના વિશાળ પટમાં નદી વહે છે. (આ કારણે તો નદીનો માર્ગ બદલાતો રહ્યો છે.) વહેતાં પાણી નીચાણ શોધે. વાવ એ તો એવાં પાણીને પ્રવેશવાની આદર્શ જગ્યા! અને પૂરનાં પાણી એટલે એની સાથે કાંપ, માટી અને રેતીના ડહોળનો પાર નહીં. બધું એ પાણીની સાથે ધરબાય અને પુરાણ થાય.

સરસ્વતી નદીનું મૂળ અરવલ્લી ગિરિમાળામાં છે. કાળની અસર હેઠળ આ ગિરિમાળાના ચઢાવઉતાર (ઘસારો અને નવરચના સંદર્ભે)ની વાત લગભગ ૧૧૫ વર્ષ પહેલાં લખાયેલા સર વિલિયમ હંટરના પુસ્તક 'ઇન્ડિયન ઍમ્પાયર'માં નોંધાયેલી છે. આજે નદીનો પ્રવાહ ભલે ક્ષીણ દેખાતો હોય પણ સર હંટરે આપેલા ચડાવઉતારની વાત પરથી આખા પ્રદેશને પૂરથી તારાજ કરી મૂકે એટલી ક્ષમતા તો એ વર્ષોમાં સરસ્વતી નદીની હશે એવું અનુમાન સહેજે થઈ શકે એવું છે.

કમનસીબે આવું કોઈ પૂર વાવ તૈયાર થઈ એ વર્ષોમાં જ આવ્યું હોય. (એ પૂર વાવ બંધાયાના ચાર દાયકા દરમિયાન આવ્યું હોય એવો પૂરો સંભવ છે. એ પછી આવ્યું હોય તો વાવની રચના પછી ૪૫ વર્ષે બંધાયેલા સહસ્રલિંગ સરોવરને પણ તારાજીની અસર થઈ હોય. પણ એવું કંઈ થયું નથી. કારણ કે આપણે અગાઉ જોયું તેમ સહસ્રલિંગના હોવાની વાત બારમી અને તેરમી સદીના પ્રબંધો અને ગ્રંથોમાં સતત થતી રહી છે.) અને વાવનો ઉપલો એક અથવા બે માળ પાણીના પ્રવાહ સામે ટક્કર ન ઝીલી શક્યા હોય અને વાવમાં ધસી પડ્યા હોય.

પછીનાં વર્ષોમાં આવેલાં પૂર પણ વાવમાં કાંપ-માટી-રેતી ઠલવતાં રહ્યાં હોય. અને જે પૂરે સહસ્રલિંગ સરોવરને પણ ધ્વસ્ત કર્યું એ પૂરે રાણીની વાવના ભૂગર્ભવાસનો છેલ્લો પથરાટ કર્યો હશે. અને અગાઉ જણાવ્યું તેમ બહાર ડોકાતા છૂટા અવશેષો ખેંચાઈ જતાં આ ભવ્ય વાવ છેવટે ઘાસથી આચ્છાદિત ખાડો બની રહી હશે.

**(લેખક કૃત 'યક્ષકર્દમ'માંથી સાભાર)**

(૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.)

**સંભાળજે!**

સ્વાર્થીપણું આત્માનું ખૂન કરે છે. પણ તારું પરોપકારપણું બીજાઓની અંદર રહેલા આત્માનો વિનાશ ન કરે, તે તું સંભાળજે!

**શ્રીઅરવિંદ**

# પાષાણસુંદરી

## ભોળાભાઈ પટેલ

હમણાં પાટણમાં રાણીની વાવનાં શિલ્પો જોઈને આવ્યો છું અને એ અનુપમ સૃષ્ટિના સંમોહન તળે છું. આ કંઈ પહેલી વાર ત્યાં જવાનું થયું નથી, પણ જેટલી વાર એ શિલ્પો જોયાં છે, લાંબે સુધી એમની રમણા ચિત્તમાં ચાલ્યા કરે છે. નવસો-હજાર વર્ષ જૂની વાવમાં અસંખ્ય અદ્‌ભુત શિલ્પો છે, પણ એમાં આ વખતે ઉત્તર તરફની દીવાલમાં કોતરાયેલી એક પાષાણસુંદરી મનમાંથી ખસતી નથી. આ પાષાણસુંદરી નગ્ન છે. નગ્નતાનું સૌંદર્ય આટલું બધું ! ઇન્દ્રિયોને અભિભૂત કરે અને ઇન્દ્રિયાનુભૂતિની પાર પણ લઈ જાય. એમ તો વાવનો આખો સૌંદર્યલોક સ્મૃતિમાં ઊભરાય છે, પણ જાણે એમાંની એક હોવા છતાં એમાંથી અલગ નીકળી જઈને પેલી પાષાણસુંદરી અવકાશમાં એકલી ઊભી રહી જાય છે.

એવું નથી કે આવી પાષાણસુંદરીઓ અન્યત્ર જોઈ નથી. જગપ્રસિદ્ધ કોણાર્ક અને ખજૂરાહોમાં એની જોડમાં ઊભી રહી શકે એવી શિલ્પ-મૂર્તિઓ છે. ઈલોરાની ગુફાઓ કે સાંચીના સ્તૂપમાં ત્રાંસમાં જડાયેલી શાલભંજિકાઓ એક વાર જોનાર વીસરી શકે નહીં. ભુવનેશ્વરના લિંગરાજ મંદિરની બહારની બાજુના ગોખમાં મનુષ્યકદની સાલંકારા પાર્વતીની મૂર્તિ કદાચ રાણીવાવની આ પાષાણસુંદરી કરતાં વધારે પરિપૂર્ણ લાગે. અહીં હું હળેબીડું બેલૂરની અપ્સરાઓને પણ ભૂલી જતો નથી.

પરંતુ ઘણી વાર આવું થતું હોય છે અને આપણા પક્ષપાતને માટે આપણે કોઈ તાર્કિક કારણો આપી શકતા નથી. શિલ્પશાસ્ત્રજ્ઞોને આપણા આ પક્ષપાતમાં કલાના મૂલ્યાંકનની અક્ષમતા કદાચ દેખાય, પણ આ વખતે આ મૂર્તિના દર્શકોમાં ડૉ. હરિવલ્લભ ભાયાણી, શ્રી નરોત્તમ પલાણ, શ્રી રઘુવીર ચૌધરી, કુલપતિ કુલીનચંદ્ર યાજ્ઞિક, શ્રી યશવંત શુક્લ, શ્રી વિનોદ અધ્વર્યુ, શ્રી તપસ્વી નાન્દી જેવા કલારસિકો, વિદ્વાનો અને સર્જકોની પચ્ચીસ-ત્રીસ મંડળી હતી અને મારો ખ્યાલ છે ત્યાં સુધી પેલી પાષાણસુંદરીએ બધાંને પ્રભાવિત કર્યા હતા. મારો ખ્યાલ છે, એમ કહું છું. કેમ કે કોઈના મનમાં કોઈ બીજા શિલ્પનો વિશેષ પ્રભાવ રહ્યો હોય. અગાઉ એક વેળા આવેલા ત્યારે ભાષાવિજ્ઞાની ડૉ. યોગેન્દ્ર વ્યાસને નૃત્ય કરતા ગણપતિ જ નજરમાં વસી ગયેલા !

પાટણ જોયું એ પહેલાં રાણીવાવનું નામ સાંભળેલું. કવિ નરસિંહરાવ દિવેટિયાના પાટણ વિશેના પેલા કાવ્યમાં ‘અહિયાં સહસ્રલિંગ તળાવ વિશાળ હતું’ પછી ‘રાણીવાવનાં હાડ પડેલાં’નો ઉલ્લેખ આવે છે. નરસિંહરાવે ‘રાણીવાવનાં હાડ’ કહીને એની ખંડેર હાલતનો નિર્દેશ કરેલો લાગે છે. ગમે તેમ પણ ‘હાડ’ની ઉપમા ગ્રોટેસ્ક તો ખરી જ. મારા અધ્યાપક શ્રી મોહનલાલ પટેલ પાટણના, ત્રણેક દાયકા પહેલાં એમની સાથે એક આખો દિવસ પાટણનાં ખંડેરોમાં ભમેલા. રાણીવાવનો કૂવો ત્યારે જોયેલો અને કદાચ ત્યાં કોસ ફરતા પણ એવું સ્મરણ છે. કોઈને ત્યારે ખબર નહોતી કે એક અદ્‌ભુત સૌંદર્યલોક ધરતી નીચે ધરબાયેલો છે.

પછી પુરાતત્ત્વખાતાએ ખોદકામ હાથ ધર્યું અને ધરતીમાંથી એક અક્ષુણ્ણ અનેક માળવાળી વાવ નીકળી આવી. ખોદકામના જુદા જુદા તબક્કામાં આ નીકળી રહેલી વાવનાં સ્થાપત્ય અને શિલ્પ જોઈ અવાક થઈ જવાયું છે. અડાલજની વાવનું સ્થાપત્ય બેનમૂન છે અને શિલ્પસૃષ્ટિ પાંખી છે. કેટલીક સુંદર ભાતો – ડિઝાઇનો મનમાં વસી જાય એવી છે પણ રાણીની વાવનાં શિલ્પ તો અનન્ય.

રાણી ઉદયમતીએ આ વાવ બંધાવેલી છે, એમ સંશોધકો કહે છે. પણ એ વાવનો સ્થપતિ કોણ હશે ?

એના મુખ્ય શિલ્પીઓ કોણ હશે ? કોણ હશે પેલી પાષાણસુંદરીનો શિલ્પી ? શિલ્પી સામે 'મૉડેલ' તરીકે કોણે કામ કર્યું હશે ? શું ખરેખર એવી કોઈ સુંદરી આ લોકમાં વિદ્યમાન હતી ? કલાકાર સામે મૉડેલિંગ કરતી વખતે એ આમ નિરાવરણ ઊભી હશે કે પછી કલાકારના કલ્પનાલોકનું જ સર્જન હશે ? પરંતુ કલ્પનાને ઊભવા માટે પણ ક્યાંક તો ભોંય જોઈએ. અવશ્ય એવી કોઈ સુંદરી હશે. રઘુવીરની 'રુદ્રમાળ' નવલકથામાં કર્પૂરમંજરી નાયિકા છે અને એ સુંદર શ્રેષ્ઠી કન્યાના આદર્શ પર શિલ્પી પાષાણમાં એને કંડારે છે.

હું રાણીની વાવની એ પાષાણસુંદરીને એ રીતે જોતો હોઈશ (મારા જેમ બીજા વિદગ્ધ દર્શકો પણ હતા) કે ડૉ. ભાયાણીને વિનોદ સૂજ્યો. આમેય આ રસજ્ઞ વિદ્વાન પ્રહાર કરવાની આવી તક જતી કરે નહીં. હસતાં હસતાં બોલ્યા : 'તમે નવસો વર્ષ મોડા છો' – અને મારી સાથે સૌ હસી પડ્યા. કદાચ દરેકને થયું હશે કે સાચે જ નવસો વર્ષ મોડા છીએ. ડૉ. ભાયાણી પછી કહે કે એ વખતે ગણિકાઓ કે વેશ્યાઓ જ મુખ્યત્વે 'મૉડેલ' તરીકે કામ કરતી.

'પણ એ ગણિકાઓ ચોસઠ કલાઓમાં નિપુણ હોતી'તી – મેં કહ્યું.

તો શું આ પાષાણસુંદરી કોઈ ગણિકા કે વેશ્યા હશે ? (કોઈ રાજકન્યા કે શ્રેષ્ઠીકન્યા ના હોઈ શકે શું ? – જે શિલ્પીના પ્રેમમાં હોય અને એકાંતમાં એનું અનાવૃત રૂપ એણે જોયું હોય.) પરંતુ આ નગ્નતા ! ભારતીય કલા-પરંપરામાં નગ્નતાના સૌંદર્યને પરખવાની એક ઉદાર રુચિ હતી. આજે ?

થોડા દિવસ પહેલાં જર્મન કવિ રિલ્કેની કવિતા વાંચતાં એક તબક્કે એક કવિને પ્રભાવિત કરનાર ફ્રેંચ શિલ્પી રોદાં વિશે વાંચવાનું મન થયું. ૧૯૮૪માં આ જગપ્રસિદ્ધ શિલ્પીનાં મૂળ શિલ્પો કલકત્તામાં પ્રદર્શિત થયેલાં. એ શિલ્પોમાંથી 'ચુંબન', 'ચિંતક', 'ઈવ', 'આદમ', 'સનાતન મૂર્તિ', જેવાની ચર્ચા પણ ભારતીય અખબારોમાં વાંચી હતી.[૧] રોદાંનાં આ શિલ્પોમાં મનુષ્યદેહનો અદ્‌ભુત મહિમા છે. માત્ર ચહેરો જ આત્માનું પ્રતિબિંબ નથી હોતો, શરીરનો કોઈ પણ અંશ આત્માને પ્રતિબિંબિત કરે છે. એની કૃતિઓમાં દેહની રમ્ય સ્વાભાવિકતા પ્રકટ થાય છે. રોદાંના જીવનને કેન્દ્રમાં રાખીને ડેવિડ વાઇસે એક નવલકથા લખી છે. (જેમ કલાકાર માઇકેલ એન્જેલોના જીવન પર – 'એગની અને એકસ્ટસી' કે ચિત્રકાર વાન ગોગના જીવન પર 'લસ્ટ ફૉર લાઇફ'ની જેવી ઈરવિંગ સ્ટોનની નવલકથાઓ છે.) ડેવિડ વાઇસની તો નવલકથાનું નામ જ છે, 'નૅકેડ કેઇમ આઈ' (આ ધરતી પર હું નગ્નરૂપે અવતર્યો છું અને અંતે નગ્નરૂપે જઈશ એવી ડૉન ક્વિકઝોટમાંની પંક્તિઓનો તેમાં સંદર્ભ છે.) એક કલાકારનો જીવનસંઘર્ષ તો એમાં નિરૂપાયો છે, પણ એની જીવનદૃષ્ટિ વિશેષે મનુષ્યદેહના ઓજ અને લાવણ્ય વિશેની. એની કારકિર્દીના આરંભમાં એણે 'ઍઝ ઑફ બ્રોન્ઝ' શિલ્પ બનાવેલું. એ શિલ્પમાં પુરુષની નગ્ન આકૃતિ છે. જેવું એ શિલ્પ પ્રદર્શિત થયેલું કે ૧૯મી સદીની કલારસિક પૅરિસનગરીમાં પણ હોહા મચી ગયેલી. ધરાર નગ્ન ? (આપણને ગોમ્મટેશ્વરની વિરાટ નગ્ન મૂર્તિનું કદાચ સ્મરણ થાય. પણ ભારતીય કલામાં નગ્નતા અને પાશ્ચાત્ય કલામાં નગ્નતામાં ફેર છે. આપણી ચિત્રકલા કે શિલ્પકલામાં નગ્નતા પણ આદર્શીભૂત હોય છે, એથી એક અંતર ઊભું થાય છે, પાશ્ચાત્ય ચિત્રકલા કે શિલ્પમાં નગ્નતા પ્રાયઃ યથાતથ માંસલ રૂપમાં આવે છે. રાણીની વાવની પાષાણસુંદરી પાસે વીનસને મૂકી જોઈએ તો ?) પછી તો રોદાંએ એવાં અનેક પ્રસિદ્ધ પુરુષો અને નારીઓનાં શિલ્પો કર્યાં છે. એના સ્ટુડિયોમાં એ જેને મૉડેલ માટે બોલાવતો એમને નગ્ન જ રહેવાનું રહેતું. એ નગ્ન મૉડેલ એના સ્ટુડિયો-ઉદ્યાનમાં 'સ્વભાવિક'પણે ફરતાં હોય. રોદાં તેમાંથી એકાદના દેહની કોઈ રેખા, કોઈ વળાંક જોઈ ત્યાં એને અટકાવી દે. પછી અંકિત કરી લે. એના 'ચુંબન' નામના જગવિખ્યાત શિલ્પમાં મૉડેલ તરીકે એની પ્રેયસી અને પોતે ઉત્તમ શિલ્પલેખા એવી કામિલે[૨] હતી. એ શિલ્પ કેમ ઘડાતું ગયું, મનુષ્યદેહની ઉષ્મા એ કેવી પથ્થરમાં ઉતારી શક્યો એની

૧. જૂન ૧૯૮૯માં પૅરિસમાં રોદાં મ્યુઝિયમમાં આ બધાં જગવિખ્યાત શિલ્પો જોવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

૨. કામિલે વિશે હમણાં ફ્રેંચમાં ફિલ્મ ઊતરી છે.

વાત નવલકથામાં અત્યંત રોમાંચક રીતે કરી છે. રોદાંની સર્જનપ્રક્રિયા પર પ્રકાશ ફેંકે છે.

રાણીની વાવની પાષાણસુંદરી ઉત્તરની દીવાલે દક્ષિણાભિમુખ કરીને ઊભી છે. નવસો વર્ષ પહેલાંના શિલ્પીએ એને કેવી રીતે ઘડી હશે ? પરંતુ એ માત્ર નગ્ન સુંદરીનું નિર્માણ કરીને અટકી ગયો નથી. કદાચ એ આ લોકની કોઈ રક્તમાંસની નારીનું પ્રતિરૂપ હોય તોપણ શિલ્પીએ એને એક લોકોત્તરતા આપી દીધી છે, એના રમ્ય દેહ પર સર્પના આલેખન અને મસ્તકે ત્રણ ઘુવડોના આલેખનથી. આ શિલ્પરમણીનું રમ્ય મુખ, ઉન્નત સ્તનોના વળાંક, પેટની નાજુક ત્રિવલી કે વહેતી લાગતી જઘનરેખાઓ જોતાં જે ભાવોદ્રેક થાય, એ પૂરતો નથી કે એ સર્પ ? (ઘણી વાર વીંછી પણ શિલ્પિત હોય છે) શું એ કામવાસનાનો નિર્દેશ કરે છે ? સર્પની સાથે 'સેક્સ'ની પ્રતીકાત્મકતા તો પૂર્વ અને પશ્ચિમનાં પુરાણોમાં અને આધુનિક મનોવિજ્ઞાનમાં પણ ચર્ચાતી રહી છે. ફ્રેન્ચ કવિ વાલેરીની 'સર્પ' નામની એક કવિતામાં સર્પદંશ કૌમાર્યભંગને પ્રતીકિત કરે છે. આ ક્ષણે પૂર્વ-પશ્ચિમ મનમાં ભેગાં થઈ જાય છે.

નવસો વર્ષ. હા, સિદ્ધરાજ અને કુમારપાળના પાટણમાં રાજગુરુ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને પણ નવસો વર્ષ થયાં. ખરેખર તો અમારી મંડળી હેમચંદ્રની નવમી જન્મશતી પ્રસંગે પાટણમાં મળી હતી. હેમચંદ્રની પ્રતિભાનાં વિવિધ પાસાંની વિદ્વદ્ પરિચર્યા પછી અમે રાણીની વાવ જોવા આવ્યા હતા. હેમચંદ્રાચાર્યની વાત પછી આ પાષાણસુંદરીની આખી વાતમાં અસંગતિ લાગે તો આ મહાપ્રાજ્ઞે 'કાવ્યાનુશાસન' અને 'અપભ્રંશવ્યાકરણ'માં ઉદાહરણ તરીકે આપેલાં શૃંગારરસનાં ઉદાહરણો યાદ લાવવાં. વીતરાગ હોવા છતાં સમગ્ર જીવનનો સ્વીકાર એમની આ ઉદાર દૃષ્ટિમાં છે. હા, તો નવસો વર્ષ પહેલાંની આ શિલ્પસૃષ્ટિનું અર્થઘટન કરવા વિદ્વાનો મથી રહ્યા. શ્રી નરોત્તમ પલાણ તો શિલ્પશાસ્ત્રજ્ઞ. ઘુવડ શા માટે ? સર્પ શા માટે ?

એ વિષકન્યા તો નથી ? પ્રાચીન રાજનીતિમાં વિષકન્યા એક ઉપાય છે. સુંદરી કન્યાઓને રોજ વિષનું સેવન કરાવી અનેક કલાઓના જ્ઞાન સાથે ઉછેરવી. એ પોતાના મોહક હાવભાવથી શત્રુ રાજા કે પ્રતિસ્પર્ધીને વશમાં કરે. એના એક જ ચુંબન કે સહ-શયનથી પેલો મૃત્યુશરણ થાય એવી એ વિષકન્યાઓ. વિશાખદત્તના 'મુદ્રારાક્ષસ' નાટકમાં ચાણક્યે પ્રતિસ્પર્ધી રાજા પર્વતેશ્વર માટે વિષકન્યાનો ઉપાય કર્યાનો ઉલ્લેખ છે. અમને તો જો એ વિષકન્યા હોય તો તેની પાષાણી મૂર્તિનાં દર્શને જાણે ઝેર ચઢવા માંડ્યું હતું.

પણ રાણીની વાવમાં આ એક જ મૂર્તિ નથી. એક પછી એક ખંડ ઊતરતા જાઓ. છેક છેલ્લે પહોંચો, જ્યાં પાણી ભરેલાં છે. એ પાણીની ઉપર એક પછી એક થર જોતા જાઓ. બરાબર સામે શેષશાયી વિષ્ણુ છે. એનાથી ઉપરના માળે પણ શેષશાયી, એથી ઉપર પણ શેષશાયી. વાવમાં ક્યારેક પાણી ઉપર આવતાં એક-બે માળ તો નીચે જળમાં ડૂબેલા રહેતા હશે ત્યારે પાતાળલોકની સદશ્ય બની જતા હશે. સૂતેલા વિષ્ણુના લંબાયેલા પગની રેખાનો વળાંક કલાકારની સિદ્ધિ છે.

પગને છેક છેડે બેઠાં છે લક્ષ્મી, પગ દબાવતાં. જરા ન ગમ્યું. ચારે પાસની સુંદર મૂર્તિઓ પછી તો જોયા જ કરો. અપ્સરાઓ, દેવતાઓ, નર્તકીઓ, કલ્પવલ્લીઓ, અવતારકથાઓ અને કંઈકેટલુંય.

વાવના ઊંડાણમાંથી ભીનાશની હવડ વાસ નાકને તરબતર કરી દેતી – જાણે નવસો વર્ષનો, હજાર વર્ષનો ઇતિહાસ સૂંઘી રહ્યા ન હોઈએ !

નવસો વર્ષ પહેલાંનો એ ગુજરાતનો ભવ્ય ભૂતકાળ ! કેવા હશે એ દિવસો ? ફ્રેંચ ક્રાંતિના દિવસોને સ્મરીને વર્ડ્ઝવર્થે કવેલું છે કે એ દિવસોમાં જન્મવું અને ત્યાં હોવું એ તો વિધાતાનાં વરદાન ગણાય – અને એમાંય એ વખતે જુવાન હોવું એ તો હાજરાહજૂર સ્વર્ગ હતું. ડૉ. ભાયાણીનો વિનોદ મનમાં ચોંટી ગયો છે. નવસો વર્ષ મોડા છીએ – અને હા, એવા જુવાન પણ ક્યાં છીએ !

વાવમાંથી નીકળનારામાં છેલ્લો હું હતો. નીકળતાં ફરી વાર ઉત્તરની દીવાલે રહેલી એ પાષાણસુંદરીને આંખમાં ભરી લીધી.

૧૯૮૯ **(લેખકકૃત 'તેષાં દિક્ષુ'માંથી સાભાર)**

# ચાંપાનેર : ગઈ કાલ અને આજ

**થોમસ પરમાર**

### ૧. ચાંપાનેરનો ઇતિહાસ

મધ્યકાલીન ગુજરાતની રાજધાનીઓ બે હતી – અમદાવાદ અને ચાંપાનેર. અહમદશાહ બાદશાહે અમદાવાદ વસાવીને પોતાના રાજ્યની રાજધાની ત્યાં જ રાખી. મહમૂદ બેગડાએ ચાંપાનેર જીતીને તે પછી રાજધાની અમદાવાદને બદલે ચાંપાનેરમાં રાખી. ચાંપાનેર (ઉ. અ. ૨૨-૨૯ પૂ. રે. ૭૩ અંશ-૩૨) હાલોલ તાલુકામાં હાલોલથી ૭ કિમી. દૂર પાવાગઢની તળેટીમાં આવેલું છે. ઐતિહાસિક પુરાવાઓને આધારે ચાંપાનેર-પાવાગઢનું સ્થાન બહુ પ્રાચીન હોવાનું જણાય છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્વ વિભાવ દ્વારા ચાંપાનેરમાં થયેલ સ્થળતપાસ દરમિયાન અહીંથી પ્રાગૈતિહાસિક કાલના મધ્યાશ્મ અને અન્ત્યાશ્મ યુગનાં ઓજારો પ્રાપ્ત થયાં છે. સૌથી પ્રાચીન ઓજારોમાં અશ્મછરા, કાપણી, અશ્મકુહાડી, રંદા વગેરે અનેક પ્રકારનાં ઓજારો મળી આવ્યાં છે. કાળી માટીમાં દાટેલા ત્રણ શંખ મળ્યા હતા. ચાંપાનેરના માનવીનો જીવનકાળ લાંબો સંભવતઃ લાખેક વર્ષ કરતાં વધુ જૂનો ગણાય. સોલંકી રાજાઓના શાસન પહેલાં આ પહાડ ગુજરાત કરતાં માળવાની હદમાં રહ્યો હોય એમ જણાય છે. સોલંકીઓને માળવા સાથે વારંવાર યુદ્ધમાં ઊતરવું પડતું. તેથી આ સ્થળનું મહત્ત્વ સોલંકી કાળથી વધ્યું હોવાનું માની શકાય. આથી સોલંકી કાળ પહેલાં આ સ્થાનના ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી. જૈન સાહિત્યમાં પાવાગઢ-ચાંપાનેરના ઉલ્લેખો મળી આવે છે. તે જોતાં જણાય છે કે સોલંકી કાળ પહેલાં પણ ત્યાં જૈનોનાં મંદિરો હશે અને જૈન તીર્થોમાં તેની ગણના થતી હશે. તપાગચ્છની બૃહત્ પટ્ટાવલિમાં અંચલગચ્છના સ્થાપક વિજયચંદ્ર ઉપાધ્યાય વિ. સ. ૧૧૬૯ (ઈ. સ. ૧૧૧૩-૧૪)માં વિહાર કરતાં પાવાગઢ ઉપર આવ્યા હતા અને ત્યાં સંભવનાથ ભગવાનને નમસ્કાર કર્યા હતા. આ ઉલ્લેખ સંભવનાથનું મંદિર અહીં હોવાનું સૂચન કરે છે. અહીં હિન્દુ દેવી મહાકાલિ માતાનું સ્થાનક છે. જૈનોના ચોથા તીર્થંકર શ્રી અભિનંદનપ્રભુની શાસન અધિષ્ઠાયિકા કાલિકા દેવી છે. અંચલગચ્છના આચાર્યો મહાકાલિને સ્વગચ્છરક્ષિકા ગણે છે. આથી મહાકાલિને લીધે ચાંપાનેર હિન્દુઓ અને જૈનોનું પૂજનીય સ્થળ રહ્યું છે. અહીં બાવન જિનાલયનું ભવ્ય મંદિર જૈનસંઘે બંધાવ્યું હતું અને તેમાં આવેલી શ્રી અભિનંદન પ્રભુજી અને શ્રી જીરાવાલા પાર્શ્વનાથની મુખ્ય પ્રતિમાઓની અંજલશલાકા અને પ્રતિષ્ઠા વિ. સં. ૧૧૧૨માં વૈશાખ સુદ ૫ ગુરુવારે શ્રી ગુણસાગર સૂરીશ્વરને હાથે થઈ હતી ત્યારે ચાંપાનેરના જૈનસંઘે મોટો ઉત્સવ ઊજવ્યો હતો. તેરમી સદીમાં વસ્તુપાલ-તેજપાલે પાવાગઢમાં સર્વતોભદ્ર નામનું ભગવાન મહાવીરસ્વામીનું મંદિર બંધાવ્યું હતું. જૈનોએ પાવાગઢને શત્રુંજય પર્વતનો અવતાર તરીકે ગણ્યો છે. આ પછી અકબરના સમયથી જૈન ઉલ્લેખો મળે છે.

આમ પાવાગઢ-ચાંપાનેરનું સ્થાન પ્રાચીન ગણાય છે, પણ કેટલું પ્રાચીન તે નક્કી થઈ શકતું નથી. દંતકથા તો આ સ્થળની પ્રાચીનતા વનરાજ ચાવડા સુધી જાય છે. દંતકથામાં જણાવ્યા પ્રમાણે વનરાજના સાથી ચાંપાએ ચાંપાનેર વસાવ્યું હતું. આના આધારે આ સ્થળનું નામ ચાંપાનેર પડ્યું હોવાનું મનાય છે. પાવાગઢ બેસાલ્ટ અને રાયોલાઈટનો બનેલો છે. તેનો ઉપલો ભાગ રાયોલાઈટનો છે. આ પથ્થર ચંપકવર્ણનો છે. તેથી ડૉ. આર. એન. મહેતાની માન્યતાનુસાર પાવાગઢનો રંગ ચંપક જેવો હોવાથી ચાંપાનેર નામ પડ્યું છે. ચાંપાની પાછળ નેર શબ્દ પ્રયોજેલો છે તેથી બંનેને ભેગા કરતાં ચાંપાનેર થયું હોય. નેર શબ્દ વાંકાનેર, બિકાનેર જેવાં સ્થળોનાં નામની પાછળ પણ આવે છે આથી 'નેર'નો ભાષાશાસ્ત્રીય અર્થ

જાણી આ સ્થળના નામનું કારણ જાણી શકાય.

ચાંપાનેરનો પૂર્વ ઇતિહાસ તપાસતાં જણાય છે કે અહીં સૌપ્રથમ ચોદ્રા ભીલોનું આધિપત્ય હતું. ચોદ્રા ભીલો દક્ષિણ-પૂર્વના ગુજરાતમાં વસે છે. વનરાજ ચાવડાના સાથી ચાંપાની અનુશ્રુતિ પછીનાં પાંચસો વર્ષ સુધી ચાંપાનેરનું કે પાવાગઢનું નામ ઇતિહાસમાં મળતું નથી. સોલંકી સમયમાં તુંવાર કે બીજા કોઈની સત્તા ચાંપાનેરમાં સોલંકી સમયમાં હોવી જોઈએ. ઈ. સ. ૧૩૦૦ની આસપાસ અહીં ખીચી ચૌહાણ વંશની સ્થાપના થઈ હતી. ઈ. સ.ની ૧૩૦૦ની આસપાસ રાજસ્થાનના રણથંભોરમાં અલાઉદ્દીનની સેનાએ ઘેરો ઘાલ્યો ત્યારે તે યુદ્ધમાં વીરગતિને પામેલા ખીચી ચૌહાણ હમ્મીરદેવે પોતાના પુત્ર રામદેવને સલામતી માટે બહાર રવાના કરી દીધો. રામદેવ પોતાના પિતાના બચેલા સરદારો સાથે ગુજરાતમાં આવ્યો અને એણે પાવાગઢની આજુબાજુના પ્રદેશ પર પોતાની સત્તા જમાવી. ત્યાં તેણે મજબૂત કિલ્લો બંધાવ્યો અને ચાંપાનેરને પોતાના નાનકડા રાજ્યની રાજધાની બનાવી. આમ ચાંપાનેરને પ્રથમ વાર ખીચી ચૌહાણોના શાસન દરમિયાન રાજધાનીનો દરજ્જો મળ્યો હતો. અહીંના ચૌહાણ રાજાઓ 'પતાઈ' તરીકે ઓળખાતા. 'પતાઈ' એ પાવાપતિ (અર્થાત્ પાવાગઢના અધિપતિ)નું સંક્ષિપ્ત છે. હાલોલ પાસેના નાની ઉમરવાણ ગામના એક કૂવાની દીવાલ પર વિ. સં. ૧૫૨૫ (ઈ. સ. ૧૪૬૯)નો એક શિલાલેખ મળ્યો છે. તેમાં પૃથ્વીરાજ પ્રમુખ ચૌહાણ વંશમાં હમ્મીરદેવ દેવકુલમાં રામદેવથી ગુજરાતમાં શરૂ થયેલા આ વંશના ૧૩ રાજાઓનો ઉલ્લેખ છે. ચાંપાનેર મુસ્લિમોની સત્તા નીચે આવ્યું તે પહેલાં ૧૮૫ વર્ષ સુધી એટલે કે ઈ. સ. ૧૩૦૦થી ૧૪૮૪ સુધી ચાંપાનેર પર ખીચી ચૌહાણની સત્તા હતી. પરંતુ હાલનું ચાંપાનેર ગામ જે ઠેકાણે છે તે ઠેકાણે એ ચાંપાનેર નહોતું. રજપૂતોના વખતનું ચાંપાનેર પાવાગઢની ઉત્તર ભાગની તળેટીમાં પર્વતને અડીને વસેલું હતું. હાલ એ ભાગ ઉજ્જડ છે, માત્ર પડી ગયેલા મહેલોનાં ખંડેરો, કૂવા-તળાવની તૂટેલી પાળો, કોટના અવશેષો વગેરે જોવા મળે છે. આજનું ચાંપાનેર મહમૂદ બેગડાએ જીત્યા પછી પર્વતની પૂર્વ તરફ નવું બંધાવ્યું. શ્રી ગટ્ઝ માને છે કે પહેલી રક્ષણ હરોળ પાસે મેંદી તળાવ અને રાજાના મહેલની પાસે જ રજપૂત ચાંપાનેર હતું. મુસ્લિમ સત્તા દરમિયાન નવું ચાંપાનેર વસતાં હિન્દુ ચાંપાનેરના અવશેષો નવા ચાંપાનેરમાં વાપરવામાં આવ્યા હશે. એ કારણથી જ જૂના ચાંપાનેરના અવશેષો જણાતા નથી. અમદાવાદમાં આશાવલનું થયું તેમ, રજપૂત ચાંપાનેરના કોઈ કોઈ ભાગ મુસલમાન ચાંપાનેરમાં ભળી ગયા હોવાની સંભાવના છે.

ગુજરાતની સ્વતંત્ર સલ્તનત દરમિયાન ચાંપાનેર પર ત્રણ વખત આક્રમણ થયાં હતાં. હિ. સં. ૮૨૧ (ઈ. સ. ૧૪૧૮)માં અહમદ શાહે ચાંપાનેર પર આક્રમણ કરીને ઘેરો ઘાલ્યો. ચાંપાનેરનો રાજા ત્ર્યંબકદાસ થોડા જ સમયમાં શરણે આવ્યો અને ખંડણી તથા લડાઈનો ખર્ચ આપી સમાધાન કર્યું. બીજું આક્રમણ સુલતાન મુહમ્મદશાહ રજાએ ઈ. સ. ૧૪૪૯માં કર્યું. તે સમયે ચાંપાનેરમાં ગંગદાસ અથવા ગંગેશ્વરની સત્તા હતી. ગંગદાસે માળવાના સુલતાન મહમૂદશાહ ખલજીને મોટી રકમ આપવાની શરતે પોતાના પક્ષમાં લીધાના સમાચાર મળતાં મુહમ્મદશાહે પીછેકૂચ કરી. **'गंगदासप्रताप विलास नाटक'**માં આ યુદ્ધની વિગત આપવામાં આવી છે અને તેમાં મુહમ્મદશાહની નિષ્ફળતા દર્શાવી છે. ત્રીજું નિર્ણાયક યુદ્ધ મહમૂદ બેગડાના સમયમાં ઈ. સ. ૧૪૮૨માં ખેલાયું. માળવાના સુલતાનો ગુજરાત પર અવારનવાર આક્રમણ કરતા. ચાંપાનેરના ચૌહાણ રાજાઓ અને માળવાના સુલતાનો વચ્ચે મૈત્રીભાવ હતો. ચાંપાનેરના રાજ્યને દૂર કરવામાં આવે તો માળવા જીતવાનો માર્ગ સરળ બને. તેથી મહમૂદ બેગડાની ચાંપાનેર જીતવાની ઇચ્છા ઘણા સમયથી હતી. એ વરસ બેગડાના અમલદાર મલિક સઘા સુલતાનીએ ચાંપાનેરનાં કેટલાંક ગામોમાં લૂંટ ચલાવી. ત્યારે ચાંપાનેરના રાજા જયસિંહ પતાઈએ મલિક પર હુમલો કર્યો. મલિક મૃત્યુ પામ્યો. મહમૂદ બેગડાને લડાઈ કરવા માટેનું સચોટ કારણ મળી ગયું અને તેણે ચાંપાનેર પર આક્રમણ કર્યું. ચાંપાનેરનાં પ્રદેશનાં બધાં નાકાં મહમૂદે બંધ કર્યાં. વીસ માસ સુધી ઘેરો ઘાલી એ પડી રહ્યો. જયસિંહે સમાધાન માટે ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ મહમૂદે તેનો અસ્વીકાર કર્યો. પરદેશથી લાવવામાં આવેલી તોપો

દ્વારા કિલ્લામાં પ્રવેશ કર્યો. રાજપૂત સ્ત્રીઓએ જૌહર અને પુરુષોએ કેસરિયા કર્યા. રાજપૂતોની હાર થઈ. જયસિંહ પતાઈ અને તેનો મંત્રી ડુંગરસી પકડાઈ ગયા. પાંચ માસની કેદ પછી બંનેને ઇસ્લામ સ્વીકારવાની શરતે જીવતદાન આપવાનું જણાવ્યું, પરંતુ બંને તેનો ઇન્કાર કરતાં તેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો. આ રીતે ઈ. સ. ૧૪૮૫માં ચાંપાનેરના ખીચી ચૌહાણ વંશનો અંત આવ્યો. સુલતાન મહમુદે જૂના ચાંપાનેરની બાજુમાં પર્વતની પૂર્વની તળેટીમાં નવું ચાંપાનેર વસાવ્યું અને એનું નવું નામ 'મુહમ્મદાબાદ' પાડ્યું. ત્યાં 'જહાંપનાહ' નામનો કિલ્લો બંધાવ્યો. આ રાજગઢ અને શહેરને ફરતો કોટ બંધાવ્યો. રાજધાનીનું સ્થળ અમદાવાદથી ચાંપાનેર ખસેડવામાં આવ્યું. ત્યાં ટંકશાળની પણ સ્થાપના કરી. ત્યાંથી પડેલા સિક્કાઓ પર ચાંપાનેરનું નામ 'શહેરે મુકર્રમ' અને 'મુહમ્મદાબાદ ઉર્ફે ચાંપાનેર' જોવા મળે છે. લોકપ્રિય દેવીભક્ત શ્રી વલ્લભધોળારચિત કાલિકા માતાના જાણીતા ગરબા 'મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાલિ રે'માં જયસિંહ પતાઈના પતન માટે દર્શાવેલ કારણમાં કોઈ ઐતિહાસિક તથ્ય જણાતું નથી. તેમ જ આ ગરબો ૧૮મી સદીમાં રચાયેલો છે. તે જ રીતે મેના ગુર્જરીના ગરબાને પણ પાવાગઢના પતન સાથે કોઈ સંબંધ નથી.

ઈ. સ. ૧૫૩૫માં મુઘલ બાદશાહ હુમાયુએ ગુજરાતના સુલતાન બહાદુરશાહને હરાવીને ચાંપાનેર તથા પાવાગઢ જીતી લીધાં. એ જ વર્ષે બહાદુરશાહે ગુમાવેલા તે પ્રદેશો જીતી લીધાં. ઈ. સ. ૧૫૭૨-૭૩ દરમિયાન અકબર દ્વારા ગુજરાતમાં મુઘલ સત્તાનો પાયો નંખાયો. ત્યારે પાવાગઢ ફરીથી મુઘલ સત્તા નીચે આવ્યું. જહાંગીરના સમયમાં રચાયેલ 'મિરાતે-સિકંદરી'માં ચાંપાનેરનાં કાવ્યાત્મક વર્ણનો છે. ચાંપાનેરના કુદરતી સૌંદર્યનાં ભારોભાર વર્ણન કરવામાં આવ્યાં છે. સાથોસાથ તેની દુર્દશાનાં પણ વર્ણન છે. હુમાયુના વિજય પછી રાજધાની પાછી અમદાવાદ ગઈ. આથી રાજ્યના મુખ્ય શહેર તરીકેની સઘળી પ્રવૃત્તિઓનો ચાંપાનેરમાં અંત આવ્યો. અમલદારો, વેપારીઓ ત્યાંથી ખસવા માંડ્યા. લોકો અમદાવાદ અને વડોદરા તરફ જવા લાગ્યા. ધીમે ધીમે ચાંપાનેરનું મહત્ત્વ ઘટવા લાગ્યું. દોઢસો વર્ષ સુધી પાવાગઢની ટેકરીનો ઉપયોગ લશ્કર માટે થતો. ઈ. સ. ૧૭૨૭માં કૃષ્ણાજીએ તેની પર કબજો જમાવ્યો. થોડો વખત તે સિંધિયા પાસે રહ્યો. ઈ. સ. ૧૮૫૩માં તે બ્રિટિશ હકૂમત નીચે આવ્યો.

આમ ઈ. સ. ૧૩૦૦થી ઈ. સ. ૧૮૫૩ એટલે કે લગભગ ૫૫૩ વર્ષનો ઇતિહાસ પાવાગઢ-ચાંપાનેર ધરાવે છે.

## ૨. ચાંપાનેરનું નગર-આયોજન

નવા ચાંપાનેર એટલે કે મુહમ્મદાબાદનું નગર-આયોજન અમદાવાદના નગર આયોજનને મળતું આવે છે. તે બેમાં ફેર માત્ર એટલો જ છે કે અમદાવાદ સાબરમતી નદીના કિનારે આવેલું છે, જ્યારે ચાંપાનેર પાવાગઢની તળેટીમાં આવેલું છે. પર્વતની ખીણમાં વસાવાતા નગરને સ્નાહ કહેવામાં આવે છે. અમદાવાદની જેમ અહીં પણ જુમ્મા મસ્જિદને કેન્દ્રમાં રાખીને નગરનું આયોજન કરવામાં આવ્યું છે. આ નગર 'કાર્મુક' પ્રકારનું હતું. કાર્મુકનો અર્થ ધનુષ્ય થાય છે. આ પ્રકારના નગરનો આકાર ધનુષ્યની જેમ અર્ધવૃત્તાકાર હોય છે તેથી તેને આવું નામ મળ્યું છે. ડૉ. રમણલાલ મહેતાના નેતૃત્વ નીચે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑવ બરોડાના પુરાતત્ત્વ વિભાગ દ્વારા ચાંપાનેરનું સ્થળ સંશોધન થયું એના આધારે તેના નગર આયોજનની વિગતો જાણવા મળે છે. રાજમહેલની જમણી બાજુએ અમીર-ઉમરાવો અને રાજદરબારીઓના વસવાટ હતા, જ્યારે ડાબી બાજુએ કર્મચારીઓ, મજૂર વર્ગ અને મહેલમાં કામ કરનારાં દાસ-દાસીઓ તથા સેવકોના વસવાટ હતા. ચાંપાનેરનું આયોજન મુહાફિઝ ખાને કર્યું હતું. મસ્જિદની આજુબાજુ ખુલ્લા મેદાનની સામે બજાર પણ અમદાવાદની જેમ વિકસ્યું હતું. વસવાટની પદ્ધતિ જાતિ-વર્ણાધિવાસ પ્રમાણે હતી. રસ્તાઓનું વિભાજન, ચોક ચકલા અને બજારની વ્યવસ્થામાં પણ અમદાવાદનું અનુકરણ જણાય છે. પોળ, વાડા વગેરે પણ અમદાવાદના સેક્ટર પ્લાનિંગની પદ્ધતિને અનુસરે છે. અમદાવાદની સરખામણીમાં અહીં કોટના દરવાજા ઓછા છે. એના મુખ્ય ચાર વિસ્તાર હતા. મહાકાલિના પ્રસિદ્ધ ગરબામાં એનો ઉલ્લેખ છે. 'ચાંપા તે નેરના ચાર ચૌટા મહાકાલિ રે'. આ ચાર વિસ્તારના ચાર દરવાજા

અને વચ્ચેનો દરવાજો એમ પાંચ મુખ્ય દરવાજા હતા. રક્ષણની દૃષ્ટિએ અહીં વધુ દરવાજા કરવાનું સલામત નહોતું. જહાંપનાહને પણ એક મુખ્ય દરવાજો હતો ને બીજી ચાર બાજુ ચાર બારી જેવા નાના દરવાજા રક્ષણની દૃષ્ટિએ હતા.

## ૩. ચાંપાનેરનો સ્થાપત્યકીય વારસો

ચાંપાનેર તેના કુદરતી સૌંદર્ય અને સ્થાપત્યકીય વારસાને લીધે ગુજરાતનું બેનમૂન સ્થળ છે. સૃષ્ટિસૌંદર્ય અને ઇતિહાસ એ બંને દૃષ્ટિએ જોતાં ચાંપાનેર-પાવાગઢ જેવું મહત્ત્વનું સ્થળ ગુજરાતમાં એકે નથી. કુદરતે મુક્ત મને અહીં ભારોભાર સૌંદર્ય ઠાલવ્યું છે. એની વનશ્રી અને સ્થાપત્યનાં ભવ્ય સ્મારકો આ બધું જોતાં તેમાં મહાકાવ્યના બધા જ રસ હોવાની પ્રતીતિ થાય છે. વનશ્રીના મધુરા હાસ્ય અને સ્થાપત્યોનું લાલિત્ય એ બંનેનો સુભગ સમન્વય ચાંપાનેરમાં થયો છે. હિન્દુ, જૈન અને મુસ્લિમોનાં સ્થાપત્ય અહીં આવેલાં છે. આમ અહીં હિન્દુ, જૈન અને મુસ્લિમ એ ત્રણે ધર્મ સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ સધાયો છે. હિન્દુ-જૈનોનાં મંદિરો અને મુસ્લિમોની મસ્જિદો, ખ્રિસ્તીઓનું દેવળ જેવાં ધાર્મિક સ્થાપત્યો; તો કૂવા, તળાવ, બગીચા, કિલ્લા, કુંડ, રાજમહેલ, કોઠાર જેવાં નાગરિક સ્થાપત્યોનાં સ્મારકો ચાંપાનેરના ભવ્ય ભૂતકાળને રજૂ કરતાં ઊભાં છે.

### (૧) મંદિર સ્થાપત્ય :

પાવાગઢના સૌથી ઊંચા શિખરે કાલિકામાતાનું મંદિર આવેલું છે. શિખરે જવા માટેનાં ૨૨૬ પગથિયાં ખડકમાંથી કાપીને બનાવેલાં છે. મહાદેવજી સિંધિયાએ તે બંધાવ્યાં હતાં. મંદિરની બાંધણી નાની અને સાદી છે. રંગમંડપ ઉપર ઘુમ્મટ છે. ગર્ભગૃહમાં ડાબી બાજુએ મહાકાલિની મૂર્તિ, જમણી બાજુએ બહુચરા માતાનું યંત્ર અને વચ્ચે આ સ્થાનની અધિષ્ઠાત્રી કાળકા માતાની મૂર્તિનો મુખભાગ છે. મંદિરના ઉપરના ભાગે મુસ્લિમ પીર સદનશાહની કબર છે. ઘુમ્મટ આચ્છાદિત આ નાના સમચોરસ ઓરડામાં કબરને બદલે પથ્થરનો સ્લેબ ભોંયતળિયા પર છે. આ ભોંયતળિયું મંદિરની છત છે. ગંગાધર નામના કવિએ ચાંપાનેરના રાજા ગંગદાસ વિશે રચેલું સંસ્કૃત નાટક **'गंगदासप्रताप विलास नाटक'** આ મંદિરના સભાગૃહમાં ભજવાયું હતું.

ટકોરખાને દરવાજેથી ઊતરી મકાઈ કોઠાર આગળથી એક રસ્તો ફંટાય છે. તે રસ્તે જતાં દક્ષિણ તરફના છેડા ઉપર ભદ્રકાળિનું નાનું મંદિર આવેલું છે. મહાકાલિની મૂર્તિ ઉત્તરાભિમુખ છે તો અહીં ભદ્રકાળિની મૂર્તિ દક્ષિણાભિમુખ છે.

છાશિયા તળાવ ઉપર ભગવાન લકુલીશનું મંદિર આવેલું છે. લકુલીશ ભગવાન શિવના ૨૭મા અવતાર ગણાય છે. આ મંદિર દ્વિકૂટાચલ પ્રકારનું છે અર્થાત્ તે બે ગર્ભગૃહો ધરાવતું મંદિર છે. આ મંદિર ચૌલુક્યકાલીન છે. ચાંપાનેરમાં ચાંપનાથ મહાદેવનું મંદિર, વિશ્વામિત્ર ઋષિનો આશ્રમ અને એની પાસે એક મહાદેવનું નાનું દેવાલય છે.

પાવાગઢનાં જૈન મંદિરો ત્રણ સમૂહમાં આવેલાં છે : ૧. બાવનદેરી મંદિરો કે નવલખી મંદિરો ૨, કાલિકામાતાની ટૂંકના અગ્નિકોણ પર આવેલાં ચંદ્રપ્રભ અને સુપાર્શ્વનાથનાં મંદિર અને ૩. પાર્શ્વનાથ અને તેની આજુબાજુ આવેલાં મંદિર. આ મંદિરનું બાંધકામ ૧૪મી-૧૫મી સદીમાં થયું હોવાનું જણાય છે. બાવનદેરી કે નવલખા સમૂહમાં ત્રણ મંદિર આવેલાં છે. વચ્ચેના મુખ્ય મંદિરનો હાલ માત્ર પીઠ ભાગ જળવાઈ રહ્યો છે. આ મંદિર ચૌમુખ પ્રકારનું હોય તેમ લાગે છે. પાર્શ્વનાથ મંદિર સમૂહમાં એ મંદિરોની આસપાસ જૂના પ્રાકારના કેટલાક અવશેષો સિવાય જૂના મંદિરનો કોઈ ભાગ જળવાયો નથી. આ જૈન ધર્મના સ્થાપત્યના અવશેષો સૂચવે છે કે ચાંપાનેર પાવાગઢ પ્રાચીન સમયથી જૈનોનું તીર્થ હશે. એટલે જ પૂર્વ ભારતમાં આવેલાં પ્રસિદ્ધ જૈન તીર્થો ચંપાપુરી અને પાવાપુરીના નામ આ સ્થળને પણ આપ્યા હોવાની આચાર્ય આનંદશંકર ધ્રુવની માન્યતાને આ અવશેષો ટેકો આપે છે.

આ બંને સંપ્રદાયનાં મંદિરો આ સ્થળે શિવ, શક્તિ અને જૈન ધર્મનાં સ્થળ હોવાનું સૂચવે છે.

### (૨) મુસ્લિમ સ્થાપત્ય :

મુસ્લિમ શાસન દરમિયાન ચાંપાનેરમાં અનેક મસ્જિદો, રોજા અને દરગાહનું બાંધકામ થયું હતું. અહીંની સૌથી સુંદર અને ભવ્ય જુમ્મા મસ્જિદ છે. ભારતના સર્વાંગ સુંદર મુસ્લિમ સ્થાપત્યમાં તેની ગણના થાય છે. તેમાં સાત મહેરાબ છે. લિવાનની પહોળાઈ

કરતાં લંબાઈ બેવડી છે. અગાશી પર કુલ ૧૧ મોટા ઘુમ્મટ છે. સ્તંભોનું આયોજન સુંદર છે. કુલ ૧૭૨ સ્તંભો છે. પ્રવેશની મુખ્ય કમાનની બંને બાજુ ૩૨ મીટર ઊંચા મિનારા છે. મુખભાગમાં પાંચ કમાનો છે. મહોરાનો વચલો ભાગ ઊંચો લીધેલો છે અને એ વચલા ભાગમાં ત્રણ માળ કરેલા છે. આને લીધે મસ્જિદની અંદરના ભાગમાં હવા-પ્રકાશ સારી રીતે આવી શકે છે. મિનારા અમદાવાદની મસ્જિદો કરતાં બેવડા કરતાંયે વધારે ઊંચા છે, છતાં નયનરમ્ય નથી. મસ્જિદના ચાર ખૂણે આવેલા ચાર મિનારા કદમાં ટૂંકા છે. વચ્ચેની કમાનની આસપાસ તથા ઉપર ઝરૂખા કાઢેલા છે. પૂર્વનું પ્રવેશદ્વાર સુંદર અને ભવ્ય છે. લિવાનમાં મુલુકખાનું છે. લિવાનની પાછળની દીવાલમાં ૧૬ જાળીઓ છે.

ગુજરાતના રોજાઓમાં ઉત્તમ કહી શકાય એવી સુંદર કારીગરીવાળા અહીંના રોજાનો ઘુમ્મટ પડી ગયો છે. એના સ્તંભો પર સુંદર કોતરકામ છે. કમાનની ઉપરનો ભાગ સુંદર નકશીવાળો છે.

ચાંપાનેરના કિલ્લામાં બીજી મસ્જિદો પણ છે. દરવાજાની બાજુમાં શહરકી મસ્જિદ આવેલી છે. તે વહોરાની મસ્જિદ કે કિલ્લાની મસ્જિદ તરીકે પણ ઓળખાય છે. તેની કમાનો કદમાં નાની છે. કોટથી થોડે દૂર નગીના મસ્જિદ આવેલી છે. કારીગરીની દષ્ટિએ સુંદર હોવાથી 'નગીના' નામ પડેલું છે. એ મસ્જિદની સામે એક ખંડિયેર રોજો છે. એમાંની જાળીઓ નાશ પામી છે. નગીના મસ્જિદની પશ્ચિમે બાવામાનની મસ્જિદ છે. બાવામાન એ સદનશાહના શિષ્ય હતા. ચાંપાનેરમાં આ ઉપરાંત કેવડા મસ્જિદ, ખજૂરી મસ્જિદ અને લીલા ગુંબજ નામની મસ્જિદ આવેલી છે. હાલોલથી ચાંપાનેરના રસ્તે મુસલમાન તાઈ વણકરોના પીર ખુનપીરની દરગાહ આવેલી છે. એની ઈશાને થોડે દૂર મિનારાની મસ્જિદ નામથી ઓળખાતી મસ્જિદ છે. ત્યાંથી પાવાગઢ તરફ આવતાં પાંચ મહુડાની મસ્જિદ આવેલી છે. કરબણ તળાવ પાસે એ તળાવ બંધાવનાર ચાંપાનેરના શકરખાન પઠાણની દરગાહ આવેલી છે.

શેખનું મંદિર જૂનું નથી. એમાં કબર છે. મંદિરનો પૂજારી પાટીદાર છે. આ મંદિર શેખમતનું છે. ઘણાં હિન્દુઓ આ મતના અનુયાયી જણાય છે.

**(૩) કિલ્લાઓ-દરવાજા :**

પાવાગઢનો કિલ્લો અને મુહમ્મદાબાદનો જહાંપનાહના નામનો રાજગઢ અહીંનાં દુર્ગ સ્થાપત્યનાં ઉદાહરણો છે. પાવાગઢના કિલ્લાને ત્રણ ભારે કોટવાળી સંરક્ષણ હરોળો છે. અટકના દરવાજાથી કિલ્લો શરૂ થાય છે. સંરક્ષણ હરોળની દીવાલોનું સમારકામ અને વિસ્તરણ મુસ્લિમ શાસન દરમિયાન થયું છે. કિલ્લાના મધ્ય ભાગે પહોંચતાં પહેલાં બીજી સંરક્ષણ હરોળ શરૂ થાય છે. આમાંનો સહુથી નીચેનો દરવાજો બુઢિયા (બુરિયા કે મહોતી) દરવાજો છે. તેની રચના સવ્ય અપસવ્ય પ્રકારની છે. આ ઉપરાંત ભાલાપુર દરવાજો, સદનશાહ દરવાજો, પાટિયાપુલનો દરવાજો, તારા દરવાજો, ટકોરખાનાનો દરવાજો, (સૂરજ અથવા નગરખાનાનો દરવાજો) વગેરે દરવાજા આવેલા છે. નગરખાનાનો દરવાજો વટાવ્યા પછી ત્રીજી સંરક્ષણ હરોળ પૂરી થાય છે અને પર્વતની ઉપરનું મેદાન આવે છે. એની આ છેલ્લી હરોળને મુસલમાનોએ જીત્યા પછી મજબૂત બનાવી. મહમૂદ બેગડાએ એનું નામ 'મૌલિયા' રાખ્યું. દક્ષિણ ભારતમાંના ડુંગરી કિલ્લાઓને મળતો ગુજરાતમાં આ પાવગાઢનો એક જ કિલ્લો છે.

મુહમ્મદાબાદ (નવા ચાંપાનેર)નો 'જહાંપનાહ' અથવા રાજગઢ ભવ્ય છે. મહમૂદ બેગડાએ જુમ્મા મસ્જિદની પશ્ચિમે અમદાવાદના ભદ્રના કિલ્લાના જેવો કિલ્લો રાજગઢ બંધાવ્યો. આ રાજગઢની આસપાસ ચાંપાનેર શહેરને ફરતો કોટ પણ બંધાવ્યો. રાજગઢના પૂર્વ અને પશ્ચિમના દરવાજા સવ્ય અપસવ્ય તરીકે બાંધેલા છે અને તે ગોધરા દરવાજો અને હાલોલ દરવાજા તરીકે ઓળખાય છે. આ રાજગઢ પોણા માઈલ લાંબો છે અને ૨૮૦ વાર પહોળો છે. તેની વચ્ચે આવેલા મંડપને માંડવી દરવાજા કહે છે અને તે મહેલમાં જવાનો પ્રવેશ મંડપ છે. દક્ષિણે જહાંપનાહ પાવાગઢ સાથે જોડાયેલ છે.

**(૪) રાજમહેલો :**

અટક દરવાજાથી થોડે દૂર મેંદી તળાવ પાસે પતાઈ રાવળનો મહેલ હશે એમ અવશેષો પરથી મનાય છે. લંબચોરસનું આ મકાન બહારથી બેસાલ્ટ પથ્થરોની અને અંદર ઇંટોથી બાંધેલું છે. તેમાં એક મુખ્ય અને બે

ગૌણ ઓરડા છે જેમાંનો એક રાવળનો અંગત ઓરડો છે, જ્યારે બીજો રાણીવાસ માટે છે.

જહાંપનાહમાં મહમૂદ બેગડાએ મહેલ બંધાવ્યો હતો. આ રાજગઢીના પશ્ચિમના ભાગે શાહી મહેલ અને બગીચા આવેલા હતા. રાજમહેલ હિસ્સાર-એ-ખાસ ભાગમાં આવેલો છે. તેની ઉત્તરે આવેલું ભવ્ય મકાન સંભવતઃ ઘોડાર અને શાહીમહેલનું રસોડું હતું. મધ્યના ભાગે શાહી આવાસ હતા. દક્ષિણ બાજુ રાણીવાસ આવેલો હતો. મહેલનો પ્રવેશ-મંડપ પૂર્વ બાજુએ છે અને તે માંડવી દરવાજા તરીકે ઓળખાય છે. બગીચા બાજુએ ગ્રીષ્મ માટેનું ખાસ મકાન આવેલું છે. આ મકાન વાતાનુકૂલિત છે. મકાનની પૂર્વ બાજુ પડથાર બાંધીને તેની ઉપર પાણી વહેવાની નીક બનાવેલી છે. ઉત્તર-દક્ષિણ બાજુએ ગોખ બનાવેલો છે. આ ગોખમાંથી સતત ઠંડો પવન આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઇમારત ઈરાનના જાણીતા ઝર-એ-જમીન અથવા ભોંયરાનો પ્રકાર છે. તે માટે આરામ માટે વપરાતી હતી.

અટક દરવાજાની આગળ ચાલતાં હીના તળાવ આવે છે. તળાવ વચ્ચે પુરાતન ઇમારતના અવશેષો મળે છે, જેને હીનામહેલ કહે છે.

સદનશાહના દરવાજા પછી જમણે હાથે સાત મહાલ કહેવાતા મકાનનાં પગથિયાં આવે છે. આ સાત મહાલ કે સાત મંઝિલને ચંપારાણીનો મહેલ અથવા ખાપરા ઝવેરીનો મહેલ કહે છે. આ મહેલ ટેકરીને છેડે ઝૂકીને ઊભેલો છે અને ત્યાંથી રાણીઓ ખેલાતા શિકારને જોઈ શકે તે માટે બાંધ્યો હશે.

### (૫) અન્ય મકાનો :

સદનશાહના દરવાજાથી સોએક વાર ઉપર પર્વતના મધ્યભાગે માંચી હવેલી નામનું મકાન છે. આ મકાન સિંધિયાએ બંધાવેલું છે. કલાની દૃષ્ટિએ તે નોંધપાત્ર નથી. માંચીથી ઉપર જતાં દરવાજાની અંદર મકાઈ કોઠારનું મોટું મકાન ડાબી બાજુએ ઊભું છે. તેને ત્રણ ઘુમ્મટ છે. તે મુસ્લિમ સમયનું છે અને ઘેરા વખતે અનાજ ભરવાના કામમાં આવતું હતું. એમાં ટાંકા પણ છે. મૌલિયામાં મેદાનને છેડે મકાઈ કોઠારને મળતું, પણ એનાથી મોટું નવલખા કોઠાર નામનું મોટા ઘુમ્મટોવાળું મકાન છે.

### (૬) જળાશયો :

પાવાગઢ-ચાંપાનેરમાં અનેક તળાવ, કુંડ અને વાવ આવેલાં છે. અટક દરવાજાથી આગળ જતાં હીના તળાવ આવેલું છે. માંચી હવેલીના મકાનની પાછળ તેલિયું તળાવ આવેલું છે. કાલિકા માતાના મંદિરે જવાં છાશિયું તળાવ, ને ત્યાંથી સહેજ ઊંચે જતાં દૂધિયું તળાવ આવે છે. જવેર કે મોતી તળાવ પણ છે. ચાંપાનેરની પૂર્વમાં બડા તળાવ છે.

કૂવા સાદા અને ભમરિયા પ્રકારના છે. વાતાનુકૂલિત ઇમારતની પશ્ચિમે એક ચોતરા પર પાણીનો કુંડ છે. તેની સાથે જોડેલો એક ચોરસ કૂવો છે. વાવો સાદી અને સીધા ઘાટની છે. સદનશાહની વાવ માત્ર જીવંત છે. બાવામાનની મસ્જિદ પાસે ગબલશાહની વાવ આવેલી છે. અહીંના બગીચાઓ સાથે ઘણાં કૂવા-કુંડ આવેલા છે. અહીંનો સૌથી મોટો કુંડ જુમ્મા-મસ્જિદનો હોજ-એ વજુ છે. તે અષ્ટકોણ આકારનો છે.

### (૭) બગીચા

ડૉ. આર. એન. મહેતા દ્વારા ચાંપાનેરનાં પુરાવસ્તુ સર્વેક્ષણ તથા ઉત્ખનન દરમિયાન બાગના અથવા ઉદ્યાનના કેટલાક અવશેષો જોવામાં આવ્યા હતા. તેમાંના કેટલાંક માટે સાહિત્યિક પુરાવાઓ ઉપલબ્ધ છે. ‘મિરાત-એ સિકંદરી’ પ્રમાણે મહમૂદ બેગડાએ કોઈ એક ખોરાસાનીને ચાંપાનેરમાં બાગ બનાવવાનું સોંપ્યું હતું. આ ખોરાસાની બાગ બનાવવાની વિદ્યાનો નિષ્ણાત હતો. અને તેણે ચાંપાનેરમાં એક સુંદર બાગ બનાવ્યો હતો. આ બાગ શહેરકી મસ્જિદ પાસેના શાહી મહેલના વિસ્તારમાં હતો. બીજો ભાગ હાલોલમાં હતો. હાલોલ ત્યારે ચાંપાનેરનું પરું હતું. હાલુલ નામના કારીગરને પણ એક બાગ બનાવવાની કામગીરી બેગડાએ સોંપી હતી. તેણે બનાવેલો બાગ ખોરાસાનીના બાગને ટક્કર મારે તેવો હતો. તે જોઈને સુલતાન ઘણો રાજી થયો હતો. હીસ્સાર એ જહાંપનાહમાં અમીર બાબા ગુલામઅલી મંઝિલનો બાગ હતો અને તે શાહીબાગ કરતાં વધુ મોટો અને સારી સગવડવાળો હતો. ‘મિરાત-એ-સિકંદરી’માં જણાવ્યા પ્રમાણે ચાંપાનેર જેવું સુંદર શહેર ગુજરાતમાં તો નથી, પણ પૃથ્વીની સપાટી ઉપર પણ નથી. મોટાં મકાનો અને બગીચાઓમાંથી શહેર એવું તો સુશોભિત બન્યું કે લોકો અમદાવાદને ભૂલી ગયા.

## ૪. વર્તમાન ચાંપાનેર

ઈ. સ. ૧૬૧૧માં 'મિરાત-એ-સિકંદરી' ગ્રંથ લખ્યો ત્યારે આ શહેરની સ્થિતિ બગડી ચૂકી હતી. ઈ. સ. ૧૮૫૩માં તેનો કબજો અંગ્રેજોના હાથમાં આવ્યો ત્યારે તેમણે તેને ફરીથી વસાવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં તેમને સફળતા મળી નહોતી અને પરિણામે ચાંપાનેર આજ સુધી ખંડેરોનું શહેર રહ્યું છે. આ મહાન 'ખંડેરોના શહેર'ની રમણીયતા સર્વતોમુખી છે. તેની સ્થિતિ દક્ષિણના 'ભુલાયેલા મહારાજ્ય' વિજયનગરનાં ખંડેરો જેવી છે. મહમૂદ બેગડાએ આ શહેરને આપેલું નવું નામ 'મુહમ્મદાબાદ' લોકજીભેથી વીસરાઈ ગયું. જૂનું નામ 'ચાંપાનેર' જ આજ દિન સુધી રહ્યું. અમદાવાદના કિસ્સામાં 'કર્ણાવતી' ભુલાઈ ગયું અને 'અમદાવાદ' ચાલું જ રહ્યું ! ચાંપાનેરની જાહોજલાલી કેમ નિર્મૂળ થઈ એ વિચારણાનો મુદ્દો છે. આ સ્થળ ધોરીમાર્ગ પર આવેલું નહોતું. તેથી પરિવહન માટે જોઈએ તેટલું અનુકૂળ નહોતું. અમદાવાદની જેમ તે વેપારી કેન્દ્ર ન હતું. નગરને જીવંત રાખવા વેપાર-વણજ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રાજધાનીનાં સ્થળ છાશવારે ન બદલાય. ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે અમદાવાદ વસાવ્યું અને તેને રાજધાનીનો દરજ્જો આપ્યો. ત્યાર બાદ માત્ર ૭૩ વર્ષ પછી મહમૂદ બેગડાએ ચાંપાનેરમાં રાજધાનીનું સ્થળ બદલ્યું. રાજધાનીનું સ્થળ બદલવાનો આશય સંરક્ષણનો કે વેપારના વિકાસનો નહોતો. માત્ર આ સ્થળનું સૌંદર્ય તેને ગમી ગયું તેથી રાજધાનીનું સ્થળાંતર કર્યું. આથી ચાંપાનેરની સ્થાપના ઈ. સ. ૧૪૮૪ પછી ૧૨૭ વર્ષે એટલે કે ઈ. સ. ૧૬૧૧માં તેનું પતન થઈ ચૂક્યું હતું.

**ચાંપાનેરના ભવ્ય અને કલાત્મક ખંડિત કલાવારસાને ધ્યાનમાં રાખીને જ તેને યુનેસ્કો તરફથી જુલાઈ, ૨૦૦૪માં વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળ્યો છે અને તેને 'ચાંપાનેર-પાવાગઢ' આર્કિયૉલોજિકલ પાર્ક' એવું નામ આપ્યું છે.** આ દરજ્જો મળતાં હવે પ્રવાસીઓનું ધ્યાન તેના તરફ દોરાયું છે. આ ૨૦૦૬ના 'પ્રવાસન વર્ષ' દરમિયાન આપણા આ મહાન 'ખંડેરોના શહેર'ને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવાની આપણી ફરજ છે. માંચીના સ્થળે અને દૂધિયા તળાવ આગળ સારી સગવડવાળાં મકાનો, આહાર-નાસ્તા માટેની સારી હૉટલ, રેસ્ટોરાં, મનોરંજનનાં સાધનો જો ઊભાં કરવામાં આવે તો રસિક લોકોની સહેલગાહ વૃત્તિને ઉત્તેજન મળશે. ત્યાંનાં તળાવોની પાળોની મરામત કરીને તેમાં બોટિંગની પ્રવૃત્તિ વિકસાવી શકાય. નજીકના શહેર વડોદરાથી અહીં આવવા માટે ખાનગી તેમ જ સરકારી ટૂરિસ્ટ લકઝરી બસો દોડાવવી જોઈએ. સ્થળ પર ટ્રેઈન્ડ ગાઈડ હોવા જોઈએ, જે પ્રવાસીઓને સ્મારકોનો ઇતિહાસ જણાવે. દરેક સ્મારક તરફ જવાના રસ્તો દર્શાવતાં બોર્ડ, સ્મારક આગળ તે સ્મારકનું નામ દર્શાવતું બોર્ડ મુકાવું જોઈએ.

રાત્રે લાઈટ એન્ડ સાઉન્ડ શોના કાર્યક્રમ યોજીને પ્રવાસીઓને તેના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવી શકાય. આ માટે ખાપરા ઝવેરીના મહેલની જગ્યા ઉત્તમ છે. આ બધાં માટે મોટા પાયા પર માર્કેટિંગ અને પબ્લિસિટી થવી જોઈએ. જો આમ થાય તો ચાંપાનેર ભારતના અન્ય પ્રવાસન કેન્દ્રોની હરોળમાં ઊભું રહી શકવાને સમર્થ છે, પરંતુ તેના શહેરીકરણ કરવાના ઉત્સાહમાં ત્યાંના પુરાવસ્તુ ધનનો નાશ ન થાય એ જોવાની પણ આપણી ફરજ છે.

**સંદર્ભસૂચિ :**


૧. જોટે, રત્નમણિ, ભીમરાવ, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ઇસ્લામ યુગ, ખંડ-૨, અમદાવાદ, ૧૯૬૪

૨. ચાંપાનેર, કુમાર, જાન્યુઆરી, ૧૯૪૯

૩. શાસ્ત્રી, દુર્ગાશંકર કે. ગુજરાતનાં તીર્થસ્થાનો, વડોદરા, ૧૯૨૮

૪. પરીખ, રસિકલાલ છો., શાસ્ત્રી હરિપ્રસાદ ગં. (સં.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ખંડ ૫, 'સલ્તનતકાલ' પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૧૯૭૭

૫. મહેતા, રમણલાલ ના. ચાંપાનેર – એક અધ્યયન, વડોદરા, ૧૯૭૯

૬. 'ચાંપાનેરના ઉદ્યાનો' ગુજરાત દીપોત્સવી, અંક ૨૦૩૫


**(લેખક કૃત 'કલા-સંસ્કૃતિના કિનારેથી'માંથી સાભાર)**

# સંવેદનાના સૂર – અડગ હિમાની

ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ

શિક્ષણ થકી સમાજનો વિકાસ, સમાજના કુરિવાજોનો ત્યાગ, શિક્ષણ થકી આર્થિક સમૃદ્ધિ, શિક્ષણ થકી માનવીની ચેતનાની ઊર્ધ્વગતિ અને બીજા કોઈ માર્ગે ઉપરોક્ત સિદ્ધિઓ હાંસલ ન થઈ શકે તેવી સમજથી આશરે ૯૫ વર્ષ પહેલાં સ્વ. પૂ. છગનભા અને તેમના અન્ય સાથીઓના અથાગ પરિશ્રમથી સ્થપાયેલી અને વિધવિધકાળે સંસ્થાના ભૂતપૂર્વ અસંખ્ય કર્ણધારો અને સમાજના સથવારે આજે ખૂબ વિકસિત થયેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ શિક્ષણજગતના આકાશે આંબતાં શિખરોમાં અગ્રસ્થાને છે. તેના પાયામાં તેના ભૂતપૂર્વ કાર્યકરો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને કેળવણીપ્રેમી સજ્જનોનો અવર્ણનીય પ્રયાસ ધરબાયેલો છે. સૌના હૈયે એક જ મંત્ર ''કર ભલા હોગા ભલા''. બુદ્ધની પેલી ''બહુજન સુખાય, બહુજન હિતાય'' ભાવનાનો જાણે ''કર ભલા હોગા ભલા''માં પડઘો પડે છે. સૌનું ભલું કરો તો બધું સારું થશે એ ભાવનામાં ક્યાંયે સ્વાર્થ નજરે ચડતો નથી. બસ હૃદયમાં સંવેદના ભરો અને તમારાથી થાય તે બીજાનું ભલું કરો. સર્વ વિદ્યાલયના કર્ણધારો વિવિધ સમયે જ્યાં પણ જરૂર પડી ત્યાં પોતાની સંવેદના સતત પ્રગટાવતા રહ્યા છે અને પ્રગટાવી રહ્યા છે. સેંકડો હજારો વિદ્યાર્થીઓ તેનાથી નવપલ્લવિત થયા છે. કંઈ કેટલાએ આ તેજમાંથી પોષણ મેળવ્યું છે. સૂર્યના પ્રકાશની ગરમીથી મળતા પોષણની જેમ પોષણ મેળવ્યું છે અને ચંદ્રની જેમ શીતળ ચાંદની પણ મેળવી છે. આજે એક એવી સંવેદનાની વાત, એક લડાયક દીકરીની વાત વર્ણવા બેઠો છું ત્યારે પણ એ દરેક ઘટનામાં સંવેદનાના સૂર સંભળાય છે. અડગ મન શું કરી શકે છે, પરિસ્થિતિની સામે લડીને મક્કમતાપૂર્વક પોતાનો રાહ કંડારી શકાય છે અને પોતાની મંજિલ તરફ અડગ મનથી હિમાલય જેટલા પડકારોનો સામનો કરી લડાઈ જીતવાની સતત કોશિશ કરી શકાય છે.

માતા જ્યોત્સ્નાબહેન (પિયર જેનું કડી છે) તથા જેના નામમાં વત્સલ પિતા પ્રતિબિંબિત થાય છે તેવા શ્રી વત્સલ જે. ત્રિવેદીના ઘેર દીકરી વહાલનો દરિયો તા. ૨-૪-૯૪ના દિવસે ખમીરવંતી ધરા સૌરાષ્ટ્રના રાજકોટ મુકામે અવતરે છે. મોટાભાઈને (જે અત્યારે M.B.A.ની ડિગ્રી ધરાવે છે અને LDRP Engineering College, ગાંધીનગરમાંથી Computer Engineeringનો અભ્યાસ કરેલ છે.) રાખીની બાંધનાર અને જીવનભર સ્નેહ વરસાવનાર ભગિનીનો સથવારો પ્રાપ્ત થાય છે. જેનામાં હિમાલય જેવી અડગતા જોવા મળવાની છે તે દીકરીને હિમાની નામ મળે છે. દીકરી માતા-પિતા અને ભાઈને પ્રસન્ન કરતી પાપા ડગલી માંડતી માંડતી બાલમંદિરમાં (જુનિયર કે.જી.) પગલાં માંડે તેવડી થતાં સહજાનંદ અંગ્રેજી માધ્યમ સ્કૂલ, આંબાવાડી, અમદાવાદમાં પોતાની શૈક્ષણિક કારકિર્દી માટે ડગલાં ભરે છે. સૌને પ્રસન્ન કરતા વત્સલ પિતા કે જેઓ અત્યારે બંદર ખાતામાં ક્લાર્ક તરીકે નોકરી કરી રહ્યા છે. તેમના સથવારે અને માતા જ્યોત્સ્નાબહેનના લાલન-પાલનથી સિનિયર કે.જી.માં ગુરુકુળ અંગ્રેજી મીડિયમ સ્કૂલ, સેક્ટર-૨૩, ગાંધીનગરમાં પ્રવેશ લે છે. અને પોતાનો અભ્યાસ ધો-૨ સુધી અહીંયાં પૂરો કરે છે. પોતાની દીકરીનું ઉજ્જવળ ભવિષ્ય સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, અંગ્રેજી મીડિયમ, સેક્ટર-૮ ગાંધીનગરમાં ઘડાશે તેમ માની વ્હાલસોયી દીકરી હિમાનીને અહીં દાખલ કરવામાં આવે છે. ખુશખુશાલ હિમાની પોતાનો અભ્યાસ આ શાળામાં ચાલુ કરે છે. માતાનો આનંદ સમાતો નથી. પુત્રી અંગ્રેજી મીડિયમમાં દાખલ થઈ છે. સરસ મજાનું ભણશે. અને તેનું ભવિષ્ય એકદમ ઉજ્જવળ બનશે તેના ખ્વાબમાં માતા મહાલે છે. વત્સલ પિતા વત્સલભાઈ પોતાની

નાનકડી નોકરીમાંથી ઘર ચલાવે અને ભાઈ-બહેન (દીકરા-દીકરી)ને સારું ભણતર અને ઘડતર મળે તેની કાળજીપૂર્વક ખાતરી રાખે છે. દીકરો મારો એન્જિનિયર બનશે. કમ્પ્યૂટર ક્ષેત્રે નામ કરશે એમ પ્રેરાઈ દીકરાને કમ્પ્યૂટર એન્જિનિયર બનાવવાનાં માતા-પિતા સ્વપ્નાં જુએ છે. નાનકડી દીકરી જે હજુ સાત જ વર્ષની થઈ છે તેને પણ ભાઈની પાછળ પાછળ ખૂબ સારું ભણાવી કમ્પ્યૂટર એન્જિનિયર બનાવવી છે તે સ્વપ્નાંને સંજોરતી માતા દીકરીના અભ્યાસ પાછળથી ખૂબ ધખણી રાખે છે પણ...

કુદરતને કાંઈક જુદી કસોટી કરવી છે. કોઈ કે જેમ કહ્યું છે કે **પ્રભુ તારી કસોટીની રીત બરાબર નથી, મખમલી મોજડી પહેલાં અપાવે છે, પગ વગરના પછી બનાવે છે.** વર્ષ ૨૦૦૧ના જુલાઈ માસના બીજા અઠવાડિયામાં ફક્ત સાત વરસની એ દીકરીને દાઢમાં સોજો અને દુખાવો થતાં સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર અને દાંતની હૉસ્પિટલ, અમદાવાદ અને જડબાના સ્પે. ડૉક્ટર શ્રી એસ. કે. દીવાન, એલિસબ્રિજ સુધી દોડ માતા-પિતા લગાવે છે. વિવિધ એક્ષ-રે, બ્લડ ટેસ્ટ અને બાયોપ્સી રિપોર્ટ કરાવતાં કૅન્સરની ગંભીર બીમારીનું નિદાન થાય છે. માતાપિતા અને કુટુંબીજનો ઉપર પહાડ તૂટી પડે છે. પોતાની વ્હાલસોયી દીકરીને આ દર્દ ક્યાંથી આવી પડ્યું અને હવે તેનું ભવિષ્ય કેવું હશે ? તેની ચિંતામાં આ દંપતી અસહ્ય માનસિક પીડા અનુભવે છે. કૅન્સરની બીમારીની સારવાર માટે સાત વરસની તેમની આ ઢીંગલી કૅન્સર હૉસ્પિટલમાં જુલાઈ-૨૦૦૧માં દાખલ થાય છે. કેમોથેરાપી, ઑપરેશન, રેડીએશન અને સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટમાં યાતનાભર્યાં ત્રણ વર્ષનો સમય પસાર કરતાં ત્રણ યુગ ગયા હોય તેવો ભાર માતાપિતા અનુભવે છે. સમયાંતરે બ્લડ ટ્રાન્સફ્યુઝન, મોઢામાં ચાંદા, ઊલટીઓ, ખોરાક-પાણી લઈ ના શકાય, માથાના વાળ અને આંખ પરની ભ્રમરના વાળ ખરી પડે છે. નાનકડી વ્હાલસોયી દીકરીનું આ સ્વરૂપ માતાથી નિહાળી શકાતું નથી. આટલું ઓછું પડતું હોય તેમ એક બાજુના જડબાને કાઢી નાંખવું પડશે તેવી ડૉક્ટરની જરૂરી સલાહ માની જડબું પણ કઢાવી નાખ્યું. સ્વાભાવિક રીતે આ રૂપકડી ઢીંગલીના ચહેરાનો દેખાવ બદલાઈ જાય છે. પણ આ દીકરી જેનું હિમાની નામ છે એનો હિમાલય જેવો અડગ નિરધાર છે. ભણવું છે તેવી ધગશ છે, તે પરીક્ષાઓ આપતી રહે છે. પરીક્ષાના દિવસો દરમિયાન દવા, ગોળી અને નિયમિત સારવાર લેતી રહે છે. વડીલોની સલાહ શારીરિક સ્વાસ્થ્ય સારું નથી તો અભ્યાસ છોડી દો તે સલાહને નમ્રતાથી અવગણી. દીકરીની ભણવાની જીદ આગળ નમી જઈ માતા-પિતા સઘળી મજબૂરીને આઘી ઠેલી દઈ દીકરીનો અભ્યાસ ચાલુ રાખવા માટે તેને પૂરતો સાથ આપે છે અને દીકરી આટઆટલી યાતનાઓ સહન કરતી St. Xavier's Schoolની Best Student તરીકે પસંદ થાય છે. ધો. ૧૦માં બોર્ડની પરીક્ષામાં Mathematicsમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરે છે. ધોરણ-૧૨ સુધી પોતાનો અભ્યાસ સેન્ટઝેવિયર્સ સ્કૂલ, અંગ્રેજી મીડિયમ, ગાંધીનગરમાં પૂરો કરી ઝેવિયર્સ સ્કૂલનું આ રત્ન એ માતાપિતાની અને પોતાની ખ્વાહિશ પૂરી કરવા અને મોટાભાઈને પગલે ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એલડીઆરપી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્સમાં કમ્પ્યૂટર એન્જિનિયરમાં પ્રવેશ મેળવે છે અને પ્રથમ સેમેસ્ટર પસાર કરે છે.

અત્યાર સુધી દીકરા અને દીકરીને પોતાના અડગ માનસિક નિર્ધાર અને પરિશ્રમથી અહીં સુધી અભ્યાસમાં પહોંચાડનાર માતા-પિતાને દીકરીનો અભ્યાસ આ પરિસ્થિતિમાં કઈ રીતે ચાલુ રાખવો ? તબિયત તો સારી નથી અને Self – Finance Collegeની ફીનો બોજો કેમ ઉપાડી શકાશે ? તે ચિંતા સતાવે છે. પણ ભગવાન બધી બારી બંધ કરી દે છે તો એક બારી ખુલ્લી પણ રાખે છે. કુદરતની અકળ લીલાનો પાર કોણ પામી શકે છે ? આ દીકરીની યાતનાભરી બીમારી અને ભણવાની ઉત્કટ ઇચ્છા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મૅનેજમેન્ટના ધ્યાનમાં આવે છે. સંવેદનશીલ ચેરમેનશ્રી વલ્લભભાઈ માણેકલાલ પટેલ કે જેઓ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ પણ છે, અગાઉના સર્વે મૅનેજમેન્ટના વિદ્યાર્થીલક્ષી અભિગમનો ચાતરેલો ચીલો ખૂબીપૂર્વક નિભાવી રહેલા છે, તેમના ધ્યાને વાત આવતાં જ દીકરી અને તેનાં માતાપિતાને ઑફિસમાં રૂબરૂ મુલાકાતે આવવા આમંત્રણ આપે છે. માતાપિતા અને

દીકરી ચેરમેનશ્રીની ઑફિસમાં આવે છે. અત્યંત કરુણાસભર યાતનાની વાત સાંભળતાં ઑફિસમાં હાજર ચેરમેનશ્રી અને હું (ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ) ઘડીભર સ્તબ્ધ થઈ ગયા ! પણ દીકરી હિમાનીની ભણવાની અડગ આતુરતા અને ધગશ જોતાં તુરત જ સ્વસ્થ થઈ રસ્તો નીકળે છે. ચેરમેનશ્રી વલ્લભભાઈ દીકરીને ભણાવવાની સઘળી જવાબદારી સર્વ વિદ્યાલયના મૅનેજમેન્ટને માથે લઈ લે છે. તેની ફી માફી તથા ભણવા દરમિયાન હરકોઈ સહકાર કૉલેજ તથા મૅનેજમેન્ટ તરફથી મળશે તેવી ખાતરી આપે છે. માતાપિતાનો ઘણો બોજ હળવો થઈ જાય છે. અત્યંત ખુશખુશાલ ચહેરે આ ઢીંગલી જે હવે કમ્પ્યૂટર એન્જિનિયરિંગના બીજા સેમેસ્ટરમાં આગળ અભ્યાસ થઈ શકશે તેવા દૃઢ નિર્ધાર સાથે ઑફિસમાંથી પોતાનાં માતાપિતાના સહારે વિદાય લે છે. સર્વ વિદ્યાલયના મૅનેજમેન્ટની પૂ. સ્વ. છગનભાના વખતથી વિદ્યાર્થીઓને કોઈ પણ સંજોગોમાં ભણાવવા અને તેમનો અભ્યાસ કોઈ પણ કારણે ખાસ કરીને આર્થિક મજબૂરીથી અટકી ન જાય તેવી સદ્ભાવના રાખવાની પરંપરા આજે પણ ચાલુ છે. ચિ. હિમાની એનો સાક્ષાત દાખલો છે. આજે તો આ દીકરી આટઆટલી માંદગી પછી પણ સેમેસ્ટર-૬ની પરીક્ષા આપી ચૂકી છે. ચહેરા પર આગળ વધવાનો દૃઢ સંકલ્પ નજરે ચઢે છે. આગળ વધી Professor થવું છે. હાર્મોનિયમ વગાડવું તેની હોબી છે. કમ્પ્યૂટર ક્ષેત્રે ખૂબ નામ કમાવવું છે. આપણે સૌ પરમ પિતા પરમાત્માને પ્રાર્થના કરીએ કે આ દીકરી તથા માતાપિતાનું તપ સુંદર પરિણામ લાવે અને તેમના આશિષ સર્વ વિદ્યાલય મૅનેજમેન્ટ અને ખાસ કરીને ચેરમેનશ્રી વલ્લભભાઈને મળે અને વધારેને વધારે વિદ્યાર્થીઓના હિતમાં કામ કરવાની તેમને શક્તિ, બુદ્ધિ અને સંવેદના પ્રદાન કરે.

આ લેખ લખવાનો આશય કોઈ પણ સંજોગોમાં સંઘર્ષ કરવાનો છોડવો નહિ તે પ્રેરણા અન્ય વિદ્યાર્થીઓને અને સમાજના હરકોઈને મળે તે છે. સંવેદના વગર જિંદગી નકામી છે. સંવેદના વગરનું મૅનેજમેન્ટ નકામું છે. હરકોઈ મૅનેજમેન્ટને પણ પ્રેરણા મળે તે આશય છે.

**ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ**

(પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર)

ભણાવવું એટલે શું ? ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મરદાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી, એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભા થાય અને અન્યાય-નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છે. ભણેલો માણસ શૂરવીર હોય. સેવા પણ એને માટે જ છે. સેવામાં મરદાનગી પ્રગટ થવી જોઈએ, સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે. શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ, માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું...

મને એવું લાગે છે કે સંસ્કારિતા એ બહુધા પ્રાપ્તસંસ્કાર છે. તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કાર-વારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુ બહુ મહેનત-મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે.

**મનુભાઈ પંચોળી 'દર્શક'**

# અવિભાજ્ય પૂર્ણાંકો (Prime Numbers)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

## પ્રાસ્તાવિક

આપણા દરેકના માટે ગણિતની (Mathematics) શરૂઆત અંકગણિતથી (Arithmetic) થાય છે. અંકગણિત એટલે જ અંકો કે આંકડાઓ કે સંખ્યાઓ જેવી કે 1, 2, 3.... ગણિતશાસ્ત્રીઓ 1, 2, 3... અનંત સંખ્યાઓને ધન પૂર્ણાંકો (Positive Integers) કે પ્રાકૃતિક સંખ્યાઓ (Natural Numbers) કહે છે. એક વખતે પૂર્ણાંકો મળ્યા કે તુરત જ તેમનો સરવાળો કરવાનો વિચાર કરીએ છીએ. પ્રાથમિક શાળામાં સરવાળો કરતાં કરતાં સરવાળાથી ઊલટી બાદબાકી શીખીએ છીએ. આ પછી ગુણાકાર અને ભાગાકાર. આ બધું બરાબર યાદ રાખવા પ્રાથમિકશાળાના નિત્યક્રમમાં આ અભ્યાસક્રમ આવે છે. આપણે બધાં વર્ષોની મહેનત પછી સંખ્યાનો સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર ઓછી-વત્તી આવડતથી કરીએ છીએ. આ જ કામ 400 રૂ.નું કેલ્ક્યુલેટર (Calculator) કોઈપણ જાતની ભૂલ વગર ખૂબ જ ઝડપથી કરે છે. અંકગણિત શબ્દ ગુણાકાર, ભાગાકાર, બાદબાકી અને સરવાળાની યાદ અપાવી જાય છે અને સાથે સાથે સંખ્યાઓના ગુણધર્મની પણ યાદ અપાવી જાય છે.

## અવિભાજ્ય પૂર્ણાંકો

એક કરતાં મોટા પૂર્ણાંકને તેનાથી બે નાના પૂર્ણાંકોના ગુણાકારથી દર્શાવી ન શકાય તો તે પૂર્ણાંક અવિભાજ્ય પૂર્ણાંક (Prime Number) તરીકે ઓળખાય છે. દા.ત. 2, 3, 5, 7, 11, 13... વગેરે. જ્યારે 6 = 2 x 3 હોઈને, 6 અવિભાજ્ય પૂર્ણાંક નથી. આવા પૂર્ણાંક વિભાજ્ય પૂર્ણાંક (Compostie Number) તરીકે ઓળખાય છે. 51 = 17 x 3, 323 = 17 x 19 વિભાજ્ય પૂર્ણાંકો છે.

1ને અવિભાજ્ય પૂર્ણાંક ન ગણવાના કારણમાં મુખ્ય કારણ 1ને અવયવ તરીકે ઘણી વખત ગણી શકાય. જેમકે 3, 3 x 1, 3 x 1 x 1 વગેરે સરખા છે. આથી હાલમાં 1ને અવિભાજ્ય પૂર્ણાંક ગણવામાં આવતો નથી. ઘણા બધા ગણિતશાસ્ત્રીઓ 1ને અવિભાજ્ય પૂર્ણાંક ગણતા. ડી. એન. લેહમરનું (D. N. Lehmer) 1956નું 10, 006, 721 સુધીના અવિભાજ્ય પૂર્ણાંકનું લિસ્ટ 1થી શરૂ થાય છે. પ્રો. લેહમર મારા પ્રોફેસર હતા. ખૂબ જ નમ્ર અને ભલા હતા. સરસ શીખવતા. હેન્રિ લેબેગ (Henri Lebesgue) છેલ્લા ગણિતશાસ્ત્રી હતા જે 1ને અવિભાજ્ય પૂર્ણાંક ગણતા. જો 1ને અવિભાજ્ય પૂર્ણાંક ગણવામાં આવે, તો કોઈ કોઈ જગ્યાએ સંખ્યાશાસ્ત્રમાં (Theory of Numebrs) ફેરફાર કરવા પડે. આપણે અહીંયાં 1ને અવિભાજ્ય પૂર્ણાંક ગણીશું નહિ. આથી અવિભાજ્ય પૂર્ણાંકની શરૂઆત 2થી થાય છે.

આપેલો પૂર્ણાંક જ્યાં સુધી નાનો હોય ત્યાં સુધી તે અવિભાજ્ય કે વિભાજ્ય પૂર્ણાંક છે તે સરળતાથી નક્કી થઈ શકે છે. ધારો કે 93 આપેલો પૂર્ણાંક છે. 93ની નજીકનો પૂર્ણાંક લઈએ જેનું વર્ગમૂળ સરળતાથી મેળવી શકાય. 100ની નજીકનો પૂર્ણાંક છે અને $\sqrt{100} = 10$ થાય. આથી આપણે 10થી ઓછા અવિભાજ્ય પૂર્ણાંક લઈએ જે 2, 3, 5 અને 7 છે. આપણે 93ને 2, 3, 5 અને 7 વડે ભાગીએ અને 93 = 31 x 3 મેળવીએ. આથી 93 વિભાજ્ય પૂર્ણાંક છે.

આપણે નવા પૂર્ણાંકો બે પૂર્ણાંકોના સરવાળા કરીને મેળવી શકીએ. બે પૂર્ણાંકોના ગુણાકાર કરીને નવો પૂર્ણાંક પણ મેળવી શકાય. જેમ કે 11 x 3 = 33 છે. કોઈ પૂર્ણાંક આપણે અવિભાજ્ય પૂર્ણાંકના ગુણાકારથી દર્શાવી શકીએ. જેમ કે 391 = 23 x 17 છે. આથી આપણે કહી શકીએ કે અવિભાજ્ય પૂર્ણાંકો પાયાના પૂર્ણાંકો છે.

જેમ રસાયણશાસ્ત્રમાં 92 અણુઓ પાયાના છે અને તેનાથી કોઈપણ કણ બનાવી શકાય. કણ અણુઓના બનેલા છે. જેમકે પાણી $H_2O$, હાઇડ્રોજન H અને ઑક્સિજન Oનું બનેલું છે. તે જ પ્રમાણે પૂર્ણાંક 33 = 11 x 3, અવિભાજ્ય પૂર્ણાંકો 11 અને 3નો બનેલો છે. જેમ કણોનું અણુઓમાં વિભાજન અજોડ રીતે થાય છે, તે જ પ્રમાણે પૂર્ણાંકનું વિભાજન અવિભાજ્ય પૂર્ણાંકોમાં અજોડ રીતે થાય છે. દુનિયાના કોઈપણ ખૂણે રસાયણશાસ્ત્રીઓ પાણીના કણનું વિભાજન હાઇડ્રોજનના બે અણુઓ અને ઑક્સિજનના એક અણુમાં કરશે તે જ પ્રમાણે દુનિયાના કોઈપણ ખૂણે ગણિતશાસ્ત્રીઓ 33નું વિભાજન બે અવિભાજ્ય પૂર્ણાંકો 11 અને 3માં જ કરશે.

આપેલો કોઈપણ પૂર્ણાંક અવિભાજ્ય કે વિભાજ્ય પૂર્ણાંક છે. તે કઈ રીતે નક્કી કરવું તે ગણિતશાસ્ત્રીઓનો મોટામાં મોટો પ્રશ્ન છે. અમૂક પૂર્ણાંકો અવિભાજ્ય કે વિભાજ્ય છે તે જોવું ખૂબ જ સરળ છે. જેમકે

(1) બેકી પૂર્ણાંકને બે વડે ભાગી શકાય, આથી બેકી પૂર્ણાંક વિભાજ્ય પૂર્ણાંક છે. જેમકે 256 = 128 x 2 = 2 x 2 x 2 x 2 x 2 x 2 x 2 x 2 વિભાજ્ય પૂર્ણાંક છે. બેકી પૂર્ણાંકમાં પૂર્ણાંકનો છેલ્લો અંક કે આંકડો બેકી હોય છે. જેમકે 1002માં છેલ્લો આંક 2 હોઈને આ બેકી પૂર્ણાંક છે. આથી વિભાજ્ય પૂર્ણાંક છે. 1002 = 501 x 2 = 167 x 3 x 2 છે.

(2) પૂર્ણાંકનો છેલ્લો આંક 0 કે 5 હોય, તો પૂર્ણાંકને 5 વડે ભાગી શકાય. આથી આવા પૂર્ણાંક વિભાજ્ય પૂર્ણાંક છે. જેમકે 620 = 31 x 5 x 4 હોઈને 620 વિભાજ્ય પૂર્ણાંક છે.

**મીર્સીન્ની સંખ્યાઓ**

ફ્રેન્ચ પાદરી માર્ટીન મીર્સીન્ની (Martin Mersenne) સંખ્યા $2^n - 1$થી ખૂબ જ પ્રભાવિત થયેલા. અહીંયાં n એક કરતાં મોટો પૂર્ણાંક છે. $2^n$ બેકી રકમ હોઈને $2^n - 1$ એકી પૂર્ણાંક છે. મીર્સીન્નીએ જોયું કે જો n વિભાજ્ય પૂર્ણાંક હોય, તો $2^n - 1$ પણ વિભાજ્ય પૂર્ણાંક હોય છે. જેમકે n = 12 = 4 x 3 વિભાજ્ય પૂર્ણાંક છે. $2^n - 1 = 2^{12} - 1 = 4095 = 3 \times 3 \times 5 \times 7 \times 13$ પણ વિભાજ્ય પૂર્ણાંક છે. જો n = 33 = 11 x 3 હોય તો $2^n - 1 = 2^{33} - 1$ = 8, 889, 934, 591 = 7 x 1, 227, 133, 513 વિભાજ્ય પૂર્ણાંક છે.

જો n અવિભાજ્ય પૂર્ણાંક હોય, તો $2^n - 1$ અવિભાજ્ય પૂર્ણાંક પણ હોય છે અને વિભાજ્ય પૂર્ણાંક પણ હોય છે.

n = 2 હોય, તો $2^n - 1 = 2^2 - 1 = 4 - 1 = 3$ થાય.
n = 3 હોય, તો $2^n - 1 = 2^3 - 1 = 8 - 1 = 7$ થાય.
n = 5 હોય, તો $2^n - 1 = 2^5 - 1 = 32 - 1 = 31$ થાય.
n = 7 હોય, તો $2^n - 1 = 2^7 - 1 = 128 - 1 = 127$ થાય.
n = 11 હોય,તો $2^n - 1 = 2^{11} - 1 = 2047 = 23 \times 89$ વિભાજ્ય પૂર્ણાંક છે.

3, 7, 31, 127... મીર્સીન્ની અવિભાજ્ય પૂર્ણાંક તરીકે ઓળખાય છે. જ્યારે $2^n$-1, n = 1, 2, 3,... મીર્સીન્ની પૂર્ણાંક તરીકે ઓળખાય છે. ગણિતશાસ્ત્રીઓ માટે મોટામાં મોટો પ્રશ્ન કયા અવિભાજ્ય પૂર્ણાંક n માટે, $2^n - 1$ મીર્સીન્ની અવિભાજ્ય પૂર્ણાંક છે. અવિભાજ્ય પૂર્ણાંકો શોધવા માટે $2^n - 1$ ખૂબ જ ઉપયોગી છે.

કેલ્ક્યુલેટર અને કમ્પ્યૂટર વગરના જમાનામાં પણ $2^n - 1$ જ અવિભાજ્ય પૂર્ણાંકો શોધવા ગણિતશાસ્ત્રીઓ વાપરતા. 1903માં અમેરિકન મેથેમેટિકલ સોસાયટીનું અધિવેશન ઓહાયો (Ohio) રાજ્યમાં કોલંબસ્ યુનિવર્સિટીના કેમ્પસ ઉપર હતું. ફ્રેન્ક નેલસન કોલ (Frank Nelson Cole)નો વારો આવતાં, તેમણે પાટિયા ઉપર $2^{67} - 1$ = 147, 573, 952, 588, 676, 412, 927 = 193, 707, 721 x 761, 838, 257, 287 ગણી બતાવ્યું.

n = 67 અવિભાજ્ય પૂર્ણાંક છે, જ્યારે $2^{67} - 1$ વિભાજ્ય પૂર્ણાંક છે. જ્યારે છાપાંઓ મોટામાં મોટા અવિભાજ્ય પૂર્ણાંકની વાત કરે છે, ત્યારે મોટા ભાગે તે અવિભાજ્ય પૂર્ણાંક $2^n - 1$ના સ્વરૂપમાં હોય છે.

1992માં મોટામાં મોટો અવિભાજ્ય પૂર્ણાંક શોધાયો, ત્યારે તે $2^{756,839} - 1$ના સ્વરૂપમાં હતો.,

જાન્યુઆરી 25, 2013ના રોજ શોધાયેલો મોટામાં મોટો અવિભાજ્ય પૂર્ણાંક પણ $2^{57,885,161} - 1$ના સ્વરૂપમાં હતો અને તેના 17,425,170 આંકડાઓ હતા.

આથી મોટો અવિભાજ્ય પૂર્ણાંક હશે ? આનો

જવાબ નીચેના પ્રશ્નના જવાબમાં છે.

### અવિભાજ્ય પૂર્ણાંકો કેટલા ?

અનંત. આની સાબિતી ઈ.સ. પૂર્વે 300માં લખાયેલા યુક્લિડના 'એલિમેન્ટસ્ (Elements)'માં મળે છે. આ સાબિતી માટે નીચેનાં બે પરિણામો જરૂરી છે.

(1) ધારો કે a, b અને n પૂર્ણાંકો છે.
a x n અને b x n ગુણાકારોનો તફાવત
a x n − b x n = (a − b) x n પણ
n નો ગુણોત્તર છે.
ધારો કે 7 પૂર્ણાંક છે અને 10 x 7 અને 2 x 7નો તફાવત
10 x 7 − 2 x 7 = (10 − 2) x 7 = 8 x 7 પણ 7નો ગુણોત્તર છે.

(2) કોઈ પણ વિભાજ્ય પૂર્ણાંકનો ઓછામાં ઓછો એક અવયવ અવિભાજ્ય પૂર્ણાંક હોય છે. જેમકે 51 = 17 x 3નો એક અવયવ 3 અવિભાજ્ય પૂર્ણાંક છે. આની સાબિતી પણ 'એલિમેન્ટસ્'માં આપેલી છે.

પ્રમેય : અવિભાજ્ય પૂર્ણાંકો અનંત છે.

સાબિતી : ધારો કે અવિભાજ્ય પૂર્ણાંકો અનંત નથી. અવિભાજ્ય પૂર્ણાંકો અનંત ન હોઈને કોઈ ચોક્કસ સંખ્યામાં છે. ધારો કે ચોક્કસ સંખ્યાના અવિભાજ્ય પૂર્ણાંકો a, b, c,... d છે. આ બધા અવિભાજ્ય પૂર્ણાંકોનો ગુણાકાર કરીને તેમાં 1 ઉમેરતાં આપણને

N = a x b x c... x d + 1 મળે.

N બધા જ અવિભાજ્ય પૂર્ણાંકો કરતાં વધારે છે. આપણે ગણતરીના જ અવિભાજ્ય પૂર્ણાંકો હોઈને જ ગુણાકાર કરી શકીએ. a, b, c,... d જ અવિભાજ્ય પૂર્ણાંકો હોઈને N વિભાજ્ય પૂર્ણાંક છે. N વિભાજ્ય પૂર્ણાંક હોઈને, તેનો ઓછામાં ઓછો એક અવયવ a, b, c,...dમાંથી એક અવિભાજ્ય પૂર્ણાંક છે. ધારો કે આ અવયવ c છે. આથી N = P x c થાય. અહીંયાં P પૂર્ણાંક છે.

∴ N − (a x b x c... x d)
= P x C − (a x b x c... x d)
= (P − (a x b... x d) ) x C
તફાવત C નો ગુણાકાર છે, પણ તફાવત

N − (a x b x c... x d) = (a x b x c... x d+1 (a x b x c... x d) ) = 1 છે. આથી 1નો અવયવ c છે. આ ખોટું હોઈને આપણી ધારણા ખોટી છે. આથી અવિભાજ્ય પૂર્ણાંકો અનંત છે.

અવિભાજ્ય પૂર્ણાંકો અનંત હોઈને, 2013માં શોધાયેલા અવિભાજ્ય પૂર્ણાંક $2^{57,885,161} - 1$ કરતાં મોટો અવિભાજ્ય પૂર્ણાંક શોધાશે જ.

પૂર્ણાંકોનો અભ્યાસ સંખ્યાશાસ્ત્રમાં (Theory of Numbers) કરવામાં આવે છે. સંખ્યાશાસ્ત્રનાં પરિણામો સાદાં અને સરળ હોઈને ઘણા બધા ગણિતના વિદ્યાર્થીઓને આકર્ષે છે. આપણે ત્યાં પણ ઘણા શિક્ષકો અને અધ્યાપકો સંખ્યાશાસ્ત્ર પ્રતિ આકર્ષાય છે. બે વિદ્યાર્થીઓનાં નામ નજર સમક્ષ આવે છે. જુલિયા રૉબિન્સન (Julia Robinson, 1919-1985) યુનિવર્સિટી ઑફ કૅલિફૉર્નિયા, બર્કલીમાં હું જ્યારે વિદ્યાર્થી હતો, ત્યારે તે ત્યાં ભણાવતાં હતાં. બીજા હંગરીના પૉલ ઍરડીશ (Paul Erdos). જ્યારે પૉલ દશ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ અવિભાજ્ય પૂર્ણાંકો અનંત છે તેની યુક્લિડની સાબિતી બતાવેલી. આ સાબિતી જોઈને તેઓ સંખ્યાશાસ્ત્રના પ્રેમમાં પડી ગયા. જ્યારે પૉલ સત્તર જ વર્ષના હતા ત્યારે તેમણે n અને 2n ઓછામાં ઓછો એક અવિભાજ્ય પૂર્ણાંક છે તેની સાબિતી આપેલી. અહીંયાં n કોઈપણ પૂર્ણાંક છે. આનો અર્થ એ થયો કે 2 અને 4 વચ્ચે ઓછામાં ઓછો એક અવિભાજ્ય પૂર્ણાંક છે. આ અવિભાજ્ય પૂર્ણાંક 3 છે. તે જ પ્રમાણે 4 અને 8, 8 અને 16,... 100 અને 200 વચ્ચે ઓછામાં ઓછો એક અવિભાજ્ય પૂર્ણાંક આવેલો છે. આ સાબિતીના સો વર્ષ પહેલાં ચેબીશેવે (chebyshev) સાબિતી આપેલી પણ તે સરળ ન હતી. આ પ્રમેયની સરળ સાબિતી 17 વર્ષના વિદ્યાર્થી પાસેથી આવી તે મહત્ત્વનું છે.

ઘણાં બધાં પૉલ ઍરડીશના પ્રમેયોમાંનું આ પહેલું પ્રમેય છે. સામાન્ય રીતે એવું મનાય છે કે ગણિતશાસ્ત્રીઓ જરા વિચિત્ર કે તરંગી હોય છે. એમાંયે ઍરડીશ તો ખરેખર વિચિત્ર ગણાય. એમનું પોતાનું કોઈ કાયમી ઘર કે કાયમી નોકરી ન હતી. ગણિતનાં કેન્દ્રોમાં સામાનની પેટી લઈને ફર્યા કરતા. અને આશા રાખતા કે તેમને કોઈ તેમના ઘેર રાખશે. હું જ્યાં ભણાવતો હતો

તે હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીના પ્રો. ફીલસ ચિન્ન (Phylus chinn)ના ત્યાં બે મહિના રહેલા અને બંનેએ ભેગા થઈને સંશોધન કરેલું.

ઘણો લાંબો સમય એવું મનાતું કે અવિભાજ્ય પૂર્ણાંકો ગણિત સિવાય બીજે બહુ જ ઓછા ઉપયોગી છે. 1970માં સંકેતલિપિના (cryptography) લખાણના અલ્ગોરિધમના (Algorithm) પાયામાં અવિભાજ્ય પૂર્ણાંકો વપરાયા ત્યારથી અવિભાજ્ય પૂર્ણાંકો ઘણી બધી જગ્યાએ વપરાતા થયા.

અવિભાજ્ય અને વિભાજ્ય પૂર્ણાંકોને લગતાં હજારો પ્રમેયો યુક્લિડના સમયથી અત્યારસુધીમાં સાબિત થયાં છે. ઘણાં પ્રમેયો અગત્યનાં અને સુંદર છે, પણ મારી દૃષ્ટિએ સૌથી વધારે અગત્યનું અને સુંદર પ્રમેય હોય તો અવિભાજ્ય પૂર્ણાંક પ્રમેય તરીકે જાણીતું પ્રમેય. હવે આપણે તે પ્રમેયનો અભ્યાસ કરીશું.

### અવિભાજ્ય પૂર્ણાંકના ગુણધર્મો

અવિભાજ્ય પૂર્ણાંકનો અભ્યાસ ઈ.સ. પૂર્વેથી ચાલતો આવ્યો છે અને ચાલતો રહેશે. અવિભાજ્ય પૂર્ણાંકને લગતા ઘણા બધા પ્રશ્નો છે, પણ સૌથી પહેલો અને અગત્યનો પ્રશ્ન અવિભાજ્ય પૂર્ણાંકો, પૂર્ણાંકો વચ્ચે કઈ રીતે પ્રસરેલા છે ? ગમે તેમ પ્રસરેલા છે કે કોઈ નિયમથી પ્રસરેલા છે ? આપણે આનો જવાબ મેળવવા માટે પહેલી સો સંખ્યાઓમાં આવેલા 25 અવિભાજ્ય પૂર્ણાંકો જોઈએ.

| | | | | |
|---|---|---|---|---|
| 2 | 13 | 31 | 53 | 73 |
| 3 | 17 | 37 | 59 | 79 |
| 5 | 19 | 41 | 61 | 83 |
| 7 | 23 | 43 | 67 | 89 |
| 11 | 29 | 47 | 71 | 97 |

ઘણાં કારણોસર 1 અવિભાજ્ય પૂર્ણાંક ગણાતો નથી. અવિભાજ્ય પૂર્ણાંકોમાં 2 એકલો જ બેકી સંખ્યા છે. 89 અને 97 વચ્ચે વધારેમાં વધારે ખાલી જગ્યા છે. પહેલી સો સંખ્યામાં આવેલા અવિભાજ્ય પૂર્ણાંકોની સંખ્યાને $\pi$ (100)થી દર્શાવીશું. $\pi(x)$ એ પહેલી $x$ સંખ્યાઓમાં આવેલા અવિભાજ્ય પૂર્ણાંકોની સંખ્યા છે, આથી $\pi(100) = 25$ છે.

100 અને 200 વચ્ચે આવેલા 21 અવિભાજ્ય પૂર્ણાંકો જોઈએ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 101 | 113 | 139 | 163 | 181 | 199 |
| 103 | 127 | 149 | 167 | 191 | |
| 107 | 131 | 151 | 173 | 193 | |
| 109 | 137 | 157 | 179 | 197 | |

181 અને 191 વચ્ચે વધારેમાં વધારે ખાલી જગ્યા છે, જે 89 અને 97 વચ્ચેની ખાલી જગ્યા કરતાં વધારે છે. 100 અને 200 વચ્ચે આવેલા અવિભાજ્ય પૂર્ણાંકોની સંખ્યા પણ 1 અને 100 વચ્ચે આવેલા અવિભાજ્ય પૂર્ણાંકોની સંખ્યા કરતાં ઓછી છે. જેમ જેમ આગળ જઈએ એટલે કે 200થી 1000 વચ્ચેની અવિભાજ્ય પૂર્ણાંકોની સંખ્યાનું શું થતું હશે તે જોઈએ. આ સમજવા માટે 6! અને 6! + 5 વચ્ચેના પૂર્ણાંકો જોઈએ

$6! + 2 = 6 \times 5 \times 4 \times 3 \times 2 \times 1 + 2 = 2\ (6 \times 5 \times 4 \times 3 \times 1)$ વિભાજ્ય પૂર્ણાંક

$6! + 3 = 6 \times 5 \times 4 \times 3 \times 2 \times 1 + 3 = 3\ (6 \times 5 \times 4 \times 3 \times 1)$ વિભાજ્ય પૂર્ણાંક

$6! + 4 = 6 \times 5 \times 4 \times 3 \times 2 + 4 = 4\ (6 \times 5 \times 3 \times 2 + 1)$ વિભાજ્ય પૂર્ણાંક

$6! + 5 = 6 \times 5 \times 4 \times 3 \times 2 + 5 = 5\ (6 \times 4 \times 3 \times 2 + 1)$ વિભાજ્ય પૂર્ણાંક

$6! + 6 = 6 \times 5 \times 4 \times 3 \times 2 + 6 = 6\ (5 \times 4 \times 3 \times 2 + 1)$ વિભાજ્ય પૂર્ણાંક

આથી 6 ! + 2 થી 6 ! + 6 વચ્ચે અવિભાજ્ય પૂર્ણાંક નથી, તે જ પ્રમાણે 50,000 ! + 2 થી

50,000 ! + 50,000 વચ્ચે અવિભાજ્ય પૂર્ણાંક નથી. આથી જેમ જેમ આગળ જઈએ તેમ તેમ અવિભાજ્ય પૂર્ણાંકો વચ્ચે ખૂબ જ મોટી જગ્યા હશે, તે સમજવા માટે સંખ્યાઓ અને તેમની વચ્ચેના અવિભાજ્ય પૂર્ણાંકોની સંખ્યાનું ટેબલ 1માં આપ્યું છે.

## ટેબલ 1

| $x$ | $\pi(x)$ | $\pi(x)/x$ | $r(x) = \dfrac{x}{\pi(x)}$ | $e^{r(x)}$ |
|---|---|---|---|---|
| 10 | 4 | 4/10 = .4 | 2.5 | e2-5 = 12.1824 |
| 100 | 25 | 0.25 | 4.0 | 54.598 |
| 1000 | 168 | 0.168 | 5.9523 | 384.6681 |
| 10,000 | 1229 | 0.1229 | 8.1366 | 3417.609 |
| 1,00,000 | 9592 | 0.09592 | 10.4253 | 33,703.416 |
| 10,00,000 | 78,498 | 0.078498 | 12.7391 | 340,843.29 |
| 1,00,00,000 | 6,64,579 | 0.066457 | 15.0471 | 3,426,740.583 |
| 10,00,00,000 | 57,61,455 | 0.057614 | 17.3567 | 34,508,861.36 |

અહીંયાં $x$, 1 થી $x$ સુધીની સંખ્યાઓ, $\pi(x)$, 1થી $x$ સુધીના અવિભાજ્ય પૂર્ણાંકોની સંખ્યા દર્શાવે છે. પહેલી હરોળમાં $x$ની કિંમત દશ છે. 1 થી 10 સુધીમાં 2, 3, 5 અને 7 એમ ચાર અવિભાજ્ય પૂર્ણાંકો

હોઈને $\pi(10) = 4$ છે. $\pi(10)/_{10} = \dfrac{4}{10} = 0.4$ છે.

આનો અર્થ એ થયો કે પહેલી દશ સંખ્યાઓમાં 40% સંખ્યાઓ અવિભાજ્ય પૂર્ણાંકો છે. જ્યારે પાંચમી હરોળમાં $x = 1{,}00{,}000$ અને $\pi(1{,}00{,}000) = 9592$ છે. એટલે પહેલી લાખ સંખ્યાઓમાં અવિભાજ્ય પૂર્ણાંકો 9,592 છે. આથી $\pi(1{,}00{,}000)/1{,}00{,}000 = 9592/1{,}00{,}000 = 0.09592$ થાય. એટલે કે પહેલી લાખ સંખ્યાઓમાં 9.5% એટલે કે 9592 અવિભાજ્ય પૂર્ણાંકો છે. જેમ જેમ xની કિંમત વધતી જાય, તેમ તેમ $\pi(x)/_x$ની કિંમત ઘટતી જાય છે. આથી વધારે ચોક્કસ માહિતી માટે $r(x) = x/\pi(x)$ અને $e^{r(x)}$ ચોથા અને પાંચમા કૉલમમાં આપ્યાં છે.

પહેલા અને છેલ્લા કૉલમમાં જોતાં $x$ની મોટી કિંમતો માટે $x$ની કિંમતો દશ ગણી વધે છે, તેમ તેમ છેલ્લા કૉલમમાં $e^{r(x)}$ ની કિંમતો પણ લગભગ દશ ગણી વધે છે. આને બીજી રીતે જોઈએ તો

$e^{r(10x)} = 10\ e^{r(x)}$ $x$ની મોટી કિંમતો માટે છે.

આપણે જાણીએ છીએ કે

$e^{\ln(10x)} = 10x = 10e^{\ln x}$

આથી $r(x) = \ln x$

$$\therefore\ r(x) = \frac{x}{\pi(x)} \approx \ln x$$

$$\therefore\ \pi(x) \approx \frac{x}{\ln x}$$

પ્રમેય (અવિભાજ્ય પૂર્ણાંક પ્રમેય) $x$ની મોટી કિંમતો માટે $\pi(x) \approx \dfrac{x}{\ln x}$

અથવા $\dfrac{\pi(x)}{x} \approx \dfrac{1}{\ln x}$ છે.

## ટેબલ 2

| $x$ | $\frac{\pi(x)}{x}$ | $\frac{1}{\ln x}$ |
|---|---|---|
| 10 | 0.4 | 0.43429 |
| 100 | 0.25 | 0.21714 |
| 1000 | 0.168 | 0.1447 |
| 10,000 | 0.1229 | 0.10857 |
| 100,000 | 0.09592 | 0.08685 |
| 1000,000 | 0.078498 | 0.07238 |
| 10000,000 | 0.066457 | 0.06204 |
| 100000,000 | 0.057614 | 0.05428 |
| 1000,000,000 | 0.050847 | 0.048254 |
| 10,000,000,000 | 0.045505 | 0.043429 |

$\frac{\pi(x)}{x}$ અને $\frac{1}{\ln x}$

કિંમતો પૂરેપૂરી સરખી નથી, પણ જેમ જેમ x મોટો થતો જાય છે તેમ તેમ $\frac{\pi(x)}{x}$ અને $\frac{1}{\ln x}$ વચ્ચેનો તફાવત ઓછો થતો જાય છે.

આ પ્રમેયની સાબિતી 1896માં હાદા માર્દ (Hadamard, 1865-1963) અને વેલ્લી પોસ્સિને (Vallee Paussin, 1866-1962) પૃથક્કરણાત્મક સંખ્યાશાસ્ત્રનો (Analytical Number Theory) ઉપયોગ કરીને આપેલી.

Prime numbers below a $(\approx \infty)\frac{a}{\ln a}$

જેને આપણે $\pi(a) \approx \frac{a}{\ln a}$ for large value of a તરીકે લખી શકીએ જે આપણું પ્રમેય છે. ગૉસ મફતમાં 'Prince of Mathematics' કહેવાતા નથી.

આ પ્રમેયની સાબિતી 1896માં હાદામાર્દ (Hadamard, 1865-1963) અને વેલ્લી પોસ્સિને (Valler Poussin, 1866-1962) ઍનાલિટિકલ નમ્બર થીયરી (Analytical Number Theory) વાપરીને આપેલી.


આપણે અવિભાજ્ય પૂર્ણાંકો જેવા કે 11, 13; 17, 19; 41, 43; 197, 199 જોયા જેની વચ્ચે ફક્ત એક જ વિભાજ્ય પૂર્ણાંક છે. આવા અવિભાજ્ય પૂર્ણાંકો અવિભાજ્ય પૂર્ણાંક જોડકાંઓ તરીકે ઓળખાય છે. આવાં અવિભાજ્ય જોડકાં કેટલાં હશે ? અનંત. કોઈએ હજુ સુધી આની સાબિતી આપી નથી. મોટા અવિભાજ્ય પૂર્ણાંકોમાં પણ જોડકાંઓ દેખાય છે જેમકે 1,000,000,000,061 અને 1,000,000,000,063 અવિભાજ્ય પૂર્ણાંકોનું જોડકું છે.

[આ લેખ William Dunham કૃત The Mathematical Universe, John Wiley & Sons, Inc., 1994ના આધારે સાભાર લખાયો છે.]

(નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,
મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર - 382423)

# ગ્રંથસૌરભ

**Sixty Years of the University Grants Commission : Establishment, Growth and Evolution** / by Kavita A. Sharma. New Delhi : University Grants Commission, 2013. xix, 362 p. : 4 art plates. Price not mentioned.




યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) = યુનિવર્સિટી અનુદાન આયોગ, નવી દિલ્હી એ ભારત સરકાર દ્વારા સંસદમાં એક્ટ પસાર કરીને ૫ નવેમ્બર, ૧૯૫૬થી અસ્તિત્વમાં આવેલ એક વૈધાનિક સંસ્થા (Statutory body) છે. યુજીસી ધારાની કલમ ૧૨ અન્વયે તેને આપવામાં આવેલી મુખ્ય સત્તાઓ અને કાર્યો પૈકી યુનિવર્સિટીઓની નાણાકીય જરૂરિયાતોની તપાસ કરવી, યુનિવર્સિટીઓને અનુદાનની વહેંચણી અને ચુકવણી, ઉચ્ચશિક્ષણની સંસ્થાઓનું સંયોજન અને ધોરણો – standards – નો નિભાવ, કોઈ પણ યુનિવર્સિટીને યુનિવર્સિટી શિક્ષણમાં સુધારણા માટે ભલામણ કરવી, કોઈ પણ સત્તામંડળને નવી યુનિવર્સિટી સ્થાપવા માટે અથવા વિસ્તરણ માટે સલાહ આપવી વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. સમીક્ષિત ગ્રંથ યુજીસીની હીરક જયંતી – મણિમહોત્સવની ઉજવણીના ઉપલક્ષ્યમાં લેખિકાને ખાસ આમંત્રિત કરીને તૈયાર કરાવવામાં આવ્યો છે, જેમાં યુજીસીની સ્થાપનાનાં ૬૦ વર્ષની વિકાસગાથા વર્ણવવાની સાથે સાથે ઉચ્ચ શિક્ષણનાં ભાવિ પ્રવાહો અને વલણો કેવાં હશે અને યુજીસીની ભૂમિકા શી હોઈ શકે તે સૂચવવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત ગ્રંથની રચના હેતુસર લેખિકા ફુલબાઈટ સ્કોલર ડૉ. કવિતા શર્માએ પંચવર્ષીય યોજનાના દસ્તાવેજો, યુજીસીના વાર્ષિક અહેવાલો, નેશનલ નોલેજ કમિશન, પ્રો. યશપાલ કમિટી, પે રિવ્યૂ કમિટી વગેરે ઉપરાંત ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન અને આઝાદી બાદનાં ઉચ્ચશિક્ષણ માટે નિમાયેલ કમિટી / કમિશનોના અહેવાલો અને અન્ય આનુસંગિક સાહિત્યનું ગહન અધ્યયન કર્યું છે, જેના પરિણામસ્વરૂપે વિદ્યાજગતને યુજીસીની વિભાવના, તેનું હાર્દ અને તેનો ક્રમબદ્ધ દસ્તાવેજી ઇતિહાસ તેની નોંધપાત્ર ઉપલબ્ધિઓ અને મર્યાદાઓ સાથે સુલભ થઈ શક્યો છે. પ્રકારાન્તરે આ ગ્રંથે ભારતીય ઉચ્ચશિક્ષણની તાસીર અને ભાવિ વલણોની ઝાંખી પણ પ્રસ્તુત કરી આપી છે. આ ગ્રંથની એક અન્ય આગવી વિશેષતા એ છે કે અહીં યુજીસી દ્વારા નિમાયેલ કમિટી / કમિશનોના સભ્યો, શરતો કે ભલામણોના લાંબા ઉતારા, ગ્રાન્ટ ફાળવણીની અને અન્ય આંકડાકીય વિગતોની ભરમાર કે વખતોવખત નિમાયેલા ચેરમેનોનાં પ્રશસ્તિગાનનો સદંતર અભાવ જોવા મળે છે. અને તેના સ્થાને આ બધા દસ્તાવેજોના દોહનરૂપ સારગર્ભિત ચિંતનનો અર્ક પ્રસ્તુત થયેલો જોવા મળે છે. પરિણામસ્વરૂપે નોંધપાત્ર સ્થિત્યાંતરોનું નીરક્ષીરભાવે અવલોકન રજૂ કરતો આ ગ્રંથ શૈક્ષણિક સંસ્થાનો ઇતિહાસ કેવો હોવો જોઈએ તેનો રોલ મોડેલ બની મહોરી રહ્યો છે, તેમજ કોઈ સાહિત્યિક કૃતિનું વાચન કરતા હોઈએ તેવી આ ગ્રંથની પ્રવાહિતા વિશેષ ધ્યાનપાત્ર બની રહે છે.

સમગ્ર ગ્રંથનું કથયિતવ્ય ૮ પ્રકરણો અને Epilogue – ભરતવાક્ય હેઠળ વિભાજિત કરી આપ્યું છે.

ગ્રંથાન્તે વર્તમાન ચેરમેનથી શરૂ કરી પૂર્વેના તમામ ચેરમેનશ્રીઓના તથા – આનુસંગિક ફોટોગ્રાફ્સ આપ્યા બાદ પરિશિષ્ટમાં ૧૭ ચેરમેનશ્રીઓ, ૧૨ વાઈસ ચેરમેનશ્રીઓ અને ૧૨ સેક્રેટરીશ્રીઓની તેમના કાર્યકાળ સાથે યાદી અને છેલ્લે સૂચિ – Index આપવામાં આવી છે. પ્રથમ પ્રકરણમાં બ્રિટિશશાસનકાળથી યુજીસીની સ્થાપના પૂર્વે સુધીની ભારતમાં ઉચ્ચશિક્ષણની સ્થિતિનું વિહંગાવલોકન રજૂ કરવામાં આવ્યું છે. લેખિકાએ ભારતમાં ઉચ્ચશિક્ષણના આધુનિકકાળનું આરંભબિંદુ ઈ. સ. ૧૭૮૧માં કેટલાક મુસ્લિમ અગ્રણીઓ દ્વારા ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સની મુલાકાતના પરિણામે અસ્તિત્વમાં આવેલ કલકત્તા મદરેસા (૧૭૮૧)ની સ્થાપનાને ગણાવ્યું છે. આ પછી કેટલીક કૉલેજોની સ્થાપના કરવામાં આવી હતી, આમ છતાં ઈ. સ. ૧૮૫૪ સુધી બ્રિટિશ સરકાર પાસે શિક્ષણ સંબંધી કોઈ ચોક્કસ નીતિ ન હતી તેવું લેખિકાનું મંતવ્ય યથોચિત જ છે. અહીં ૧૮૫૪નો વુડનો ખરીતો, ૧૮૫૭માં કલકત્તા, મદ્રાસ અને મુંબઈ યુનિવર્સિટીઓની સ્થાપના અને તેમની સ્થિતિ, ઇન્ડિયન એજ્યુકેશન કમિશન (૧૮૮૨), ઇન્ડિયન યુનિવર્સિટીઝ કમિશન (૧૯૦૨), કલકત્તા યુનિવર્સિટી કમિશન (૧૯૧૭), સાર્જન્ટ કમિશન (૧૯૪૪) વગેરેની ભલામણો, યુનિવર્સિટીઓની વાસ્તવિક સ્થિતિ, ઉચ્ચશિક્ષણની દશા અને દિશાનું યથાતથ વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. ઈ. સ. ૧૯૪૪માં સાર્જન્ટ કમિશને યુનિવર્સિટીઓની સ્થાપના સંદર્ભે નોંધેલ અવલોકન 'both the central and provincial governments had yielded to popular pressure in bringing universites into existence without proviing the necessary resources to enable them to function on sound lines' આજે ૭૦ વર્ષ બાદ પણ હકીકત તરીકે આપણે અનુભવી રહ્યા છીએ.

સ્વતંત્ર ભારતની સરકાર દ્વારા ડૉ. એસ. રાધાકૃષ્ણનના અધ્યક્ષપદે નિમાયેલ યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન (૧૯૪૮) એ યુજીસીની સ્થાપના કરવાની સ્પષ્ટ ભલામણ કરતાં આ દિશામાં નક્કર પગલાંના સ્વરૂપે ઈ. સ. ૧૯૫૧માં 'The Central Council of Univeristy Education Bill' સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ સંદર્ભે સંસદમાં અને સંસદ બહાર થયેલ ઉગ્ર ચર્ચાઓની લેખિકાએ સાધાર નોંધ લીધી છે. યુનિવર્સિટીઓની સ્વાયત્તતા ઉપર તરાપ થવાની આશંકાએ કેટલાક કુલપતિઓ સર્વશ્રી એન. જે. વાડિયા, આર. કે. શણમુખમ, હંસા મહેતા, વી. કે. આર. વી. રાવ વગેરેએ કેટલાક મુદ્દાઓ સંદર્ભે વિરોધ કરવા ઉપરાંત કેટલાંક અર્થપૂર્ણ સૂચનો પણ કર્યાં હતાં, જે અહીં સામેલ કર્યાં છે. આ બિલની જોગવાઈ અંતર્ગત અનુદાન ફાળવવાની સત્તા સરકાર પાસે કે યુજીસી પાસે હોવી જોઈએ તે સંદર્ભે પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ આ સત્તા યુજીસી પાસે હોવાના મતના અને નાણામંત્રી સી. ડી. દેશમુખ સરકાર પાસે હોવાનો મત ધરાવતા હોઈ આ પ્રશ્ન કેબિનેટ સમક્ષ રજૂ કરતાં કેબિનેટ દ્વારા પ્રધાનમંત્રીના મતને ગ્રાહ્ય રાખવો, યુજીસીના પ્રથમ ચેરમેનપદે નિયુક્ત થયેલ સી. ડી. દેશમુખ દ્વારા પોતાની નિવૃત્તિ ટાણે પોતાના વિદાય ભાષણમાં અનુદાન વહેંચણીની સત્તા યુજીસી પાસે હોવી જોઈએ તે સંદર્ભે પ્રધાનમંત્રી કેટલા બધા સાચા અને દીર્ઘદૃષ્ટિવાળા હતા તેનો એકરાર કરવો, ઈ. સ. ૧૯૫૧ના મૂળ બિલમાં રાજ્ય વિધાનસભા દ્વારા યુનિવર્સિટીની સ્થાપનાને બહાલી આપવામાં આવી હોય તેને ગ્રાહ્ય રાખવી કે ન રાખવી, તેમજ કોઈ યુનિવર્સિટીને જરૂરી દિશા-નિર્દેશ કરવામાં આવેલ હોય અને તેનું પાલન કરવામાં તે નિષ્ફળ નીવડે તો તે યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવેલ ડિગ્રીઓ અમાન્ય કરવાની સત્તા કેન્દ્ર સરકારને સોંપવા સંબંધી મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી હતી તે રદ કરવી વગેરે રસપ્રદ અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજી સામગ્રીનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે The UGC Act અસ્તિત્વમાં આવ્યા પૂર્વે કામચલાઉ ધોરણે (interim) યુજીસીની સ્થાપના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક શાંતિસ્વરૂપ ભટનાગરના અધ્યક્ષપદે ઈ. સ. ૧૯૫૩માં કરવી અને યુજીસીની ઈ. સ. ૧૯૫૬માં વિધિવત સ્થાપના સુધીના ચેરમેનશ્રીઓ, તેના સ્વરૂપ અને કામગીરીનો અહેવાલ, ઈ. સ. ૧૯૭૦, ૧૯૮૪ અને ૧૯૮૫માં યુજીસી એક્ટમાં

કરવામાં આવેલા સુધારાઓ, એક્ટમાં પ્રદત્ત યુજીસીની સત્તાઓ અને કાર્યો વગેરે બાબતોની ઝાંખી પ્રસ્તુત કરીને યુજીસીનાં કાર્યોની મુલવણી પૂર્વે આ પ્રકરણ એક ઠોસ ભૂમિકા ખંડ તરીકે રજૂ કર્યું છે.

પ્રકરણ ૨થી ૭ યુજીસીની સ્થાપનાના ૭ દશકો (કામચલાઉ ધોરણેના સ્થાપના વર્ષ ૧૯૫૩થી શરૂ કરી ૨૦૧૩ સુધી) માટે ફાળવવામાં આવ્યાં છે, જેમાં પ્રત્યેક દશક ઈ. સ. ૧૯૫૩-૬૨, ૧૯૬૩થી ૭૨... ૨૦૦૩થી ૨૦૧૩ દરમિયાન યુજીસી દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓ અને તેની ઉપલબ્ધિઓનું આકલન કરવામાં આવ્યું છે, પરિણામે યુજીસીના કાળક્રમાનુસાર થયેલા વિકાસનો અર્થાત્ પ્રારંભિક વર્ષોની જરૂરિયાત અને પરિસ્થિતિ અનુસાર હાથ ધરેલા કાર્યક્રમો અને સમયાન્તરે નવી ઉદ્ભવતી જરૂરિયાતોને ધ્યાને લઈ સંપન્ન કરેલાં કાર્યોનો ચિતાર દષ્ટિગોચર થાય છે. અહીં જે તે દશકમાં નિયુક્ત કરવામાં આવેલ કમિટીઓ અને તેના ફલિતાર્થો, શિક્ષણનું માધ્યમ, વિદ્યાર્થીઓમાં શિસ્તના પ્રશ્નો અને કલ્યાણની પ્રવૃત્તિઓ, ત્રણ વર્ષનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ, પરીક્ષા સુધારણા, સેન્ટર્સ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝ, ગ્રંથાલયો, વિદ્યાર્થી રજિસ્ટ્રેશન અને ધોરણોની જાળવણી, આંતરરાષ્ટ્રીય સહકાર, રિવ્યૂ કમિટી, સ્વાયત્ત કૉલેજો, દૂરવર્તી શિક્ષણ, અનામતપ્રથા, એકેડેમિક સ્ટાફ કૉલેજો, અભ્યાસક્રમ સુધારણા, વિજ્ઞાન શિક્ષણ, વોકેશનલ કોર્સિસ, નેટ, નેક, સુવર્ણ જયંતી વ્યાખ્યાનો અને પરિસંવાદો, પે રિવ્યૂ કમિટી, શિક્ષકોનું ઉત્તરદાયિત્વ, ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના વગેરે ૧૪૪ પેટામુદ્દાઓ હેઠળ વિમર્શ રજૂ કરવામાં આવેલ છે, તેમજ પ્રત્યેક દશકની ચર્ચામાં જે તે પંચવર્ષીય યોજનાઓનું મૂલ્યાંકન કરવા ઉપરાંત પ્રત્યેક પ્રકરણના અંતમાં દશકની ઉપલબ્ધિઓ અને મર્યાદાઓ પણ દર્શાવવામાં આવી છે.

અંતિમ પ્રકરણ VIII : The New Initaitves and Discourses : નવપ્રસ્થાનો અને વિમર્શમાં ઈ. સ. ૨૦૦૩ – ૧૩ દરમિયાન ભારતીય ઉચ્ચ શિક્ષણમાં આમૂલ પરિવર્તનો કરવા સંદર્ભે ચર્ચાની એરણ ઉપર રહેલાં કેટલાંક નવપ્રસ્થાનો સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલાં કેટલાંક કમિટી / કમિશનો જેમ કે નેશનલ નોલેજ કમિશન (૨૦૦૫), મુસ્લિમ સમાજના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્તર માટે સાચર કમિટી (૨૦૦૫), Rnovation and Rajuvenation of Universities – પ્રો. યશપાલ કમિટી (૨૦૦૮) અને નારાયણમૂર્તિ કમિટી નિમવામાં આવ્યાં હતાં. આ બધી સમિતિઓની ભલામણો સંદર્ભે ગહન વિમર્શ રજૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ ભલામણોના અમલ અર્થે વૈધાનિક ટેકાની જરૂરિયાતને ધ્યાને લેતાં ૮ જેટલાં બિલો જેમ કે 1. National Accreditation Authority for Higher Educational Institutions Bill, 2010. 2. Foreign Educational Institutions Bill, 3. The Educational Tribunal Bill, 2010. 4. The Universities for Research & Innovation Bill, 2012 વગેરે આજે પણ સંસદમાં અટવાઈ પડ્યાં છે. અહીં આ બધી સમિતિઓની ભલામણોની ચર્ચા અને આ ભલામણોનો અમલ ઉચ્ચશિક્ષણનો આકાર બદલવામાં કેટલી સુદૃઢ પુરવાર થશે તે પણ અહીં દર્શાવવામાં આવેલ છે. ઉદા. તરીકે યશપાલ સમિતિની સરાહના કરતા શબ્દો : 'The Yashpal committee did a remarkable job bringing the essence of the idea of a university to the fore as it often gets lost in the din of market forces that measures everything including the univerisities with how much can they equip the students to get lucrative financial returns on the time and resources that thay have spend on higher education' – દૃષ્ટવ્ય બની રહે છે.

ગ્રંથાન્તેના Epilogue – ભરતવાક્યમાં યુજીસીના અસ્તિત્વના ૭ દાયકોની પ્રવૃત્તિઓનું અને ઉપલબ્ધિઓનું પરિશીલન કરતાં લેખિકાએ યુસીજી દ્વારા ભારતમાં ઉચ્ચશિક્ષણના વિકાસ અને વિસ્તાર, કાર્યકુશળ માનવ સંસાધન પેદા કરવા તથા જ્ઞાન આધારિત સમાજનિર્માણમાં અદા કરવામાં આવેલ ભૂમિકાની સરાહના કરવાની સાથે સાથે ૨૧મી સદીના પ્રારંભથી જ પેદા થયેલા કેટલાક પડકારો જેમ કે વૈશ્વિકીકરણ અને લોકશાહી, WTO અને GATS


કરારોના કારણે ઉચ્ચશિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ, આર્થિક ફાયદો મેળવવા વિદેશી યુનિવર્સિટીઓના ભારતમાં પ્રવેશ, ઘર આંગણે રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવાની અમર્યાદ મંજૂરીઓ અને આ પ્રવૃત્તિને ખાળવા માટે રાષ્ટ્રીય ધારાનો અભાવ, જથ્થાત્મક વૃદ્ધિની સામે ઘટતી જતી ગુણાત્મકતા, રોજગારી પેદા કરી શકે તેવા શિક્ષણનો અભાવ વગેરેનો સામનો કરવા માટે અને નવી જવાબદારીઓના કુશળતાપૂર્વક નિર્વાહ માટે યુજીસીએ ગ્રાંટ્સ કમિશનમાંથી એજ્યુકેશન કમિશનમાં પરિવર્તિત થવું પડશે તેવો દિશા-નિર્દેશ કરતા શબ્દો : 'If the UGC has to shoulder all the new responsibilities, it has to restructure and expand its domain of action to prevent fragmentation and contradiction. For this it will have to evolve from a Grants Commission to an Education Commission and accept all post-secondary education as its province in one integrated ecosystem of knowledge' લેખિકાના ઉચ્ચશિક્ષણ વિષયક ચિંતન અને નિસબતના પર્યાય બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથની લેખિકા અંગ્રેજી સાહિત્યની વિદુષી અધ્યાપિકા ડૉ. કવિતા શર્મા ભારતખ્યાત India International Centre, New Delhiના નિયામક તરીકે સેવા આપી રહ્યાં છે. આ પૂર્વે તેમણે હિંદુ કૉલેજમાં પ્રારંભમાં અધ્યાપક અને ત્યાર બાદ પ્રિન્સિપાલ તરીકે ૧૯૭૧થી ૨૦૦૮ સુધી સેવાઓ આપી હતી. તેઓશ્રી શાસ્ત્રી ઇન્ડો-કેનેડિયન ફેલોશિપ અને ફુલબ્રાઈટ સ્કોલર ફેલોશિપથી વિભૂષિત છે. તેમના Byron's Plays, Interationalization of Higher Education, Ongoing Journey વગેરે મૌલિક અને કેટલાક સંપાદિત ગ્રંથો પ્રકાશિત થયા છે. સમીક્ષિત ગ્રંથ એ તેમના ગ્રંથ '50 Years of U.G.C.'નું નવસંસ્કરણ અને સંવર્ધિત સ્વરૂપ છે.

આ ગ્રંથને આવકારતાં યુજીસીના ચેરમેન પ્રો. વેદ પ્રકાશના શબ્દો : This book captures the milestones covered by the UGC since its inception in shaping higher educatuion in the country during the last six decades' – ધ્યાનાર્હ બની રહે છે. ભારતીય ઉચ્ચશિક્ષણ સાથે સંબંધ ધરાવતી સૌ કોઈ સંસ્થાઓ માટે આ ગ્રંથ મૂલ્યવાન મૂડી બની રહેશે. ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ કાગળ ઉપરનું મુદ્રણ અને ટકાઉ બાંધણી પણ ધ્યાનાકર્ષક.

**મણિભાઈ પ્રજાપતિ**

**મનુભાઈ પંચોળી સાથે વિચારયાત્રા** :
સંપાદક : મહેન્દ્ર મેઘાણી, ભાવનગર : લોકમિલાપ, ૨૦૧૪, ૯૨ પૃ. ; ૧૦૦ નકલની પડતર
કિં. : રૂ. ૧૩૫૦/- (રવાનગી ખર્ચ સહિત)




મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૧૪-૨૦૦૧) આપણા પ્રથિતયશ સાહિત્યકાર, કેળવણીકાર અને ઇતિહાસવિદ. ઉપરાંત ગાંધીજીવનદર્શન, ગ્રામીણ અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજસેવા વગેરે વિષયોમાં પણ પોતીકી – ઊંડી સમજ ધરાવતા હતા. આજની નવી પેઢી – સવિશેષતઃ કિશોરો – યુવાનો દર્શકની વિચારધારાથી – તેમના માનવતાવાદી અભિગમથી સુપરિચિત બની રહે તે હેતુસર ગુજરાતી પ્રજાને વાચનઘેલી બનાવી રાખવાના સ્વપ્નદ્રષ્ટા અને તે હેતુસર સતત પ્રયત્નશીલ બની રહેલા પ્રસ્તુત ગ્રંથના સંપાદક – પ્રકાશક શ્રી મહેન્દ્ર મેઘાણીએ દર્શક સાહિત્યશ્રીમાં અવગાહન કરીને તેમાંથી તારવીને સાહિત્યરસથી તરબોળ અને પ્રેરક કેટલાક ગદ્યખંડો કે જેમાં દર્શકનું ચિંતન પ્રસ્ફુટિત થયું છે તે અહીં રજૂ કર્યા છે. અહીં આપણને દર્શકની બહુઆયામી વિચારયાત્રાનાં દર્શનની સાથે સાથે હૃદયની સચ્ચાઈ રણકતા તેમના આત્મવૃત્તાંતના કેટલાક અંશો જેમકે કુટુંબ, શિક્ષણ, બાલ્યવયથી સતત ઊર્ધ્વગતિએ વિકસેલ અને વિસ્તરેલ વાચનપ્રીતિ અને લેખનકળા, પોતે પ્રભાવિત થયેલ સર્જકો અને તેમની કૃતિઓ, યુવાનીના ઉંમરે ડગ માંડતાં જ મહાત્મા ગાંધીની હાકલ સાંભળીને અભ્યાસ છોડી

સત્યાગ્રહની લડતમાં જોડાઈ જવું અને જેલવાસ, લોકભારતી અને વિદ્યાર્થી ઘડતરના અનુભવો વગેરેની અહીં સ-રસ ઝાંખી મળી રહે છે. પરિણામે કિશોરોને મઝા પડે તેવું અને પથ્યકારક વાચન થઈ પડ્યું છે. દર્શક બાલશિક્ષણ તેમ જ મૂલ્યનિષ્ઠ અને શરીરશ્રમ સાથેના શિક્ષણના હિમાયતી રહ્યા છે. લોકભારતીના માધ્યમથી સમાજઘડતરમાં તેમની મુખ્ય ભૂમિકા રહી છે. તેમનો વિદ્યાર્થી કહે 'બા ! હું આવાં કાળાંધોળાં કરવા આંબલામાં વિદ્યા નથી ભણ્યો. મારાથી ભાઈને એવો અન્યાય નહિ થાય', 'રામાયણ અમસ્તું નથી સાંભળ્યું' તેમાં જ તેમના દ્વારા પ્રદત્ત શિક્ષણની અનન્ય સાર્થકતા સિદ્ધ થાય છે. આ ઉપરાંત દર્શક ધર્મસત્તાનો બદલે બંધારણીય અંકુશોવાળી નાગરિકસત્તાના પુરસ્કર્તા રહ્યા છે અને તેથી જ હિન્દુ કોડ બિલને આવકાર્યું છે તેમ જ બધા જ ધર્મો માટે તેમ થવું જોઈએ તેવો સ્પષ્ટ અભિમત ધરાવતા હતા. ચાલો, આપણે દર્શકની કેટલીક ચિંતન કણિકાઓ માણીએ :

''લોકશાહી તો એવું ઝાડ છે જેનો રસ પાંદડે પાંદડે, ડાળીએ ડાળીએ, મૂળિયાંમાં, થડમાં બધે ઊતરેલો હોય. પરંતુ આપણી લોકશાહી કેવળ રાજકીય લોકશાહી છે. સામાજિક લોકશાહી હજી જન્મી નથી.'' // ''શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ, માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ–સાહિત્ય–સેવા બધું નકામું.'' // ''જુઓ, બાપા, અમે શું શીખવીએ છીએ તે કહું ?'' પછી તેવાની સામે આંખ નોંધી હું કહેતો : ''શીંગડાં માંડતાં શીખવીએ છીએ ! મને પરમ સંતોષ છે કે આ શીંગડાં માંડવાનું શીખવતા શિક્ષણને પ્રતાપે અમે ગામડાંના કેટલાય વગર પૈસાના વકીલો કેળવી શક્યા.'' // ''આપણે ગામના વણકર પાસે વણાવતા નથી–મિલનું કપડું લઈએ છીએ. આપણે ઘાણાનું તેલ લઈને ઘાંચીને મારીએ છીએ. આપણે કારખાનાંના જોડા પહેરી સ્થાનિક મોચીને રઝળાવીએ છીએ. એ પૂરતા આપણે પણ મૂડીવાદી માનસ ધરાવીએ છીએ.''

અહીં પસંદ કરવામાં આવેલી સામગ્રી દર્શકના કયા ગ્રંથમાંથી લેવામાં આવી છે તેનો સંદર્ભ દર્શાવવામાં આવ્યો હોત તો યુવા વાચકોને મૂળગ્રંથ વાંચવા પ્રેરવા ઉપરાંત અનેકવિધ રીતે ઉપયોગી નીવડત ! અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષ એ દર્શકની જન્મશતાબ્દીનું વર્ષ છે. સારસ્વતની જન્મશતાબ્દીની ઉજવણીની નવતર રીત તેમના વિચારોને કિશોરોમાં પ્રચાર-પ્રસારથી વધુ શ્રેષ્ઠ કઈ હોઈ શકે ? આવો ઉમદા વિચાર શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીને જ આવી શકે અને તે પણ તેની પડતર કિંમતે આપવાનું નક્કી કર્યું છે, અને તેની એક લાખ નકલો નવી પેઢીના વાચકોને પહોંચાડવાની ઉમેદ ધરાવે છે. શાળા–કૉલેજોના વિદ્યાર્થીઓમાં વંચાવવા, વહેંચવા તથા તેમને ખરીદવા માટે પ્રેરવા જેવું આ પુસ્તક છે. આ પુસ્તકની ઓછામાં ઓછી ૧૦૦ નકલ ખરીદનાર રૂ. ૧૨૦૦ + ૧૫૦ રવાનગી ખર્ચ રૂ. ૧૩૫૦/- લોકમિલાપ (પો. ઓ. નં. ૨૩, સરદાર નગર, ભાવનગર - ૩૬૪૦૦૧. ફોન : ૦૨૭૮-૨૫૬૬૪૦૨)ને મોકલી આપવાથી આ પુસ્તકો તેમને અથવા સૂચવવામાં આવેલ શાળાને સીધાં જ મોકલી આપવામાં આવશે. ખરા અર્થમાં ગ્રંથસંસ્કૃતિના સંરક્ષક અને પુરસ્કર્તા શ્રી મહેન્દ્રભાઈને અભિવંદના – જીવેમ શરદઃ શતમ.

**મણિભાઈ પ્રજાપતિ**

## પામરતાનું પાપ

દેશમાં પક્ષો તો હંમેશાં રહેવાના જ. કોઈ પણ સુધારાને માટે બધાને સામાન્ય એવો કાર્યક્રમ શોધી શકાય નહીં. કારણ, કેટલાક બીજાઓના કરતાં વધારે આગળ જવાનું ઇચ્છનારા હોય. આવી તંદુરસ્ત વિવિધતામાં હું હરકત જોતો નથી.

પણ આપણામાંથી જે વસ્તુ હું દૂર કરવા ઇચ્છું છું તે તો એ કે, આપણે એકબીજા પર ખોટા હેતુઓનું આરોપણ ન કરીએ. આપણને ઘેરી વળેલું પાપ એ આપણા મતભેદો નથી પણ આપણી પામરતા છે. શબ્દો ઉપર આપણે મારામારી કરીએ છીએ. ઘણી વાર તો પડછાયાને માટે આપણે લડીએ અને મૂળ વસ્તુ જ ખોઈ બેસીએ છીએ. ખરેખરી નડનારી વસ્તુ આપણા મતભેદો નથી, પણ તેની પાછળ રહેલી આપણી લઘુતા છે.

**મો૦ક૦ ગાંધી**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અધ્યાપન સજ્જતા કાર્યશિબિર

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૧૦થી ૧૭/૬/૨૦૧૪ સુધી એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, નર્સિંગ કૉલેજ, એમ.સી.એ.–બી.સી.એ. કૉલેજ, એમ. એમ. પટેલ સાયન્સ કૉલેજ, એમ.એસસી.આઈ.ટી., વીપીએમપી પોલિટૅક્નિક વગેરે કૉલેજોના છેલ્લાં બે વર્ષમાં નિયુક્ત થયેલા અધ્યાપકો માટે અધ્યાપનકાર્યની સજ્જતા કેળવવાના હેતુથી કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રસ્તુત કાર્યશિબિરની ઉપયોગિતા જણાવી તેનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. આ શિબિરમાં પ્રિન્સિપલ ઑફ ઇફેક્ટીવ ટીચિંગ, લર્નિંગ ઍન્ડ ઇન્સ્ટ્રકશન, ટીચિંગ ટૅક્નિક, ઇ-કન્ટેન્ટ ડેવલપમેન્ટ, મોટીવેશન, સ્ટુડન્ટ એસેસમેન્ટ ઍન્ડ ઇવેલ્યુએશન, મોડેલ ઑફ ટીચિંગ વગેરે વિષયો વિશે સમજૂતી આપવામાં આવી હતી.

### આરંગ્રેત્રમ

* આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગર દ્વારા તા. ૨૨-૦૬-૨૦૧૪ના રોજ સંસ્થાના શેઠશ્રી ખીમજી વિશરામ ઍન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે કુ. જિલ જોષી તથા કું. ઝરણા ભાવસારનું આરંગ્રેત્રમ યોજાયેલ. આ બંને વિદ્યાર્થિનીઓ આ સંસ્થાની ભગિની સંસ્થા એમ. બી. પટેલ કન્યા વિદ્યાલયના અનુક્રમે ધોરણ-૮ તથા ધોરણ-૭ માં અભ્યાસ કરે છે. કાર્યક્રમના મહેમાનશ્રીઓ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ ડી. પટેલ, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને શ્રીકૃષ્ણકાન્ત જહા (અધ્યક્ષ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ) ઉપરાંત શ્રીમતી પ્રીતિબહેન દવે (પ્રમુખ, સાચોરા જ્ઞાતિ સમાજ, અમદાવાદ), શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર (પ્રમુખ, ભાવસાર સમાજ, ગાંધીનગર) તથા ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં એકેડેમીનાં સંચાલિકા શ્રીમતી દીનાબહેન ડોડિયાએ મહેમાનોનો અને એકેડેમીની પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. આ બંને વિદ્યાર્થિનીઓને મહેમાનશ્રીઓના વરદ હસ્તે સર્વ વિદ્યાલય કેળવણીમંડળ તરફથી સર્ટિફિકેટ અને પ્રત્યેકને રૂ. ૨૫૦૦/-નો ચેક એનાયત કરવામાં આવેલ. વિદ્યાર્થિનીઓએ કલાગુરુ શકુંતલાબહેન ઓઝા પાસેથી તાલીમ મેળવી હતી.

### ઇન્ટર્નશિપ

* તા. ૧૮/૦૭/૨૦૧૪ના રોજ બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ ટ્રેઇનિંગ આપવાના હેતુથી ડી.એન.એ., અમદાવાદની ટીમને આમંત્રિત કરવામાં આવી હતી. આ ટીમના સભ્યોએ વિદ્યાર્થીઓને કાર્ય તેમ જ તેનાં વિવિધ પાસાંઓની વિસ્તૃત છણાવટ કરતું પ્રેઝન્ટેશન આપ્યું હતું તેમજ વિદ્યાર્થીઓનાં ઇન્ટરવ્યૂ લીધાં હતાં. પસંદગી પામેલા વિદ્યાર્થીઓને માસિક રૂ. ૮૦૦૦/- ઇન્સેન્ટીવની રકમ સ્ટાઇપન્ડ તરીકે ચૂકવવામાં આવશે. કૉલેજ તથા દૈનિક ભાસ્કર ગ્રૂપના સંયુક્ત ઉપક્રમે પણ ઇન્ટર્નશિપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં દૈનિક ભાસ્કર ગ્રૂપ દ્વારા ૨૬ તેજસ્વી વિદ્યાર્થીઓની ઇન્ટર્નશિપ માટે પસંદગી કરવામાં આવી. આ ગ્રૂપ વિદ્યાર્થીઓને રૂ. ૮૦૦૦/- જેટલી રકમ ઇન્સેન્ટીવ તરીકે ચૂકવશે. આ ઉપરાંત ૪૦ વિદ્યાર્થીઓને સેલ્સ ઇંડિયા દ્વારા પસંદ કરવામાં આવતાં તેમને રૂ. ૭૫૦૦ ઇન્સેન્ટીવ તરીકે ચૂકવશે.

## કાવ્યરચના અને કાવ્યપઠન

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે તેમ જ કાવ્યરચના કરવા પ્રેરાય તે હેતુથી તા. ૨૨/૦૭/૧૪ના રોજ આ સંબંધી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે કવિતામાં શબ્દની શક્તિઓ વિશે વાત કરી હતી. ત્યારબાદ પ્રા. શ્રી નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત મહેમાન કવિ શ્રી દલપતભાઈ પઢિયારનો પરિચય આપી કવિતાક્ષેત્રે તેમને આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. કવિ શ્રી દલપતભાઈ પઢિયારે કવિતા એટલે શું ? તેની ઝીણવટપૂર્વકની માહિતી આપીને પોતાની ખ્યાતનામ કૃતિઓ : 'મેં તો ડુંગર ઉપર દીવડો મેલ્યો કે'..., 'અમને કોની રે સગાયું આજ સાંભરે'.... વગેરેનું ભાવવિભોર સ્વરે પઠન કર્યું હતું. શિબિરાર્થીઓએ પણ કવિતાનું લેખન કાર્ય કર્યું હતું. આ પ્રસંગે ડૉ. આર. જે. વ્યાસ, ડૉ. જિજ્ઞાસાબહેન જોશી, ડૉ. કુસુમબહેન યાદવ, માયાબહેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુરુપૂર્ણિમા

* ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા મહિલા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૨/૭/૧૪ના રોજ ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થિનીઓએ ગણેશ વંદના અને સરસ્વતી, દત્તાત્રેય તથા વેદ વ્યાસજીનું પૂજન કર્યા બાદ સર્વે અધ્યાપકશ્રીઓ તથા વહીવટી કર્મચારીઓનું પુષ્પગુચ્છોથી સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓએ ગુરુપૂર્ણિમાના માહાત્મ્યને લગતાં વક્તવ્યો, સ્તુતિગાન તથા અભિનય રજૂ કર્યા હતાં. ગુરુપૂર્ણિમા ઉજવણી કમિટીના ઇન્ચાર્જ પ્રો. ડૉ. યોગિની વ્યાસે વૈદિક સાહિત્યમાં પ્રચલિત ગુરુ-શિષ્ય પરંપરા વિશે ઉદ્‌બોધન કરી શિવતાંડવ નૃત્યનું ગાન રજૂ કર્યું હતું.

* સૂરજબા મહિલા બી.એડ્ કૉલેજ, કડીમાં તા. ૧૨/૦૭/૨૦૧૪ના રોજ ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવવામાં આવ્યો, જેમાં તાલીમાર્થી બહેનોએ ગુરુ-શિષ્ય સંબંધ પર નાટક, અભિનય ગીત, ભજન, દુહા ગાન તથા વક્તવ્યો આપ્યાં હતાં. આ પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારી સંગીતાબહેન તથા પ્રા. રમણભાઈ પટેલ તેમ જ ભગિની સંસ્થાઓના પ્રિન્સિપાલશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

* વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૧/૦૭/૧૪ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. તાલીમાર્થીઓએ ગુરુના મહત્ત્વ વિશે તથા પ્રવર્તમાન સમયમાં પ્રાચીન ગુરુના જેવું મહત્ત્વ કેવી રીત. જાળવી શકાય તેના વિશે વિચારો વ્યક્ત કર્યા હતા, તેમ જ ગુરુની વિશેષતાને ધ્યાનમાં લઈને ભજન, ધૂન, સુવિચાર વગેરે વિશે રજૂઆત કરી હતી.

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૪/૭/૧૪ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વિદ્યાર્થીઓને આદર્શ ગુરુઓ તથા સમાજજીવનમાં ગુરુના મહત્ત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી.

## પીએચ.ડી.

* કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**1. Chemistry**

1. Patel, Dineshbhai Somabhai : "Bioanalytical Assay Methods For Estimation of Drugs in Human Plasma by Liquid Chromatography Tandem Mass Spectrometry" / Subject : Chemistry / Guide : Dr. Mukesh C. Patel

**2. Computer Engineering**

2. Chhinkaniwala, Hitesh Rameshchandra : "Privacy Preserving Data Mining" / Subject : Computer

Engineering / Guide : Dr. Sanjay Garg

**3. Computer Science**

3. Kamani, Gautamkumar Jayantilal : "Task Assignment and Management in Scalable Disributed Web Server Systems" / Subject : Computer Science / Guide : Dr. N. N. Jani
4. Kaneria, Vaishali Vallabhbhai : "Modeling ICT Framework For E-Knowledge Based Healthcare Services" / Subject : Computer Science / Guide : Dr. N. N. Jani
5. Pandya Sohil, Dineshkumar : "Uncovering Knowledge Patterns Using Data Mining Techniques from Databases in an Indian University" / Subject : Computer Science / Guide : Dr. Paresh V. Virparia
6. Parmar, Ketan Bharatbhai : "Modeling Scalable High Prefomance Computing Prototype : A Distributed Approach" Subject : Computer Science / Guide : Dr. N. N. Jani

**4. Education**

7. Bhad, Varchasa Mohanbhai : "A Study of Perception of Primary School Teachers Towards Sarva Shiksha Abhiyan Misson (S. S. A. M.) with Respect to Some Variables" / Subject : Education / Guide : Dr. Pallavi P. Patel
8. Dave, Amishaben Anilkumar : "Effect of Strategic Instructional Programme for Developing Gujarati Reading Skill" / Subject : Education / Guide : Dr. Bhavik M. Shah
9. Patel, Pinakshiben Bhagavanbhai : "A Study of Refernces of Values of National Integration, International Understanding & Human Rights Included In Gujarati Texbooks at Secondary Level" / Subject : Education / Guide : Dr. Dineshchandra A Uchat
10. Vyas, Komal Shreyaskumar : "Construction and Standardization of a Competency - Based, Action-Oriented Test of Mathematics for the Students of Grade Five, Six and Seven" / Subject : Education / Guide : Dr. R. D. Mulia

**5. Electronics & Communication**

11. Suthar, Anilkumar Chandubhai : "Some Studies on Image Security Issues and Design of Real Time Hardware & Software Systems Models for Image Security" / Subject : Electronics & Communication / Guide : Dr. G. R. Kulkarni

**6. Gujarati**

12. Brahmbhatt, Niranjana Muljibhai : "ગુજરાતીમાં ઉદ્ધવસંદેશ કાવ્યો : એક અભ્યાસ" / Subject : Gujarati / Guide : Dr. Hasyada B. Pandya
13. Patel, Arvindbhai Babubhai : "બે નવલકથાકારો : એક અભ્યાસ (ડૉ. પ્રદીપ પંડ્યા અને ડૉ. કેશુભાઈ દેસાઈ)' / Subject : Gujarati / Guide : Dr. Pradip S. Joshi

**7. Hindi**

14. Parmar, Nishaba Dipsinh : "હરિશંકર પરસાઈ કા વ્યંગ – એક અધ્યયન" /

Subject : Hindi / Guide : Dr. Kirtikamal B. Vaghela

15. Patel Pankajkumar Dineshchandra : ''શરદ જોષી ઔર રવિન્દ્રનાથ ત્યાગી કા વ્યંગ્ય સાહિત્ય : એક અધ્યયન'' / Subject : Hindi / Guide : Dr. Kirtikamal B. Vaghela

**8. Management**

16. Parikh, Abhishek Kiritkumar : ''Exploring Efficient Market Hypothesis and Excess Returns: An Empirical Study Across Different Segments of Indian Equity Market'' / Subject : / Guide : Dr. S. O. Junare
17. Patel, Frena Mukundbhai : ''Influence of Future Time Perspective, Finacial Knowldge and Financial Risk Tolerance on Retirement Saving Behavior of Private Sector Employees: A Case of Gujarat State'' / Subject : Managemant / Guide : Dr. S. O. Junare
18. Patel, Samveg Arvindkumar : ''The Price of Gold and Stock Market: Empiricial Evidence from India'' / Subject : Managemant / Guide : Dr. M. Mallikarjun
19. Sharma, Jitendra Kailashbhai : ''Determining Factors for Increasing Trust of People in E-Transactions' / Subject : Managemant / Guide : Dr. Chinnam Reddy
20. Singh, Pallavi : ''Online Marketing of Financial Services and Products'' / Subject : Managemant / Guide : Dr. Hemant C. Trivedi

**9. Mathematics**

21. Patel, Kamlesh Ambaram : ''Development of Inventory Models Under Uncertain Enviroment'' / Subject : Mathematics / Guide : Dr. Hardik Soni

**10. Physical Education**

22. Joshi, Jayaben Babulal : ''A Study on Problems of Female Physical Education Teachers of Colleges in Gujarat'' / Subject : Physical Education / Guide : Dr. B. D. Vanar.

## પ્રવેશોત્સવ

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો આવકારોત્સવ તા. ૧૬/૦૬/૨૦૧૪ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે સંસ્થાની ઉજ્જ્વળ પરંપરાઓ અને ઉદ્દેશો વિશે તથા ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલે સ્ટાફનો પરિચય આપી કૉલેજના સ્માર્ટવર્ક વિશેની માહિતી આપી હતી.

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં એફ.વાય.બી.કોમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટેનો આવકારોત્સવ તા. ૧૮/૭/૧૪ના રોજ યોજવામાં આવ્યો હતો, જેમાં કૉલેજના ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને કૉલેજના નીતિ-નિયમો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, N.S.S., N.C.C., શૈક્ષણિક પ્રવૃત્તિઓ વગેરે સંબંધી વિગતે માહિતી આપવામાં આવી હતી.

* બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા તા. ૨૩ જુલાઈ, ૨૦૧૪ના રોજ નાથીબા કૉલેજના ઓડિટોરિયમમાં સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓને આવકારવાના સમારોહનું

આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ટાઇમ મેનેજમેન્ટ, ઇવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, સોફ્ટ સ્કિલ ડેવલપમેન્ટ, પ્રેઝન્ટેશન ઍન્ડ લાઇવ પ્રોજેકશન વિશે સમજૂતી આપવા ઉપરાંત ગીત, નૃત્ય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

## રોજગારલક્ષી કાર્યશિબિર

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧થી ૧૦ જુલાઈ, ૨૦૧૪ દરમિયાનમાં M.Com.ના વિદ્યાર્થીઓ માટે રોજગારલક્ષી કૌશલ્ય વિકાસ અંગેનો કાર્યશિબિર યોજવામાં આવ્યો, જેમાં શ્રી ધૃતિ પંડ્યા અને શ્રી ચારુદત્ત રાઘવન દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં વાતચીત કરવા, સંચાલનલક્ષી કળા – કૌશલ્યો વિકસાવવા માટે તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત કૉલેજના રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઈફેક્ટીવ પબ્લિક સ્પિકિંગ વર્કશોપનું તા. ૧૪/૭/૧૪ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

## રોપા વિતરણ

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા તા. ૨૮/૦૭/૧૪ના રોજ ડૉ. જિજ્ઞાસાબહેન જોશીના માર્ગદર્શન હેઠળ ૨૦૦૦ જેટલા રોપાઓનું વિતરણ બી.એડ. અને એમ.એડ. કૉલેજના તાલીમાર્થીઓ તેમ જ અધ્યાપકો દ્વારા સેક્ટર-૨૨, ૨૩, ૨૮ અને ૨૯માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ડૉ. કુસુમબહેન યાદવ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિદાય સમારંભ

* સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરમાં છેલ્લા વર્ષ બી.એસસી. તથા પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તારીખ ૨૬/૦૭/૨૦૧૪ના રોજ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં નાટકો તથા રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર શ્રી ડૉ. આર. જે. વ્યાસે તથા પ્રિન્સિપાલ શ્રી રવિનાબહેન ક્રિશ્ચયને વિદ્યાર્થીઓને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે આશીર્વાદ આપ્યા હતા, તેમ જ સ્મૃતિચિહ્નો અર્પણ કર્યાં હતાં.

## વ્યાખ્યાન

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૬/૭/૧૪ના બૅન્કિંગ સંબંધી અનેકવિધ પાસાંઓ જેમ કે ઈ-બૅન્કિંગ, ક્લિયરિંગ હાઉસ સિસ્ટમ, રિઝર્વ બૅંકની ક્લિયરિંગ ઍન્ડ સેટલમેન્ટ સિસ્ટમ તથા બૅન્કિંગ વ્યવહારોમાં મોબાઈલના ઉપયોગ સંદર્ભે બૅંક ઑફ બરોડાના સિનિયર મેનેજર શ્રી વિકાસ ચાવડાના વ્યાખ્યાનનું તથા જીવન વીમા સંબંધી બહુઆયામી માહિતી માટે શ્રી કિંજલ તલાટીના વ્યાખ્યાનનું તા. ૨૨/૭/૧૪ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

## સમરકેમ્પ-૨૦૧૪

* આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગર દ્વારા આયોજિત 'સમરકેમ્પ-૨૦૧૪'નો સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૩૦/૫/૨૦૧૪ના રોજ સંસ્થાના શેઠશ્રી ખીમજી વિશરામ ઍન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં શાસ્ત્રીય ગાયન, વાદન, કથક, ભરતનાટ્યમ, ફોક ડાન્સ, વેસ્ટર્ન સોંગ્સ, વેસ્ટર્ન ડાન્સ, કરાટે, સ્કેટીંગ અને યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કે. જી.થી પીજી સુધીના ૧૫૦ તાલીમાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાનો તરીકે ડૉ. સોમભાઈ સી. પટેલ (કેમ્પસ ડાયરેક્ટર) અને ડૉ. વીણાબહેન પટેલ (ડીન, ફેકલ્ટી ઑફ એજ્યુકેશન) ઉપસ્થિત રહ્યાં હતાં. એકેડેમીનાં સંચાલિકા દીનાબહેન ડોડિયાએ એકેડેમીની વિવિધ પ્રવૃત્તિઓની પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો. મહેમાનશ્રીઓના હસ્તે શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## સોલોસોંગ સ્પર્ધા

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ, ગાંધીનગરમાં તા. ૨૮/૦૬/ ૧૪ના રોજ તાલીમાર્થીઓને ગીત અને સંગીતનું મહત્ત્વ સમજાય તે હેતુથી સોલોસોંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## એન. સી. સી.

* તા. ૨૪ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી એન. સી.સી. ૧.ગુજરાત ગર્લ્સ બટાલિયન ખાતે ૧૦ દિવસના C.A.T.C કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિની કુમારી પલક જોશી, ઝાલા અનિલા, પરમાર આરતી, પંડ્યા અર્ચના, તથા પરમાર પાયલે ડીબેટ, નિબંધ લેખન, પરેડ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ તથા બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. અભિનંદન.

## પ્રવેશોત્સવ

* સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત K.C.G દ્વારા તા. ૦૪/૦૮/ ૧૪ ના રોજ પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં K.C.G ના પ્રોગામ ઓફિસર જ્યોતિ જૈન, પ્રિ. ડૉ. જે. કે પટેલ, વી. આર. કૉલેજ ઑફ કોમર્સ, મહેસાણાના ડૉ. કે. જી. પટેલ (એમ. એન. કૉલેજ, વિસનગર) તેમ જ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં મહેમાનશ્રીઓનું પ્રિ. ડૉ. બાબુભાઈ આર. પટેલ દ્વારા સ્વાગત અને પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રા. જગદીશભાઈ પટેલ દ્વારા કૉલેજનો ટૂંકમાં પરિચય અને પ્રેઝન્ટેશન બાદ સપ્તદારાગાન અને K.C.G Initiative ફિલ્મ બતાવવામાં આવી તેમ જ આમંત્રિત મહેમાનો દ્વારા તાલીમાર્થીઓનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જે. કે. પટેલ દ્વારા તાલીમાર્થીઓને સપ્તધારા પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સંકલ્પ કરાવવામાં આવ્યો હતો.

## મહિલા સશકિતકરણ

* ગુજરાત સરકારના મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના આદેશાનુસાર 'ચાલો કૉલેજ અભિયાન' અંતર્ગત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજમાં આચાર્યશ્રી ડૉ. અમૃતા પી. પટેલની પ્રેરણા તથા સમગ્ર સ્ટાફના સહકારથી વિદ્યાર્થીલક્ષી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૪ થી ઑગસ્ટે જ્ઞાનધારા અંતર્ગત ગ્રંથપાલ સુશ્રી મયુરીબેન પટેલે પુસ્તક પ્રદર્શન તથા વેચાણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્દ્ઘાટન ગવર્મેન્ટ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી એસ. જી. દેસાઈના વરદ્હસ્તો કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યા લાઇબ્રેરીના ચેરમેન શ્રી પ્રદીપસિંહ વાઘેલા તથા કે. સી. જી. ના સભ્યોની વિશિષ્ટ રહી હતી. તા. ૫ મી ઑગસ્ટે સામુદાયિક સેવા ધારા N.S.S તથા C.W.D.C ના સંયુકત ઉપક્રમે પ્રા. ભારતીબહેન દલવાડી તથા પ્રા. ફાલ્ગુનીબહેન પટેલે બેટી બચાવો રેલી, કેમ્પસ સફાઈ, વર્ગ સુશોભન તથા સી.આઈ.ડી ક્રાઈમબ્રાંચ, ગાંધીનગરની મહિલા પોલીસ શાખાના સહયોગથી મહિલા સુરક્ષા અંગે C.D શો તથા વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૬ ઑગસ્ટના રોજ સર્જનાત્મક અભિવ્યક્તિધારા અને કલા-કૌશલ્ય ધારાના ઉપક્રમે ડૉ. બિંદુબેન ભટ્ટ તથા પ્રા. પાયલબહેન પંડ્યાએ ગ્રંથગોષ્ઠી, રાખડી બનાવવાની તથા મહેંદી મૂકવાની હરીફાઈનું આયોજન કર્યું હતું. ગ્રંથગોષ્ઠીમાં ડૉ. ભારતી રાવલે શેક્સપિયરના નાટક 'રોમિયો એન્ડ જુલિયટ' તથા ડૉ. જયમલ રંગીયાએ ઝવેરચંદ મેઘાણીની વાર્તા 'ભૂત રુવે ભેંકાર' નો આસ્વાદ કરાવ્યો હતો. તા. ૯ ઑગસ્ટે ઉજવણીના સમાપન પ્રસંગે ગીત-સંગીત ધારાના ઉપક્રમે પ્રા. ફાલ્ગુનીબહેન પટેલે નૃત્ય તથા ગીતસંગીત કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# શાળા વિભાગ

## ગુરુપૂર્ણિમા

* તા. ૧૨/૭/૧૪ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શીવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભજન, ધુન, નાટક વગેરે જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા ગુરુપૂજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી રાજકુમાર વર્માએ જીવનમાં ગુરુનું મહત્ત્વ સમજાવ્યું હતું.

* શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૨/૭/ ૨૦૧૪ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી

હતી. વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ગુરુ–શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે શાળામાં ફૂલછડી મેકીંગ સ્પર્ધામાં ધોરણ ૬થી ૮ના ૧૦૫ અને નિબંધલેખન સ્પર્ધામાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## ટોય હાઉસ

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના કેમ્પસમાં 'શ્રીમતી મંગળાબહેન ઈશ્વરભાઈ પટેલ (ઊંટવાવાળા) ટોય હાઉસ' નિર્માણ કરવામાં આવતાં તેનું ઉદ્‌ઘાટન દાતાશ્રી ઈશ્વરભાઈ એમ. પટેલના વરદ્‌હસ્તે તા. ૨૧ જૂન, ૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ તથા ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, મંત્રી શ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. બાબુભાઈ પટેલ, અન્ય પદાધિકારીશ્રીઓ, ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ, દાતાશ્રીઓ, સભ્યશ્રીઓ, સમગ્ર કર્મચારી પરિવાર, વાલીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ટોય હાઉસના કન્વીનરશ્રી ડૉ. બાબુભાઈ પટેલે મેઘના નિરંજન શિશુ વિહાર તેમ જ ભાઉપુરા બાલમંદિર પરિવાર તેમ જ બાળકલાકારોને રંગબેરંગી અને કલાત્મક વેશભૂષામાં સુસજ્જ કરીને તેમના દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાવ્યો હતો. અદ્યતન ટેક્નોલૉજીના વિનિયોગથી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી નિર્મિત આ ટોય હાઉસ ખરા અર્થમાં નયનાભિરમ્ય, કલાત્મક અને દર્શનીય છે.

## પર્યાવરણદિન

* એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં શાળામાં પર્યાવરણ દિન નિમિત્તે સ્લોગન સ્પર્ધા, ફેન્સી ડ્રેસ સ્પર્ધા, વર્ગ સુશોભન, ક્વીઝ સ્પર્ધા, કેમલ રાઇડીંગ, મારી સર્જનાત્મક પ્રવૃત્તિ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમજ નગરમાં ૩૦૦ જેટલા રોપાઓનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત વિધાનસભા સમિતિના હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે અધ્યાપિકા શ્રીમતી રૂપાબહેન મજમુદાર, આચાર્યા મિલિસિંહ સાથે કેપ્ટન અને વાઈસ કેપ્ટન તેમ જ વિધાનસભા સમિતિના હોદ્દેદારોને 'બેઝ' પહેરાવી પદોન્નિત કર્યા હતા.

## પ્રવેશોત્સવ

* મૃદુલાબહેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર ધો. ૧ની બાલિકાઓના પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૮ની વિદ્યાર્થિનીઓએ ભાતિગળ વસ્ત્રોમાં સુસજ્જ થઈ માથે કળશ તથા શ્રીફળ લઈ બાલિકાઓને આવકારી હતી. આ નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમ જ બાલિકાઓને ટોય હાઉસમાં બાળ ફિલ્મ બતાવવામાં આવી હતી.

* શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં નવાં દાખલ થયેલાં ધોરણ-૧નાં બાળકોના પ્રવેશોત્સવનું આયોજન શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના આચાર્ય શ્રી બચુભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. 'વિદ્યા અમારી શક્તિ છે વિદ્યા અમારી ભક્તિ છે વિદ્યા અમારી સંપત્તિ છે' 'દરેક બાળકને ભણાવો', 'આવો પ્રવેશોત્સવ મનાવીએ' – વગેરે જેવા નારાઓ વચ્ચે અને ભારે હર્ષોલ્લાસ સાથે દરેક બાળકે મા સરસ્વતીને વંદનસહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ કર્યો હતો.

* એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં નવા સત્રની શરૂઆતમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી દરમિયાન ધો. ૧૦ અને ૧૨માં શ્રેષ્ઠ પરિણામવાળા વિદ્યાર્થીઓનું અને અન્ય શાળાના રેન્કર વિદ્યાર્થીઓને આ શાળામાં પ્રવેશ મેળવવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. ધો. ૧૦ની પરીક્ષામાં ગાંધીનગર જિલ્લામાં સાતમા ક્રમે મીત શર્મા આવેલ છે. અભિનંદન.

* તા. ૧૨/૬/૧૪ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ શાળા, કડીમાં પ્રવેશોત્સવનું આયોજન કરવામાં


આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ તથા ડૉ. મણિભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને મહાનુભાવોએ નવા દાખલ થયેલ વિદ્યાર્થીઓને આવકારી પ્રેરક પ્રવચન કર્યું હતું. શાળાના આચાર્યશ્રી રાજકુમાર વર્માએ પણ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

* તા. ૨૧/૬/૨૦૧૪ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરમાં ગાયત્રી પરિવાર, ગાંધીનગરનાં વરિષ્ઠ કાર્યકર્તા શ્રીમતી જશુબહેન ઠક્કર તથા શ્રી ભોગીભાઈ ઠક્કરની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ધોરણ-૯ની વિદ્યાર્થિનીઓનો પ્રવેશોત્સવ અને આવકારોત્સવ યોજાઈ ગયો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ. એન. બારડ તથા કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહીને તેમ જ આચાર્યા સુધાબહેન પટેલે વિદ્યાર્થિનીઓને જીવન ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શ્રી ભોગીભાઈ ઠક્કરે પોતાના ટૂંકા પ્રવચનમાં વિદ્યાર્થિનીઓની આધ્યાત્મિક, માનસિક અને શારીરિક પ્રગતિ થાય તેવું માર્ગદર્શન આપ્યું હતું. ધો. ૯ની વિદ્યાર્થિનીઓએ પણ આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ, સ્વચ્છતા, શિસ્ત, વિવેક વગેરેને લગતાં ગૌરવગીત ગાન, દેશભક્તિ ગીત, તથા બેટી બચાવો નાટક રજૂ કર્યાં હતાં. વાલીગણની ઉપસ્થિતિમાં ધોરણ ૯ના દરેક વર્ગની ત્રણ વિદ્યાર્થિનીઓ તેમ જ નવો પ્રવેશ મેળવેલ પ્રથમ પાંચ વિદ્યાર્થિનીઓનું શ્રી ડી. ઈ. ઓ. સાહેબના હસ્તે પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થિનીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

* તા. ૫/૭/૨૦૧૪ના રોજ શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં ધોરણ-૧૧માં પ્રવેશ લેનાર ૩૪૦ વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવની ઉજવણી શ્રી બ્રહ્માણી કૃપા હૉલ ખાતે મુખ્ય મહેમાનશ્રી એસ. એલ. બારડ (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર)ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. પ્રારંભમાં આચાર્યશ્રી બી. કે. પટેલે આવકાર પ્રવચન આપ્યું અને પ્રવેશોત્સવનો હેતુ સમજાવ્યો હતો. શ્રી અરુણાબહેને વિદ્યાર્થીઓને શાળાકીય વાર્ષિક આયોજન અને અભ્યાસક્રમ અંગે તથા શિસ્ત અને નિયમો અંગેનાં સૂચનો શ્રી નટુભાઈ લાડાણીએ કર્યાં. શ્રી વી. એમ. પટેલે શાળાના ઉજ્જ્વળ પરિણામોથી માહિતગાર કર્યા અને તેની પ્રાપ્તિ માટેના રસ્તાઓ તથા વિદ્યાર્થીઓએ પોતાનું લક્ષ્ય નક્કી કરી તેની પ્રાપ્તિ કઈ રીતે કરવી તે સંબંધી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ઉત્કૃષ્ટ પરિણામ લાવનાર ટૉપ ટેન વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દી માટે સખત મહેનત કરી ઉત્તમ સિદ્ધિ હાંસલ કરવા અને ઉત્તમ નાગરિક બનવા શીખ આપી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી આશાબહેન પટેલે કર્યું હતું. આ ઉપરાંત ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ તા. ૧૯/૦૬/૨૦૧૪ના રોજ ગાયત્રી શક્તિપીઠના શ્રી બી. એસ. ઠક્કર, શ્રીમતી જશુબહેન ઠક્કર અને શ્રીમતી ભારતીબહેન એચ. પટેલ, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અનિલકુમાર રામજીભાઈ રાણાવાસિયા (I.A.S.)ના સાંનિધ્યમાં ઉજવવામાં આવ્યો હતો. શ્રી અનિલકુમારે આ શાળામાંથી પ્રેરણા લઈ ઉચ્ચ સ્થાને પહોંચ્યા તે સંબંધી માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ગાયત્રી પરિવારના સભ્યોએ ગાયત્રીમંત્રનું મહત્ત્વ, યોગનું મહત્ત્વ અને સરસ્વતી માતાની કૃપાની વિદ્યાર્થીઓને ભારપૂર્વક સમજ આપી હતી. આ પ્રસંગે સરકારશ્રી તરફથી અપાયેલ પુસ્તકોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૪, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૪, સળંગ અંક ૨૨**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯**

# રાણીની વાવની શિલ્પસમૃદ્ધિ





**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** **News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 4, Issue No. 4 July-August, 2014**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



રાણીની વાવ, પાટણ

